CC0. In Public Domain, Digitizagtion by eGangotri

# શ્રીરવુભાબાપુને શ્રદ્ધાંજલિ

સંધ્યા ઠાકોર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧.૩

# શ્રીરવુભાબાપુને શ્રદ્ધાંજલિ

સંધ્યા ઠાકોર

: પ્રકાશક :

સંધ્યા ઠાકોર – પરિવાર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીરવુભાબાપુને શ્રદ્ધાંજલિ

© સંધ્યા ઠાકોર

પ્રથમ આવૃત્તિ : એપ્રિલ, ૨૦૦૧

પ્રત : ૧૦૦૦.

પ્રકાશક :

સંધ્યા ઠાકોર - પરિવાર
૪૫/૨૬૫, વિજયનગર,
ગુજરાત હાઉસિંગ બોર્ડ કોલોની,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

મુદ્રક :

કંપોઝિંગ :
કે. ભીખાલાલ ભાવસાર
રામકૃષ્ણ કોમ્પ્યુટર્સ
૩, વિજય હાઉસ, પાર્થ ટાવર,
પુરુષોત્તમનગર બસસ્ટેન્ડ પાસે,
નવાવાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩.

પ્રિન્ટિંગ :
ગીતા પ્રિન્ટર્સ
૬૬, અમૃત ઇન્ડસ્ટ્રિઅલ એસ્ટેટ,
દૂધેશ્વર પાણીની ટાંકી પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

30/11/2000

## ભગતને ભાવાંજલી

સન્ત ચરિત્ર પરમ પવિત્ર હોય છે. સન્તોના દરસપરસથી પાવન થવાના અવસરો ભાગ્યશાળી વ્યક્તિને જ મળતા હોય છે. બકરાણાના શ્રી. રવુભા બાપૂની સ્નેહગંગા ચિ. સન્ધ્યા ઠાકોરને ભીંજવતી રહી. જે રીતે બાપુએ સન્ધ્યાનું ઘડતર કર્યું, તેનો આછો આલેખ આ પુસ્તિકામાં જોવા મળે છે!

સહજ સરળ શૈલીમાં સન્ધ્યાએ શબ્દચિત્રો આલેખ્યાં છે. આપણે આશા કરીએ કે પ્રભુસમર્પિત જીવન જીવવાનો લ્હાવો સન્ધ્યાને મળશે. પ્રમાદ રહિત જીવનચર્યાની ઉપલબ્ધિ થશે.

પ્રગાઢ સ્નેહસાથે

વિમલ આશિષ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વ્હાલાં બાપુને પ્રણામપૂર્વક...

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

# નિવેદન

જ્યારે માએ (શ્રીવિમલાતાઈએ) લખવા માટે સૂચન કર્યું ત્યારે સંકોચ હતો કે આટલી અંગત વાતો કેવી રીતે લખાશે ? એને જાહેર કરવાનો શું અર્થ ? લખવા માટે પેન ઊપડતી નહોતી અને લખવાનું શરૂ કર્યું ત્યારે મન અને પેનની સંવાદિતા સધાતી નહોતી. આ નિમિત્તે ફરી બાપુમાં ખોવાઈ જતી. પ્રસંગોને સંકલિત કરવાનો પ્રયાસ કર્યો છે પણ ક્રમબદ્ધતા જળવાઈ નથી. પહેલાં બનેલા પ્રસંગો પછી લખાયા છે, પછી બનેલા પહેલાં લખાયા છે. ગુજરાતી માતૃભાષા હોવા છતાં નથી ભાષાશુદ્ધિ કે નથી વ્યાકરણનું જ્ઞાન. છતાં જેંણે પ્રેરણા આપી એણે જ સડસડાટ આટલું બધું લખાવી લીધું.

બહેન ભગવતીએ અત્યાર સુધી ઘણાં પુસ્તકોનું પ્રકાશન કર્યું છે. આ પુસ્તક એના માટે કસોટીરૂપ બનશે. પુસ્તક તૈયાર કરતાં એને સારી એવી મહેનત કરવી પડશે.

પરિશિષ્ટ–સામગ્રી તથા આ પુસ્તકમાં પ્રકાશિત બાપુની તસ્વીરો પૈકી બે તસ્વીરો લોકસાહિત્યકાર શ્રીજોરાવરસિંહ જાદવે અંગત સંગ્રહમાંથી ઉમળકાભેર ઉપલબ્ધ કરાવી છે. અને એ રીતે બાપુના વ્યક્તિત્વની એક વધુ ઝલક અત્રે સાંપડી છે. તેની આ તકે સાનંદ કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

રામનવમી, ૨-૪-૨૦૦૧ — સંધ્યા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

# અનુક્રમણિકા


| ક્રમાંક | પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|---|
| | ભગતને ભાવાંજલિ | |
| | નિવેદન | |
| ૧. | પરિવાર વચ્ચે બાપુની પધરામણી | ૧-૬ |
| ૨. | પુણ્યોદયનો પદરવ | ૭-૨૮ |
| ૩. | જીવનમંગલનો દૂજો અવસર | ૨૯-૩૪ |
| ૪. | બાપુની સ્નેહવર્ષા | ૩૫-૫૨ |
| ૫. | સત્સંગપ્રેમીઓ વચ્ચે બાપુ | ૫૩-૬૦ |
| ૬. | મેલમિલાપમાંથી લાધેલું ભાથું | ૬૧-૭૩ |
| ૭. | બાપુએ કરાવેલું રામાયણનું રસપાન | ૭૪-૭૫ |
| ૮. | આશીર્વાદાર્થે આગમન | ૭૬-૭૮ |
| ૯. | મનોમંથન | ૭૯-૮૨ |
| | પરિશિષ્ટ | ૧-૧૪ |


Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

# પરિવાર વચ્ચે બાપુની પધરામણી

સૌ પ્રથમ પૂજ્ય બાપુ પધાર્યાં મુગટરામ મહારાજ સાથે. (અમે બધા ભાઈ-બહેનો મમ્મીને 'મોટીબહેન' અને પપ્પાને 'મોટાભાઈ' કહી સંબોધીએ છીએ.) સૌ પ્રથમ મોટાભાઈ બાપુના એચ. કે. હૉલના કાર્યક્રમ પછી બકરાણા ગયા હતા અને ઘેર આવવાનું આમંત્રણ આપેલું જેથી બાપુની પધરામણી થઈ મણિનગર રહેતાં મુગટરામ મહારાજ સાથે !

ઘરમાં મોટીબહેને સરસ રસોઈ કરી, નવી નવી વાનગી બનાવી. અમે ઘરઆંગણે સાથિયા પૂર્યા હતા. બાપુની પધરામણી થઈ એટલે ફૂલહારથી સ્વાગત કર્યું. ઘરમાં બધાંને આનંદ આનંદ ! બધાં ખુશખુશાલ ! નાનીબહેને બાપુને ચાંદલો કરી પૂજા કરી. વારાફરતી બધાંએ પ્રણામ કર્યાં. મોટાભાઈ ફોટોગ્રાફરને બોલાવી લાવેલા. બાપુના એકલા, મોટાભાઈ અને ભાઈ સાથે, નાનીબહેનના પૂજન કરતા અને બાપુ સાથે સપરિવાર- એમ ઘણા બધા ફોટા લીધા. બાપુ મને નજીક આવવાનું કહે પણ સંધ્યા જાય નહીં. વળી બાપુ કહે, ''અહીં આવ. મારે તને હાર પહેરાવવો છે.'' સંધ્યાને મનમાં થાય - ''અરે ! તુ સંસારી-પાપી જીવ !'' પાર વગરનો સંકોચ થાય. એ તો જાણે કે કોકડું જ વળી ગઈ ! મોટાભાઈ હાથ ઝાલીને બાપુ પાસે લઈ ગયા. પછી બાપુએ સંધ્યાને હાર પહેરાવ્યો અને ફોટો લીધો.

ઘણાં લાંબા સમય પછી ખ્યાલ આવ્યો કે બાપુ મારા મનની બધી વાતો જાણી લેતાં. દરેક વખતે કાંઈ જોગાનુજોગ ન હોઈ શકે. બાપુ કહેતાં, 'કેવું સંસ્કારી અને ખાનદાન કુટુમ્બ છે ! રજનીભાઈ મળવા આવેલા. તે કહેતાં કે મારી એક બેબી વિમલાતાઈ પાસે જાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



છે. એટલે મને થયું કે આવા પવિત્ર આત્માને મળવા જવું જોઈએ તેથી સંધ્યા બેબીને મળવા આવ્યો છું.'' પછી તો મોટાભાઈ-મોટીબહેન સાથે, પીયૂષભાઈ સાથે, બહેનો જોડે, ફોઈ-દાદીમા અને કાકાના દીકરા સાથે બકરાણા બાપુ પાસે જવાનું થતું. મોટાભાઈ અને મોટીબહેન પણ ક્યારેક જતાં. પૂજ્ય બાપુ પણ અવારનવાર ઘેર પધારતાં.

વ્હાલા બાપુએ અમારા પરિવારના દરેક સભ્યોને અનરાધાર વાત્સલ્યથી નવડાવી દીધા છે. બધાનાં એ શુભચિંતક ! એમની છત્રછાયા હેઠળ નિરાંત અને હાશ અનુભવી છે. એમણે આપવામાં પાછું વાળીને જોયું નથી. હા, અમારી પાત્રતા ઓછી હોય અથવા શ્રદ્ધા અને નિષ્ઠાનો અભાવ હોય એ જુદી વાત છે. બાકી બાપુ એ બાપુ જ છે અમારા પરિવાર માટે !

મોટાભાઈ બાપુને પગે લાગે તો ના પાડતાં. બાપુ કહેતાં - ''શું કામ પગે લાગો છે ? તમને શેની ખોટ છે ? હાથ જોડો એટલે બસ.'' અને એમને ભેટતાં. મોટાભાઈએ પહેલે દિવસે જ બાપુને કહેલું કે તમારી યાદ રહે એટલે કોઈ નિયમ આપો. બાપુએ જમતી વખતે બોલવાનું નહીં એવો નિયમ આપેલો જે મોટાભાઈએ દેહ છૂટ્યો ત્યાં સુધી પાળ્યો.

પીયૂષભાઈ એકવાર બાપુને કહે - ''આપ મારા ગુરુ. મને મંત્ર આપો.'' બાપુએ જવાબ આપ્યો- ''આપણે જે મંત્ર કરતાં હોઈએ એ જ આપણો ગુરુ ! બીજું કુણ(કોણ) હોય ? અમારા કુટુમ્બના ગુરુ પધારેલા તે મેં જ ઈમને કહેલું કે મને રામજી પર શ્રદ્ધા છે. મને રામનો જ મંત્ર આપો. આપણને જે સ્વરૂપ ગમે ઈનું નામ લેવું, જાપ કરવા.''

બીજી કોઈવાર પીયૂષભાઈ બાપુને એસ.ટી. સ્ટેન્ડે મૂકવા ગયેલા. રસ્તામાં એક ભિખારી મળ્યો, કહે - ''ભગવાન તમને બાળ-બચ્ચાં આપે, તમારું જીવન સુખી થાય.'' બાપુ કહે કે પીયૂષભાઈ એમને પૈસા આપો, તમારે કામનું છે, ખપ લાગશે. એવી રીતે પીયૂષભાઈ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



પાસે દાન કરાવેલું. પીયૂષભાઈનું પહેલું લગ્નજીવન બાર મહિના પણ ન ટક્યું, છૂટાછેડા થઈ ગયેલા. બીજી વારના લગ્નને પણ ઘણો સમય પસાર થઈ ગયો હતો. એમને કોઈ સંતાન નહીં. હજુ સુધી પારણું નહીં બંધાયેલું. એકવાર બાપુ ઘેર પધાર્યાં હતાં ત્યારે પીયૂષભાઈ બાપુને કહે – "હર્ષિદા (પીયૂષભાઈનાં પત્ની) હંમેશા ફરિયાદ કરે છે કે ભગવાન મારું સાંભળતા નથી." બાપુએ જવાબ આપ્યો– "ઈ તો મોટા માણસ. ઈમને સાંભળતા વાર વાગે પણ આપણે તો કહેવું, વહેલું–મોડું તો સાંભળે જ તે !" પછી સંધ્યાને પૂછે – "તારું ભગવાન સાંભળે છે કે નહીં ?" સંધ્યાએ જવાબ આપ્યો – "હા, સાંભળે છે, બરાબર સાંભળે છે." બાપુ કહે – "બસ, ત્યારે પત્યું !" એ પછી બાર મહિના પહેલાં જ પીયૂષભાઈને ત્યાં બેબી જન્મી– લક્ષ્મી પધાર્યાં. સુંદર અને તંદુરસ્ત. 'હેતા' નામ પાડ્યું. હર્ષિદાને જન્મથી જ હૃદય ડાબી બાજુને બદલે જમણી બાજુ અને હૃદયમાં કાણું, છતાં પ્રભુકૃપાએ કોઈ વિઘ્ન નડ્યું નહીં અને બધું હેમખેમ પાર ઊતર્યું.

લીનાના લગ્ન થયાં અને એને એવા નાના ગામડામાં જીવવાનું આવ્યું કે ત્યાં પ્રાથમિક જરૂરિયાતની પણ સગવડો નહીં. શહેરની અને ત્યાંની રહેણીકરણીમાં આભ–જમીનનું અંતર. રડી રડીને દિવસો પસાર કરે, ક્યાંય ગોઠે નહીં. મોટીબહેનને કહે – "તારા સંસ્કારે જીવી જઉં છું." પછીથી લીનાની મોટી દીકરી ઋચાના જન્મ વખતે ઘેર રહેવા આવેલી એ વખતે બાપુ પધાર્યાં. લીનાએ દીકરી ઋચાને બાપુ પાસે મૂકી. બાપુએ આશીર્વાદ આપ્યા અને કહ્યું – "મા–બાપ કરતાં હુશિયાર થવાની છે તારી દીકરી." એ વખતે લીનાએ બાપુને પ્રાર્થના કરી – "ગામડામાં ગમતું નથી. મને શહેરમાં લાવો." બાપુએ જવાબ આપ્યો – "પાંચ વર્ષ ખમી જા." બનેવી રાજેન્દ્રએ બધે અરજી કરવા માંડી, એ માટે લીના થોડો સમય અમદાવાદ વિજયનગર પણ રહી. અને ગામડાની સ્કૂલની નોકરી મૂકી, કેમ કે, સાવરકુંડલા સ્કૂલમાં નોકરી મળી ગઈ. ઋચાના પાંચમા જન્મદિવસે તેઓ સાવરકુંડલા ગયેલા. જ્યારે પણ લીના આ પ્રસંગ કહે ત્યારે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



એનું હૈયું ભરાઈ આવે. અત્યારે તેઓ સાવરકુંડલા સ્થાયી થયા છે. લીના કહેતી હોય કે મને બાપુમાં પાકો વિશ્વાસ. મારું કામ થશે જ. અને બાપુએ કર્યું પણ ખરું. લીના બોલી ઊઠેલી- ''મને ખાત્રી હતી. બાપુ કોનાં ? મારાં જ !''

અમે પાંચ ભાઈ-બહેનો. પીયૂષભાઈ મોટા, પછી સંધ્યા અને મારાથી નાની વીણા. વીણા પછી બે જોડિયા બહેનો લીના અને નીના, જેને અમે લાડમાં 'નાનકી-મોટી' કહીએ છીએ. આમાંની નીના લગ્ન બાદ આણંદમાં સ્થાયી થઈ છે. એના પહેલા દીકરાનો જન્મ થયો. 'ઋષિ' નામ પાડ્યું. એ બે-ત્રણ મહિનાનો થયો પણ નાનકી ચપટી વગાડે તો સામે જુએ નહીં. એ ગભરાઈ અને બકરાણા બાપુને પત્ર લખ્યો કે મારો દીકરો બહેરો-બોબડો તો નહીં થાય ને ? બાપુ, આશીર્વાદ આપો કે એ સાંભળતો થાય. આમ દરેક જણ પોતાના સારા-માઠા પ્રસંગે બાપુને પોકાર કર્યા વગર ન રહે. લગ્નને થોડો સમય પસાર થયો અને બનેવી વિજયકુમારને 'હિસ્ટીરિયા' આવવા માંડ્યો. બાપુએ આ જાણ્યું એટલે તેઓ વિજયનગર પધાર્યાં ત્યારે વિજય પણ આવેલા. તો બાપુએ કહ્યું - ''આપણે એનો ઉપાય કરીએ. એક માંજેલા ગ્લાસમાં ચોખ્ખું પાણી ભરીને લાવો.'' પછી બાપુ હાથમાં ગ્લાસ લઈ આંખો બંધ કરી બેસી ગયાં. થોડીવાર પછી વિજયને પાણી આપી કહ્યું - ''બધું પી જાવ. શ્રદ્ધા રાખજો. દરદ મટી જશે.''

બકરાણાના ઘરે એમનું ઘેઘૂર વડલા જેવું વ્યક્તિત્વ. એમની છત્રછાયા હેઠળ બધાં આનંદ અને જલસાથી જીવે. વિજયનગરના ઘરે પણ નાના-મોટા પ્રસંગે એમની સલાહ લેવાય, દરેકને મનનું સમાધાન પણ થઈ જાય. મોટાભાઈનું અવસાન થયા પછી ઘણો સમય એમને મળવાનું થયું નહીં. ઉપરાઉપરી ત્રણ તીવ્ર હાર્ટઍટેકમાં મોટા ભાઈ જતા રહ્યા ! આ આઘાત ઘરમાં બધાને એવો લાગ્યો કે ઘર ભેંકાર જેવું લાગે ! આવનારનેય સ્મશાનવત્ શાંતિ લાગે. કોઈ સહજતા નહીં આવેલી. ત્યારે અચાનક એક દિવસ બાપુ ઘેર પધાર્યાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



અને કહેવા લાગ્યાં – "બધા શું કરો છો ? મને ભૂલી ગયા કે શું ? હજી હું બેઠો છું !" આમ અમને બાપનું છત્ર ગયું એવું લાગવા દીધું નથી.

બાપુના હૂંફાળા સ્નેહછત્રને માણતો સંધ્યા-પરિવાર

પીયૂષભાઈના પહેલાં લગ્નના છૂટાછેડા માટે કાનપુર કોર્ટમાં કેસ ચાલે. તદ્દન ખોટા આક્ષેપો કરેલા. મોટીબહેન સૂકાઈને લાકડું થઈ ગયેલી. મોટીબહેન બાપુને બધી વાત કરે અને પૂછે. બાપુ જવાબ દે, "જજસાહેબને કહેવું કે ઈ હામલ્યા પક્ષના જી કહે ને ઈ હંધુંય હાચું. લપ છૂટે." આમ છ માસમાં છૂટાછેડા થઈ ગયા. વીણાના લગ્ન માટેય બાપુ કહેતાં કે 'હા–ના' કર્યા વગર તને જે 'હા' કહે ઈની હાર્યે પરણી જજે, સુખી થઈશ. આ મારો ગુરુમંત્ર જાણજે. પણ વીણાનું મન માન્યું નહીં અને પછી ઉંમર થઈ જતાં આખરે લગ્ન નહીં કરવાનો નિર્ણય લીધો. પીયૂષભાઈના બીજા લગ્ન માટે પણ બાપુ પીયૂષભાઈને કહેતાં – "ચામડું નહીં જોવાનું. ઠીક લાગે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



એટલે પાટે બેસી જા.'' ફ્લેટમાં વરંડો વધાર્યો. 'સ્ટે' ઓર્ડર આવ્યો. બાપુએ જાણ્યું એટલે કહે કે કશું થવાનું નથી. મોટીબહેન બાપુને વાત કરતી કે મને સંધ્યા, વીણાના પૈસા વપરાય છે એનું દુઃખ રહે છે. મારે દીકરીઓના પૈસા વાપરવાના ? બાપુ કહે કે એવું દુઃખ નહીં લગાડવાનું. તેઓ એકલા રહે તો ખર્ચ થાય કે નહીં ? થોડા પૈસા જરૂર લેવાના. એમાં કાંઈ ખોટું નથી. આમ મોટીબહેનના મનનું સમાધાન કરતા.

❖ ❖ ❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

# પુણ્યોદયનો પદરવ

સંધ્યા પહેલવહેલી બકરાણા ગઈ મોટાભાઈ, પીયૂષભાઈ અને રમેશભાઈ પટેલ સાંથે. એ દિવસે બાપુએ સાણંદના ઠાકોરબાપુને આમંત્રણ આપી એમની બકરાણા પધરામણી કરાવી હતી. બકરાણા ઘણાં મહેમાન હતા. એ દિવસોમાં અત્યારે છે એટલી બસો પણ બકરાણા જતી નહોતી. સવારની તો એક પણ બસ નહીં. એટલે સાણંદ સુધી બસમાં ગયા. ત્યાંથી એટલે કે સાણંદથી ઝોલાપુર દૂધના ટેમ્પામાં ગયા. ઝોલાપુરથી ચાલતા બકરાણા પહોંચ્યા. ચાલીને જવાનો સહેજે થાક પણ ન વરતાયો. લીલાછમ ખેતરોની પાસેથી પંખીના કલરવ જોતાં-સાંભળતાં ગામ ક્યાં આવી ગયું એની ખબર જ ન પડી ! બકરાણા ગામમાં વીજળી ઘણી મોડી આવી. રાત્રે ખુલ્લા આકાશ નીચે તારામઢ્યા ચંદરવા નીચે સૂવાની મઝા જ અનોખી હતી ! ખાટલામાં પડ્યા પડ્યા તારલાના ઝૂમખાં ને લૂમખાં જોઈ અધધધ થઈ જતું ! નાના ને મોટા, તેજસ્વી ને ઝાંખા ! સાંજ પડ્યે ઠંડો પવન વાય. ચારેબાજુ કાળું ધબ્બ ! અંધારામાં દીવો કે ફાનસ લઈને ફરવું પડે. જમવાનું મોડું થાય તો પણ ફાનસ કે દીવાના અજવાળે જમવાનું. શિયાળા સિવાય બહાર ખુલ્લામાં સૂવાનો એક પણ મોકો સંધ્યાએ જતો નથી કર્યો.

બાપુને ખબર પડી કે અમારે ચાલતા આવવાનું થયું છે, તો બાપુ કહે કે તમો ફાવી ગયા. જાત્રાએ જવાનું થાય ત્યારે એ મુશ્કેલી ન પડવા દે ! આ તો તમારે એક એક પગલે યજ્ઞનું ફળ મળ્યું છે. મહેમાનગતિ તો બાપુની ! બિસ્કિટ, શરબત, ચા-પાણી ફરતા જ હોય. શહેરના માણસને ખ્યાલમાં રાખીને નાસ્તાની વ્યવસ્થા કરે. એક એક બાબતમાં એમની નજર હોય. બાપુનો પડતો બોલ ઝીલાય. ઘડીકમાં અહીં દોડે તો ઘડીકમાં ત્યાં- એવું એમનું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



વ્યક્તિત્વ! ઘરમાં નાના છોકરાથી માંડીને બાપુના મોટાભાઈના દીકરા કાળુભા પણ બધું બાપુને પૂછી પૂછીને કરે. ઘરમાં એમની ધાક પણ એવી કે બાપુ જે ચીજ માંગે તે તરત જ હાજર થઈ જવી જોઈએ.

બાપુને બકરાણા પહેલીવાર મળવા ગઈ ત્યારે કોઈ સદ્ગૃહસ્થ આવ્યા, ગાડીમાંથી ઊતર્યા કે તરત જ બાપુને હાર પહેરાવવા માંડ્યા. બાપુ કહે કે હમણાં રહેવા દ્યો, બધા આવે ને ભેગા થાય ત્યારે હાર પહેરાવજો. ભગતનો વટ પડે ને! બાપુ હંમેશાં કહેતાં કે મને 'ભગત' કહે તો ખૂબ આનંદ થાય. ઈ જ મારી હાચી ઓળખાણ! બધા મારી ગણિતશાસ્ત્રી તરીકે ઓળખાણ આપે છે પણ એ તો સેમ્પલ છે કે ધ્યાન કરો તો ધ્યાન કરવાથી આવું થઈ શકે છે. સ્કૂલ-કૉલેજમાં પ્રોગ્રામ આપવા માટે જાઉં ત્યારે વિદ્યાર્થીઓને ખાસ આ વાત કહું કે ધ્યાનથી ભણવું જોઈએ.

આ ઉંમરે પણ બાપુ દોડધામ કરે, પગ વાળીને બેઠેલા જોયા નથી. અઠવાડિયે ત્રણથી ચાર દિવસ અમદાવાદ આવવાનું થતું. એક દિવસ મોટાભાઈ બાપુને કહે - "બાપુ, કોઈને સાથે લઈને બહારગામ નીકળતા હો તો?" બાપુ જવાબ આપે - "ક્યાંય હું એકલો જતો જ નથી. એકલો હું છું જ નહીં!" એનો અર્થ એવો થાય કે બાપુની સાથે હંમેશાં ભગવાન હોય છે.

સંધ્યાને વાતો કરતાં ન આવડે પણ લખીને પોતાની જાતને વ્યક્ત કરવામાં પાવરધી, એમાં વાંધો ન આવે. મનમાં વિચારોની રમઝટ ચાલતી હોય. પ્રભુને કેવી રીતે મળાય તેની ખબર નહીં પણ એની સાથે લડવા-ઝગડવાનું બન્યા કરે. "પત્ર-મંજૂષા" નોટ બનાવી પ્રભુને લખ્યા કરતી. ગાયત્રીમંત્રના જાપ કરતી ત્યારે એમનો ફોટો લઈ બારણાં બંધ કરી એમની સાથે લાંબી લાંબી વાતો કર્યા કરે. પૂજા-પાઠ, આરતી-દીવા કરવા તરફનું વલણ નહીં. મંદિરે જવાનો કોઈ ઉમળકો નહીં. એ વાતાવરણ ગમે, કરનાર વ્યક્તિ માટે પણ અણગમો નહીં, પણ જાતે જવા-કરવાનું બને નહીં. ક્યારેક દર્શન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



માટે જવાનું થાય પણ ખરું, પણ એ તરફની દોટ ન હોય. ભગવાન સાથે લડવા-ઝગડવાનું બન્યા કરે. એના વગર પણ ક્યાંય ગમે નહીં તેમ જ એનું નામ લેવું પણ ન ગમે- એવું સંધ્યાનું બેવડું વ્યક્તિત્વ. એને હંમેશ એવું થયા કરે કે કંઈ-કેટલાય જન્મોનાં પાપ આડાં આવે છે એટલે ભગવાનનું નામ લેવું ગમતું નથી. સંધ્યા પાપી આત્મા છે - એમ કરી રહ્યા કરે. પ્રભુને કહેતી- ''હું તો તને ભૂલી જઈશ પણ તું મને ન ભૂલીશ.'' તને કેવી રીતે જોઈ શકું ? સાંભળી શકું ? - એવું થયા કરે. બસમાં બેસીને બહાર જવાનું થાય અને મકાન બંધાતા જોઉં તો થાય કે પ્રભુ ! આ નિર્જીવને પણ આટલા ટેકા જોઈએ છે અને સંધ્યાને નહીં ? તું ક્યારે આવશે સંધ્યા પાસે ? મોટીબહેન, ઘરે-ઘરે, મંદિરે-મંદિરે, અરે ! આખી દુનિયા તને મગજનો ભોગ ધરાવે છે, છતાંય તું ભૂખ્યો, પણ આ સંધ્યાના મગજનો તું સ્વીકાર કર ત્યારે તું સાચો ! મન-બુદ્ધિ બેય તોફાની, બગડેલાં બાળકો જેવાં છે. ક્યાંય ઠરીઠામ-સ્થિર થઈને જીવતાં જ નથી ને !

બાપુ ગમે ત્યારે, ગમે તેટલા દિવસો પછી કેમ ઘરે ન પધાર્યાં હોય પણ બાપુ આવે ને... એટલે એમની પાસે એક્સ-રેનું મશીન હોય ને એમ ખૂણોખાંચરો બાકી રાખ્યા વગર સંધ્યાને જોઈ લીધી હોય ! મારા વિચારો, વ્યવહાર- કશું જ એમનાથી છાનું ન રહ્યું હોય. સંધ્યાને એનું ખૂબ આશ્ચર્ય થાય. બાપુ કેવી રીતે બધું જાણી લેતા હશે ! બધા ભેગા થઈ બેઠા હોય પણ સંધ્યાથી જે જિવાયું હોય એને અનુલક્ષીને જ વાતો થતી હોય. દા. ત., એક દિવસ બાપુ પધાર્યાં ત્યારે સંધ્યા નિયમિત પ્રાણાયામ કરતી અને ગાયત્રીમંત્ર કરતી. વાતમાં ને વાતમાં બાપુ કહેવા લાગ્યાં, ''તું પ્રાણાયામ કર ને તો ગાયત્રીમંત્ર સાથે કર. નિયમિત કરીશ તો શરીર ઊતરશે. હું પણ પ્રાણાયામ એવી જ રીતે કરતો. કુંભક કરતા પવન અંદર દબાવજે. સત્ત્વગુણ વધશે.

બાપુની હાજરીમાં સંધ્યાએ ક્યારેય ઊંડું દુઃખ નથી અનુભવ્યું. રોજિંદા જીવનમાં ઘરના-ઑફિસના પ્રશ્નો મારી પર સવાર થઈ જતા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



હોય પણ જ્યાં એમની પાસે જવાનું થાય કે બધા જ પ્રશ્નો વામણા લાગે, એવી મૂંઝવણો તુચ્છ અને છીછરી લાગે. આમ ઘણાં વર્ષો પછી સંધ્યા બાપુને પ્રશ્નો પૂછતી થઈ, દિલની વાતો કરતી થઈ. અમારાં બાપુ શક્તિશાળી અને સમર્થ છે એવું અનુભવાયું અને પછી તો મારાં બાપુ, મારાં બાપુ- એમ થયા કરતું અને જેને 'મારાં બાપુ- મારાં બાપુ' ગણતી થઈ એનું બીજું સ્વરૂપ પણ જોવા મળ્યું કે બાપુ બધાયનાં થઈને કોઈનાંય નથી. એવાં મારાં બાપુ પર બધાને અનહદ પ્રેમ ! બાપુ બોલતાં હોય એના કરતાં એમનું જીવન ઘણું બોલકું રહ્યું છે. એમનો વ્યવહાર, ઊઠવું, બેસવું - બધું અર્થપૂર્ણ હોય, કશુંય અમથું અમથું ન હોય. બાપુ જેટલો ને જેવો જવાબ આપવાનો હોય એટલો જ જવાબ આપે, રતીભાર વધારે-ઓછો કે આઘોપાછો ન હોય. એમને જે કહેવું હોય એ જ કહે.

બાપુ ઘેર પધારે ત્યારે નરસિંહ મહેતા, મુચુકુંદ રાજા, મીરાંબાઈ, ગોરાકુંભાર – એમ સંતો-ભક્તોની વાતો કરે. ક્યારેક રાત્રિના બે-ત્રણ પણ વાગી જાય. પણ કોઈને ઊઠવાનું મન ન થાય. વાતો એવી કરે કે હસી હસીને પેટમાં દુઃખી જાય ! બેવળ વળી જવાય ! એમાંથી સાચી ભક્તિનું જ્ઞાન પણ લાધે.

સંધ્યાને ઓફિસથી છૂટી સાંજે ઘેર આવતાં લાલ દરવાજા બે (એ.એમ.ટી.એસ.) બસ વચ્ચે આવી જતાં અકસ્માત થયેલો. બંને હાંસડીઓમાં ફ્રેક્ચર. પૂરો દોઢ મહિનો ઘરે રહેવું પડેલું. બંને હાથ બાંધી દીધેલા. કોઈ ખવડાવે ત્યારે ખવાય અને કોઈ નવડાવે ત્યારે સ્નાન થઈ શકે. ડ્રાઈવરની ભૂલને લીધે આ અકસ્માત થયેલો. મોટાભાઈનો મિજાજ એવો ગયો કે સંધ્યાને વકીલ પાસે લઈ જઈ કેસ કરેલો. મોટાભાઈનો ગુસ્સો એવો ને કે કુટુમ્બમાં અને દાદા-દાદી પણ મોટાભાઈનું નામ ન લે. ખોટું જરાય સહન કરે નહીં અને અન્યાય થયો હોય તો અવાજ ઉઠાવ્યા વગર રહે નહીં. બધાને મોટાભાઈ પર વિશ્વાસ - ઘર, કુટુમ્બ કે ઓળખીતા-પાળખીતા અથવા ઓફિસના માણસો - કોઈપણ હોય, બધાને વિશ્વાસ કે રજનીભાઈનો ગુસ્સો નિસ્વાર્થી, કોઈનું નુકસાન ન કરે. બધાને માટે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



ઘસાઈ છૂટે. કોઈને પણ મદદરૂપ થવા તત્પર. પોતાની પાસે પૈસા હોય તો કોઈને ના પાડતા જોયા નથી. અરે ! ક્યારેક તો ક્રેડિટ સોસાયટીમાંથી ઉછીના લઈને પણ આપ્યા છે. મોટાભાઈ ઑલ ઇન્ડિયા લેવલે યુનિયનના પ્રેસિડેન્ટ. સ્ટાફના હિત માટે મેનેજમેન્ટ સાથે લડી લે; હાથ પછાડીને વાત કરે. પરિણામ જે આવવાનું હોય તે આવે. નિગોશિએશન વખતે બરાબર હંફાવે. કહેવાનું હોય તે બધું કહીને બહાર નીકળી જાય. કોઈને લાભ થતો હોય તો સ્પષ્ટ જણાવી દે – આવી આવી વિગતો છે, ખોટું છે પણ તમારે સહી કરવાની છે, જડ રીતે કાયદાને પકડી ન રખાય. મેનેજમેન્ટને વાત ગળે ઊતરે, સમજીને સહી કરે, કામની પતાવટ થાય. આવો ખુરાંટ, તેજ સ્વભાવ, પણ જ્યારે બાપુ ઘરે પધાર્યાં અને જાણ્યું કે વાત વકીલ સુધી પહોંચી છે, કેસ કરવાનો છે, ત્યારે બાપુએ કહ્યું કે રજનીભાઈ, આપણે કેસ નથી કરવો. ખરાબ કર્મોની ટૂંકમાં ઝટ પતાવટ થાય છે. બસ, એ પછી કેસ કરવાની માંડવાળ થઈ. ઘરમાં આ મુદ્દો ક્યારેય ચર્ચાયો નથી. ઘણાં સલાહ આપવા આવે કે મ્યુનિસિપાલિટી સારું વળતર આપશે, વકીલ ફી તો કેસ જીત્યા પછી મળેલી રકમના અમુક ટકાની ગણતરીએ આપવાની હોય છે વગેરે વગેરે, પણ મોટાભાઈ ટૂંકમાં 'ના' કહી દે કે અમારે કશું કરવું નથી.

મોટાભાઈનું શરીર છૂટી ગયા પછી બાપુ આવતાં ત્યારે જ્ઞાન-ભક્તિની વાતો કરી ઘરનું વાતાવરણ જ બદલી નાખતાં.

''કૃષ્ણ કરે એ ઠીક કરે છે. સોચ ધરે શીદ ને પ્રાણી ?'' આ ભજનની એક એક કડી વિસ્તારથી સમજાવતાં. બાપુ કહે – ''મરણનું તો વળી રડવાનું હોય ? જગતમાં બધું પરિવર્તનશીલ છે. કશાનો નાશ નથી.'' જે લાકડાની ખાટ પર બેઠા છીએ એની–બીજથી વૃક્ષ, લાકડું અને ખાટ – એમ આખી પ્રક્રિયા, યાત્રા સમજાવતાં. ખાટ તૂટીને બળતાં ભસ્મ અને ભસ્મ માટીમાં ભળી જવાની વાત કરતાં. એવી જ ગતિ ફળ અને ફૂલની, મૂળમાં પાછા ફરી ભળી જવાની. બાપુ કહેતાં, ''મરણ પછી જે રડે છે તે પોતાના સ્વાર્થને રડે છે, બાકી તો ઋણાનુબંધે ભેગા થવાય અને છૂટા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



પડાય.'' પોતાનો ઝભ્ભો બતાવી કહેતાં- ''આ જૂનો થાય તો બદલીને નવો નથી પહેરતાં ? બસ, એમ જ મરણ પણ જૂનાં, ફાટી ગયેલાં વસ્ત્ર બદલી નવાં વસ્ત્ર પહેરવા જેવું છે. મરણનું દુ:ખ ના હોય. ફરી ફરી જન્મવાની અને મરવાની વાત્યું ખોટી છે.''

સંધ્યા બકરાણા જાય ત્યારે કે બાપુ પધારે ત્યારે ભજનની ડાયરી લઈને બેસે અને ભજનો ગાય. ભજન ગવાય ત્યારે બાપુ આંખો બંધ કરીને સાંભળે. બાપુના એ સ્વરૂપને જોવું એ પણ જિંદગીનો એક અમૂલ્ય લહાવો છે ! બાપુ સત્સંગની વાતો કરે ત્યારે અવાજ ભીનો-ભીનો, આંખ અને મોં લાલ, જાણે સવારના સૂર્યોદયનું કંકુ એમનામાં પ્રગટ થયું ! આખા ભજનમાંથી એકાદ શબ્દ પકડે અને બોલે, પણ એ ઘણુંબધું કહી દે. એક દિવસ કહે - ''જે ભજન ગમે એ પાક્કું આવડી જવું જોઈએ, નોટ-પેનની જરૂર ન પડે.'' બાપુ કહેતાં, ''ભજન લખનારે કઈ માનસિક સ્થિતિમાં ભજન રચ્યું હશે એનું ચિંતન કરવું, વિચાર કરવો.''

બાપુ પધારે ત્યારે આનંદ આનંદ ! સંધ્યા ખુશખુશાલ થઈ જતી, ભજન પણ એવાં ગાતી કે જેનો અર્થ થાય- રૂડો-રંગીલો સંતોનો સંગાથ છે પછી અમારે શાનાથી ડરવાનું ? શિર પર એમનો હાથ છે એટલે વળી નિરાંત પણ છે. અમારે રોજ ઊઠીને સોનાનું પ્રભાત છે વગેરે વગેરે. બાપુને લાંબા લાંબા પત્રો લખતી એમાં જણાવતી કે સંધ્યા અનાથ નથી, સનાથ છે. બાપુ બધી વાતો સંધ્યાને કરે. પછી બાપુ કહેતાં કે હું બહુ બોલ્યો, તું કાંઈક બોલ, હવે તારો વારો. પણ સંધ્યાને બોલતાં જ ન આવડે, બહુ ગભરાય, નીચું મોં રાખીને બેઠી હોય. બાપુ કહે કે તું દોરડામાં હરપ (સર્પ) ભાળી ગઈ છું, બીજું કાંઈ નથી. દુનિયાના લોકથી ડરવા જેવું છે શું તે આટલી ગભરુ થઈ ગઈ છે ? પછી તો સંધ્યા બાપુને કહેતી, ''બાપુ, એક વાત પૂછું ?'' બાપુ જવાબ આપે - ''એક નહીં એકવીસ પૂછને ! લે, આ બેઠો !'' - એમ કહી પલાંઠી વાળીને બેસી જાય.

આમ બાપુની સાથે વાતચીત કરતી, પ્રશ્ન પૂછતી થઈ, પણ લખીને જે ખુલ્લી થઈ શકતી તે મોઢામોઢ નો'તી થઈ શકતી. જ્યારે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



પણ બાપુને પત્ર લખતી ત્યારે ૮ થી ૧૦ પાનાં હોય જ. સંધ્યા એના લખેલા પત્રો ઘરમાં વાંચવા ન આપતી. એકવાર આવો લાંબોલચ પત્ર લખેલ. પત્ર પોસ્ટ થઈ ગયા પછી મોટીબહેને જાણ્યું એટલે કહે કે તારામાં અક્કલ ક્યારે આવશે ? બાપુને આંખે મોતિયો આવ્યો છે. એમને કેટલી તકલીફ પડશે એનો ખ્યાલ આવે છે ખરો ?

સંધ્યા : હવે શું કરું ? પત્ર તો પોસ્ટ કરી દીધો છે. રજામાં બાપુ પાસે જઈ આવું ?

મોટીબહેન : એમાં પૂછવાનું હોય વળી ? શનિ-રવિ જઈ આવ.

પછી તો સંધ્યા બકરાણા ગઈ. બાપુને બધી વાત કરી કે સંધ્યાની ભૂલ થઈ ગઈ છે. આપને પત્ર મળ્યો છે ? મળ્યો હોય તો આપો, વાંચી સંભળાવું.

બાપુએ હળવેથી ઓશીકા નીચેથી પત્ર કાઢી સંધ્યાના હાથમાં મૂક્યો અને કહેવા લાગ્યાં - ''બે વાર વાંચ્યો છે.'' પછી ખડખડાટ હસવા માંડ્યાં.

સંધ્યા : બાપુ, તમે ભગવાન જોયા છે ?''

બાપુ : હા... કાશીજોડા એમને'મ ફૂટ્યા છે ? એકધારો રંધો ફર્યો છે. જો આ માળાના મણકા કેવા લીસા થઈ ગયા છે ! જેમ તારી સાથે વાત કરું છું ને એવી રીતે એની સાથે પણ વાત કરું છું. ભગવાન છે તો હું છું ને તું છે.

સંધ્યાને અંદર એવું કંઈક થઈ ગયું ને ! બાપુ વારંવાર મોટેથી બોલતાં હોય - ''હે રામ ! હે કૃષ્ણ ! હે ગોવિંદ ! હે મુરારિ !''- એ શબ્દો હજી કાનમાં ગુંજ્યા કરે છે.

સંધ્યા : બાપુ ! સંધ્યા વાંદરીનું બચ્ચું નથી, એ તો બિલાડીનું બચ્ચું છે !

બાપુ : કાંઈ વાંધો નહીં. બિલાડીને ખબર પડે કે ઉંદરને કેમ પકડવો અને પોતાના બચ્ચાને કેમ પકડવું !

* * *

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



ભણતર પૂરું થયેલું અને નોકરીની શરૂઆત, પણ ક્યાંય ગમે નહીં. ન ઘરે રહેવું ગમે, ન ઓફિસે જવું. એમ થાય કે ક્યાંક જંગલમાં દૂર દૂર જતી રહું. એકાંતમાં જઈને રહેવાનું મન થાય. ફેશન કરવાનું દૂર પણ કોઈ વાતનો શોખ નહીં. સફેદ કપડાં પહેરવાં ગમે. મોટાભાઈ–મોટીબહેન સખત ચિડાય – 'કેવી ડોશી જેવી લાગે છે ! તારા કરતાં અમે સારી રીતે રહીએ છીએ.'' સંધ્યા પોતાની સૂઝ અને ગડમથલથી જીવે પણ એનો ભારોભાર અસંતોષ.

સંધ્યા બકરાણા જાય ત્યારે અથવા બાપુ ઘેર પધારે ત્યારે બાપુ વાતો કરતાં હોય કે હું તો અસલ ભગત છું, અસલ ! ભગતને માથે શિંગડાં થોડાં હોય છે ! આ સફેદ કપડાં પહેરીને ઘરમાં રહું છું એટલું જ. એ તો અમારા માજીના પરતાપે. બાકી તો ભગત છું ભગત ! હમણાં બહુ ડીંડવાણું હાલ્યું છે – સદ્‌ગુરુ ને બદ્‌ગુરુ ! સામેનો સદ્‌ગુરુ હોય તો આપણને લાભ થાય, નહીં તો આપણો લાભ એને મળે.

સંધ્યા : બાપુ, ઘરના લોકો મને સફેદ કપડાં નથી પહેરવા દેતા. કહે છે કે તારે સાધ્વી થવું છે ? દૂર દૂર જંગલમાં જતી રહું એવું થાય છે મને તો !

બાપુ : કેમ ? તારે વેશ કાઢવો છે ? હું અત્યાર સુધી રંગીન જ કપડાં પહેરતો. આ પાઘડી પણ રંગીન જ પહેરતો. અમારા માજી પાછા થયા (અવસાન પામ્યા) પછી સફેદ લૂગડું પહેરું છું.

બીજું, આપણે ચ્યાંય કન જવું નથી. પહેલાં મને ઈ વાત કર કે માણહુએ જંગલો ચ્યાં કન રહેવા દીધાં છે ? હંધેય તે સિમેન્ટનાં જંગલો છે સિમેન્ટનાં ! સાંભળ, સંસારીને ત્યાં– ગૃહસ્થીમાં જેટલા ભક્તો થયા છે ઈથીય અડધા સંન્યાસી બનેલામાં જોવા નહીં મળે. હાવ હાચી વાત કરું છું.

પછી તો બાપુએ ભક્તોની મોટી નામાવલિ સંભળાવી અને કહેવા લાગ્યાં – ''હવે માનીશ ને ? હું સાત વર્ષનો થયો ને ત્યારથી અત્યાર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



સુધી સત્સંગ જ કર્યો છે. બીજું કાંઈ કામ જ નથી કર્યું. આશ્રમ-મંદિર-મઠ - કશું જ બાકી નથી રાખ્યું. પણ બધે જ ઘમમૂઘમા ! બકરાણા નાનું અમથું ખોબા જેવું ગામ, પણ દૂર દૂરથી ઘણાં મહાત્માઓની પધરામણી થયેલી છે.''

સંધ્યા : મને નોકરી નથી ગમતી. મારે નોકરી કરવી જ નથી.

બાપુ : ચ્યમ નથી કરવી ? દાડિયે જાય છે ? મજૂરી કરવાની છે ? તારે વાંહોય ફેરવવાનો નથી. તું ૨૪ કલાકમાંથી ૧૬ કલાક ભજન કરવાની છું ? નોકરી તો કરવાની જ છે. એક દા'ડો રજા લેવાની નથી. જો ૫૮ ના ૬૦ વર્ષ નોકરીના થાય તો ૬૦ વર્ષની પૂરી નોકરી કરવાની. રજાઓનો પગાર લેવાનો.

સંધ્યા : (મનમાં) મારે રજાનો પગાર જોઈતો નથી અને રજા પણ નથી જોઈતી. પગાર પણ નથી જોઈતો. છો (ભલે) બધી રજાઓ ભેગી થતી.

અત્યારે બાપુના શબ્દો સાચા પડ્યા છે. સરકારે આ વર્ષે ૫૮ના ૬૦ વર્ષ નિવૃત્તિ-વયમર્યાદા કરી દીધી છે. મોટીબહેન એ દિવસોમાં કહેતી કે સંધ્યા, બાપુને તું વાત તો કર કે ૨૦ વર્ષે મરજિયાત નોકરી છોડી શકાય છે.

સંધ્યા : બાપુને તો બધી ખબર હોય. એમને રજાના પગારની કેવી જાણ છે ! ડેપ્યુટિ એન્જિનિયર થયેલા કાકા અથવા મામલતદાર સાથે બાપુને વાતો થઈ હોય, પછીથી તેઓ પણ જણાવતા કે દાદા પાસે ઘણી માહિતી છે, ખૂબ પાવરધા છે.

હવે સંધ્યા બાપુ સાથે સવાલ-જવાબ કરતી થઈ હતી.

સંધ્યા : બધાંને સ્વપ્ન આવે જ કે મને યાદ નથી રહેતાં ?

બાપુ : ના. તને સ્વપ્ન આવતાં જ નથી. તારી સ્વપ્ન વગરની ઊંઘ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



સંધ્યા : બધા ભક્તોને ભગવાન ઊંઘમાં દર્શન આપે, શું કરવું જોઈએ તેની વાતો કરે, તો વળી ભવિષ્યમાં શું થવાનું છે એની એંધાણી પણ આપે. મારા જીવનમાં કેમ એવું નથી બનતું ? રોજ રાત્રે સૂતી વખતે થાય કે આજે તો મને ચોક્કસ પ્રભુ મળવા આવશે, પણ એવું બનતું જ નથી ને !

બાપુ : તારે તો એક કૂદકે ગોલોક સર કરવું છે. પહેલાં એકડો, બગડો એમ નવ સુધી ઘૂંટવું પડે, પછી ગાડી સડસડાટ ચાલે.

પછી તો ૧૦ + ૧ = ૧૧, ૧૧ + ૨ = ૧૩ ... વગેરે.

ખૂબ ભજન કર. એવું ભજન કર કે આ દેહ જે સૌથી પ્રિય, પણ એનુંય તે ભાન નો રીયે, એવું ભજન કર.

તું બેંકમાં જાય તો તને કેટલા પૈસા મળે ? જે જમા કરાવ્યા હોય તેટલા જ મળે ને ? વધુ જોઈતા હોય તો વધારે કમાણી કરીને જમા કરાવવા પડે. એમ પ્રભુ-નામની વધુ કમાણી કર. જો મારા ગૂંજામાં (ખિસ્સામાં) કેવી માળા રાખું છું ! એમ તુંય માળા રાખ, નવરી પડે એટલે ફેરવ.

સંધ્યા : મને શરમ આવે છે. મનમાં પ્રભુનું નામ લઉં છું. (અંદર એવી ડહાપણની વાતો થાય કે આપણે ક્યાં દેખાડો કરવો છે ! ચાર જણનું 'ભગતડી થઈ ગઈ છે' એવું સાંભળવું પડે ને !)

બાપુ : પહેલાં તો ડોકમાં ઘણીબધી માળાયું પહેરતો. લોકો મને 'ભગત' કહેતા. હું બહુ ખુશ થાઉં. મારો મિજાજ જ એવો તીખો કે તું વાત કરવા બેઠી છે ને એમ કોઈ મારી પાસે આવીને વાત ન કરી શકે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



તમો બધા કેવી નોકરી કરો છો ! એમ મારી નોકરી ભજન કરવાની, રોજ રોજ માળા ફેરવવાની. એ તો જેને ભજનની કિંમત હોય ને ઈ જ તે ભજન કરી શકે ! તને ભૂખ ને તરસ લાગે છે ને, ઈમ મને પણ પ્રભુનામની ભૂખ, તરસ લાગે. થોડી થોડી વારે માળા ફેરવું એટલે ટાઢક થાય, તરસ છીપે. તુંય તે માળા ફેરવ.

સંધ્યા : મન કેવી રીતે સ્થિર થાય ?

બાપુ : હૃદયમાં તને ગમતા સ્વરૂપના પગના અંગૂઠે મનને લગાડ. મન આઘુંપાછું થાય એટલે પાછું વાળી લે અને ફરીથી મુગટથી શરૂ કરીને મનને પગના અંગૂઠા સુધી લઈ જઈ મન ત્યાં સ્થિર કર. આમ અભ્યાસ કરીશ એટલે મનનું ભટકવાનું ઓછું થઈ જશે.

સંધ્યા : અંદર તો કાળું ધબ્બ દેખાય છે.

બાપુ : છાપરાવાળા ઘરના કાણાંમાંથી સૂર્યપ્રકાશ પડતો હોય છે એને 'ચાંદરણું' કહેવાય. અભ્યાસ થાય ને એટલે પગના અંગૂઠે એવો પ્રકાશ દેખાય એ આત્માનો પ્રકાશ હોય.

ચામડાંની આંખોથી પ્રભુનાં દર્શન થાય નહીં. એને દિવ્ય ચક્ષુથી જોઈ શકાય, સાંભળી શકાય. રાત્રિના ૨ થી ૪ ધ્યાન માટે ઉત્તમ સમય. ચાર વાગ્યા પછી ભજન-કીર્તન- જે કરવું હોય તે કરાય. ઊંઘ ન આવે એટલે પાણીથી હાથ-પગ- મોં ધોઈને બેસી જવાનું. દીવો-અગરબત્તી-કશુંય કરવાની જરૂર નથી. સુખાસનમાં બેસવાનું. થાકી જવાય તો થોડી થોડી વારે પગ લાંબા કરી દેવાના. (બાપુ કેવી રીતે બેસવાનું એ કરી બતાવતા.) તું બે કલાક તો બેસતાં શીખ. હમણાં એટલું બસ છે.

૧૯૮૦માં દિવાળી વખતે બકરાણા પૂજ્ય બાપુને પ્રણામ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



કરવા ગઈ ત્યારે બાપુએ તુલસીકૃત રામાયણ સંધ્યાને ભેટ આપ્યું. પછી બાપુ સંધ્યાને વારંવાર પૂછતાં - ''તું રામાયણ વાંચે છે ખરી ?''

સંધ્યા : વાંચું છું પણ હિન્દી, પ્રાકૃત અને સંસ્કૃત શબ્દોનો ઉપયોગ વધુ તેથી સમજ નથી પડતી, નથી આવડતું.

બાપુ : વાંચ ને ! વાંચીશ એટલે આસ્તે આસ્તે આપમેળે બધી સમજણ પડવા માંડશે. નીચે ટીકા લખી હોય છે. એની સાથે વાંચવાનું રાખ.

સંધ્યા પૂજ્ય વિમલાતાઈને ''મા'' કહે છે. ૧૯૯૧ની સાલમાં ''મા''એ સંધ્યાને વર્ષે એક મહિનો આબુ આવી એમની સાથે રહેવા જણાવ્યું. ત્યારે સંધ્યાની રહેવા-જમવાની વ્યવસ્થા સજ્જનબા સાથે રહેતી. અમે એમને 'મોટાં બા' કહીએ છીએ. એમની સાથે રહીને રામાયણ વાંચતાં શીખી. અમો રોજ સવાર-સાંજ રામાયણનો પાઠ કરતા. પછી તો એકલી પણ માસ-પારાયણ અને નવ દિવસનું રામપારાયણ કરતી થઈ. પણ સાચું કહું તો રામાયણ વાંચવું ગમે છે, દર વખતે નવી નવી સમજણ પણ પડે છે, પણ એ મને જકડી રાખી નથી શકતું. ક્યારેક તો એટલાં બગાસાં આવે છે કે વાત જ ન પૂછો !

બાપુ એક વાર ઘરે પધાર્યાં ત્યારે ''શ્રીકૃષ્ણપ્રેમ''ની ચોપડી બતાવીને કહ્યું કે હમણાં આ વાંચું છું. બાપુ ક્યાંય સુધી શ્રીકૃષ્ણપ્રેમના ફોટાને જોઈ રહ્યાં. પછી કહે કે તારી પ્રકૃતિને અનુકૂળ છે.

સંધ્યા : આ ચોપડી મને એટલી બધી ગમે છે કે ૧૨ થી ૧૫ વાર વાંચી હશે. બધા વાંચવા લઈ જાય તે ફાટી ગઈ, તો બીજી નકલ વસાવી લીધી છે. 'પ્રેમલ'નાં બધાં પુસ્તકો ગમે છે, વાંચ્યાં છે.

સંધ્યા : ભોજનનો શોખ મને બહુ હેરાન કરે છે. નવું નવું બનાવવાનું, બધાને ખવડાવવાનું ગમે છે. ભાવતી ચીજ હોય તો વિવેક ન રહે. આખો દિ' ડોળો ખાવામાં જ રહે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



છે. એવું કરો ને કે ભોજનનો કાનો-માત્ર ઉડાડી દો ને ! તો જ એનાથી (સંધ્યાથી) કાંઈ થશે.

"મા" એકવાર કહેતાં હતાં કે જીભ એ સૂક્ષ્મમાં સૂક્ષ્મ ઇન્દ્રિય છે. સાધકને તે બે રીતે માર ખવડાવે છે. એક બોલવામાં અને બીજું સ્વાદમાં. જેનો જીભ પર કાબૂ આવ્યો એનો બેડો પાર થઈ ગયો સમજવો.

બાપુ : ઊણોદરીનું વ્રત લે. ૧૦ રોટલી જમતી હોય તો આઠ જમવાની. (હાથથી બતાવીને) બધો સ્વાદ ગળા સુધીનો છે. અંદર ગયા પછી કંઈ છે ?

સંધ્યા : ક્યાંય કશું ગમતું નથી. સાથે રહેતાં, જીવતાં વ્યક્તિના ગમા-અણગમા પ્રમાણે ખ્યાલ રાખી જિવાય છે. ખોટા પ્રવાહમાં તણાઈ જવાય છે. ક્યારેક તો એવું થઈ જાય કે એનાથી (સંધ્યાથી) ભક્તિ જીવી શકાય એમ નથી. જે જીવન જિવાય છે એનાથી સંતોષ નથી.

બાપુ : તારો આ અસંતોષ જ તારી પાસે સાચું જીવન જિવડાવી લેશે. બાકી તો જે જે ખાતાનો જીવ હોય ઈ એ જ ખાતામાં જાય, બીજે જાય જ નહીં. તું મારાથી પણ આગળ વધવાની છે. તારું ભોળપણ કાઢી નાખ. ભગતને અને ભોળપણને બાર ગાઉનું છેટું હોય ! ભગત ભોળો ન હોય, ઈ તો પાકો ઠગ હોય ! માયા આખા જગતને ઠગે. ઈ ઠગારી માયાને ભગત ઠગે ! કહે જોઉં, ઈ ભગત કાચો, પોચો અને ભોળો ક્યાંથી હોય ?

સંધ્યા : તીવ્ર વૈરાગ્ય વગર ભક્તિ ન થઈ શકે તો વૈરાગ્ય એટલે શું ?

બાપુ : પ્રેમ, પ્રભુ માટે પ્રેમ, બીજું કાંઈ નહીં.

સંધ્યા : વારંવાર અચાનક શરીર કંપી ઊઠે છે. રોમેરોમ, આખું અસ્તિત્વ રણઝણી ઊઠે છે એ શું છે ? આનંદિત થવાય છે ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



બાપુ : પ્રેમનો ઊભરો. તારા કોઈ પ્રયત્નથી થયું છે ?

સંધ્યા : જી ના.

બાપુ : જેવું આવ્યું છે, ઊઠ્યું છે એવું જતું રહેશે, શમી જશે.

સંધ્યા : બાપુ, તમારા વગર ગમતું નથી.

બાપુ : હું કોના માટે બોલું છું, ખબર પડે છે ? તને મળવા તો આવું છું !

સાચે જ ખરેખર એવું થાય કે જ્યારે બાપુને ખૂબ, ખૂબ જ યાદ કર્યાં હોય અથવા ક્યારેક તો બ્રહ્માંડની – આખી સૃષ્ટિ હચમચી જાય એવું આક્રંદ થયું હોય ત્યારે અક્કર-ચક્કરમાંથી બાપુ ઘરે પધાર્યાં હોય, રોકાય નહીં, મળીને જતાં રહે; બધાને કહે કે મળવાનો એવો છોલો ઊપડ્યો તો ને, તે આવી ગયો. પણ સંધ્યા જ જાણતી હોય કે બાપુ આજે કેમ પધાર્યાં છે ? એની અંદર જે મૂંઝવણો ઊઠી હોય એની એક એકની યાદ દેવડાવી ઉકેલ કહી જતાં રહે.

સંધ્યા : અમારો પ્રેમ ઓછો પડે છે ને એટલે તમો જતાં રહો છો. મને ક્યારેય ધરવ થતો નથી. આપણે ૫૦ વર્ષનું છેટું પડી ગયું છે. હવે પછી ક્યારેય જુદી નહીં રાખતા. તમારી નજીક, ભેગી ને ભેગી રાખજો. સાંભળ્યું ?

એ વેળા બાપુ બધું સાંભળી લે પણ કશો જ જવાબ ન આપે. જતી વખતે કહે – "હવે આવીશ ત્યારે રોકાઈશ. હમણાં ઘણાં કામ છે."

બાપુએ કહેલો એક પ્રસંગ યાદ આવે છે. બાપુ હંમેશાં નવરાં પડે ને એટલે માળા ફેરવવા માંડે, પછી ભલે એ ગમે ત્યાં હોય. બસમાં હોય કે કોર્ટમાં, કામ પતે એટલે માળા લઈ ફેરવતાં હોય. બકરાણાના ઘરે લગ્ન-પ્રસંગ હતો. માંડવે બધાં બેઠાં હતાં. વાતોચીતો થતી હતી એટલે કાયમની જેમ બાપુ માળા કાઢી પ્રભુસ્મરણ કરવા લાગ્યાં. ત્યાં વેવાઈ કહે- આવો ઢાલો ડોળ ન કરતા હો તો ! બધાંને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



બતાવવા માટે આમ કરો છો ? ઘરમાં એકલા હો ત્યારે ફેરવતા હો તો ? બાપુએ જવાબ આપ્યો કે ઈ તમને નો ખબર પડે.

બાપુ : સંધ્યા, માંડવે જો આ વેવાઈ ન હોત તો હરખી જોખી આપત.

સંધ્યા : બીજું કોઈ હોત તો શું જવાબ આપત ?

બાપુ : મારી પડખે અથવા આજુબાજુ માણસ હોય કે ઢોર, મને શું ફેર પડે ?

બાપુ ડાયરામાં બેઠાં બેઠાંય માળા ફેરવતાં હોય, અલકમલકની વાતો કરતાં હોય, છાપાં પણ વાંચે, બધાં સમાચાર જાણે. સાણંદના ઠાકોરબાપુ આવે ત્યારે જલસો હોય. બધા અફીણ પાય અને પીએ. કોઈ અજાણ્યાએ બધા સાથે બાપુને અફીણની કણી આપી. બાપુએ લઈ તો લીધી પણ પછી પાઘડીએ અડાડી બાજુમાં દઈ દીધી. બાપુ કહેતાં – ''ત્રણ પેઢીથી આ ઘર 'ભગત' તરીકે જાણીતું છે, પરમાટી, દારૂ – કોઈ ચીજ નહીં.''

બાપુ પોતાની બધી વાતો સંધ્યાને કરતાં. એમના એચ. કે. હૉલ-(અમદાવાદ)ના ગણિતના કાર્યક્રમ પછી અખબારોમાં, મેગેઝિનમાં બાપુ વિષે ઘણા લેખ લખાયા છે જેમાંનો એક આ પુસ્તકના અંતે પરિશિષ્ટ રૂપે આપેલ છે. પરદેશના ''બિલીવ ઈટ ઓર નોટ'' નામના મેગેઝિનમાં પણ દુનિયાની આઠમી અજાયબી તરીકે તેમનો ફોટો આવેલો. આ પછી તો શાળા-કૉલેજમાં પણ એમના ઘણાબધા કાર્યક્રમો થયા છે એટલે એનું વિગતે લખતી નથી.

મોટાભાઈ પાછા થયા (અવસાન પામ્યા) એનું દુઃખ અને સંધ્યાને એમ કે મોટીબહેનને મારા તરફથી વધુ દુઃખી નથી કરવી એટલે લગ્ન બાબતમાં, પીયૂષભાઈના કાનપુર લગ્ન નક્કી કર્યા તો એમના સસરાએ સામસામું લગ્ન ગોઠવવા માટે સંધ્યા માટે રજૂઆત કરી, માંગણી કરી. સંધ્યાએ મોટીબહેનને કહ્યું કે તને યોગ્ય લાગે તેમ કરજે. એને (સંધ્યાને) જ્યાં પણ પરણાવીશ ત્યાંથી કોઈ ફરિયાદ નહીં આવે એની ખાતરી રાખજે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



બાપુને મળવાનું થયું ત્યારે સંધ્યાએ વિગતે બધી વાત કરી અને જણાવ્યું કે ભક્તિ થઈ શકે તો ભલે સંધ્યાના લગ્ન ગમે ત્યાં થાય. પ્રભુ જે યોગ્ય હોય તે એની પાસે કરાવી લે, પણ સંસારમાં પડવાની એની ઇચ્છા નથી.

બાપુ : એક બહેન ખાંડણિયે ખાંડવા બેઠી. હાથમાં ચુડીઓ પહેરેલી. અવાજ ખૂબ થાય. એક એક કરતાં બધી કાઢી નાખી. છેલ્લે એક રહી એટલે "હાશ...નિરાંતે ખંડાયું !" એકલામાં જ મઝા !

બાપુની આ વાત પછી સંધ્યા પ્રભુને પ્રાર્થના કરતી રહી. અનાયાસે મોટીબહેનને જ યોગ્ય ન લાગ્યું અને વાત પડતી મુકાઈ. સંધ્યાને 'ના' કહેવાનો પ્રશ્ન જ ઊભો ન થયો.

* * *

સંધ્યા : અમારી ઑફિસમાં લાંચ-રુશવત ખૂબ. દરેક કામમાં પાર્ટી પાસે પૈસા લેવાતા હોય છે. એવું પણ બની શકે કે મારા ટેબલના કામ માટે મને ખબર પણ ન હોય અને બારોબાર લેવડદેવડનો વ્યવહાર-વહીવટ થઈ જાય.

બાપુ : ઈ કેમ હાલે ? આપણે જે કામ કરતાં હોઈએ ઈમાં સજાગ તો રહેવું પડે. નામ બદનામ થાય ઈ નો પરવડે. મારી પાસે કિરીટભાઈ કોન્ટ્રાક્ટર આવતા. બાંધકામની બાબતમાં ગાફેલ રહ્યા તે એમની પર કેસ માંડ્યો'તો. મને બધી વાત કરી. મેં કહ્યું- તમે નિર્દોષ હશો તો ખોટો આળ પુરવાર નહીં થાય, પણ હવે પછી ક્યારેય આવી ભૂલ ના કરતા.

સંધ્યા : (મનમાં) હે પ્રભુ ! ક્યારેય પૈસા લેતી નથી. બાર મહિને અપાતી ભેટ કે મીઠાઈના બોક્ષ પણ નથી જોઈતાં, પણ બાકીનું તારે સંભાળી લેવાનું કે એનું (સંધ્યાનું) નામ વગોવાય નહીં. બાકી પ્રભુ, સંધ્યાનું તો એવું ગજું નથી કે એને નામે કોઈ પૈસા ન લે એવી સતર્કતા રહે અથવા બધે 'ના' કહેતી ફરે.

* * *

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



બાપુ ઘરે પધારે ત્યારે ખૂબ હસાવે અને હસે, મોટીબહેનની સાથે વ્યવહારની વાતો પણ કરે. બાપુ કહેતાં – ''હું વ્યવહારમાં પણ હુશિયાર. પાંચ માણસ મને પૂછતું આવે. લાઠી એવી ચલાવતા આવડે કે દસને ભારે પડું. ગામમાં કોઈને અન્યાય થયો હોય તો એ ઝઘડાની પતાવટમાંય તે મને તેડું હોય. ૬૦ વર્ષની ઉંમર સુધી હું નિયમિત દંડબેઠક, કસરત કરતો. મનને જરાય નવરું ન પડવા દઉં. ઘરમાં ભત્રીજાના દીકરાઓ જુવાન થયા એટલે કહે કે તમો નિયમિત કસરત કરો અને અમો ન કરીએ તો ખોટું કહેવાય, હવે ન કરો. એ પછી કસરત કરવાનું મેં બંધ કર્યું. ત્યાં સુધી દંડબેઠક, વજન ઊંચકવાનું કરતો.''

આમ બાપુના મોઢે એમની વ્યવહાર-કુશળતાની વાતો સાંભળી ત્યારે સંધ્યાના ભગત વિષેના ચીલાચાલુ ખ્યાલ તૂટી ગયા.

બાપુ કહેતાં કે તારાના દર્શન કરી પછી સ્નાન કરતો. ટાઢ, તડકો કે વરસાદ હોય, પણ નીમમાં કોઈ ફેર ન થવા દેતો. તોફાની તરીકે જાણીતો ! બધાં છોકરાંને નિશાળે જતાં જોઈ મોટી ઉંમરે ભણવા ગયેલો. ચાર વર્ષનું ભણતર બે વર્ષમાં ભણી ઊતર્યો. મારા ગુરુજીનું નામ નાનાલાલ ભટ્ટ. એ પસાર થાય ને તો પણ 'સટ્' દઈને ઊભો થઈ જતો. એ હોય ત્યારે હંમેશાં હેઠો બેસતો. બાપુના ગુરુજીના દીકરા અમદાવાદમાં રહે. બાપુ એમને ત્યાં અવારનવાર જતાં. એમનું ઊંચા ઓટલાવાળું ઘર. સંધ્યા બાપુ સાથે એમને ત્યાં જઈ આવી છે. ગણિત એમનો રસનો વિષય. આંક તો એમણે 'રામઘડિયા' સુધી શીખી લીધા જે આજના ગણિત જાણનારા નામ પણ નહીં જાણતા હોય ! વર્ગ, ચતુર્ઘાત, જમીનમાપણી વગેરે વિદ્યા ગુરુજી પાસેથી શીખી લીધી. પછી બાપુ કાગળ-પેન વગર ગણતરી કરતાં. એમને દાખલો કરવા આપ્યો હોય તો એનો જવાબ તૈયાર કરે, સાથે માળાના મણકા કેટલા ફર્યા એ પણ કહી આપે અને જેને કરતાલ વગાડવા આપી હોય એ કરતાલ પણ કેટલી વાર વાગી એ પણ દાખલાના જવાબ સાથે તૈયાર હોય, 'પટ્' દઈ કહી દે !

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



બાપુના ૧૦૦ આંકડાને ૧૦૦ આંકડાના ગુણાકારના જવાબ વિષે અમેરિકાવાળાએ કહ્યું કે આ તો અમારું કૉમ્પ્યુટર પણ કરી શકે છે. બાપુએ પછી નવા ગણિતની શોધ કરી જે કૉમ્પ્યુટર પણ ન કરી શકે. સંધ્યાને કહેતાં કે આપણે બધા પત્રકારોને બોલાવી એનો પ્રોગ્રામ રાખીશું, પણ એવો અવસર પાર પડ્યો જ નહીં.

બાપુ કહેતાં કે શાળામાં એક જ ગુરુજી બધાય વિદ્યાર્થીને સાથે ભણાવે. બપોરે ગુરુજી અને છોકરાં બધાંય સૂઈ જાય. ત્યારથી આજ સુધી મને પણ જમ્યા પછી સૂવાની આદત પડી ગઈ છે. સ્કૂલમાં મારો હંમેશાં પહેલો નંબર જ હોય ! આગળ બેસવાનું હોય. બધા છોકરા એકબીજાને આંક પૂછે, જેને ન આવડે એને પાછળ બેસવાનો વારો આવે. હું તો એવા ઊંધા આંક પૂછું ને કે કોઈપણ અરે ! મોટા છોકરાં પણ જવાબ ન દઈ શકે. સૌથી પહેલાં મારે જ બેસવાનું હોય. આજે જે પાઠ શિખવાડે તે બીજા દિવસે તૈયાર જ હોય. આમ વહેલો ભણી ઊતર્યો. ગુરુજીએ કહી દીધું કે મને જે આવડતું હતું તે બધું તું શીખી ગયો છે. હવે મારી પાસે શિખવાડવાનું બીજું કંઈ બાકી રહ્યું નથી. આમ મારી નિશાળનું ભણતર પૂરું થયું. મારી ૧૪ વર્ષની ઉંમર હતી ને એક દિવસ જોયું તો ઘરમાં મહેમાન અને ખૂબ દોડધામ. પૂછતાં ખબર પડી કે મને પાટે બેસાડવાનો છે. જાણ્યું એટલે તરત જ ઘેરથી ભાગી ગયો. અમારા માજી બહુ હુશિયાર, સમજી ગયા કે જો પરણાવવાનો બહુ આગ્રહ કરીશું અથવા દબાણ કરીશું તો દીકરો હાથથી ગુમાવવાનો વારો આવશે. મને શાંતિથી બેસાડી પૂછ્યું– "તારે લગન નથી કરવા ?" મેં જવાબ આપ્યો કે મારે લગન નથી કરવા, ખૂબ ખૂબ ભજનભાવ અને ભક્તિ કરવા છે.

માજી કહે : "ભલે, તારા લગન નહીં કરીએ પણ મારી થોડી વાત તારે માનવી પડશે." મેં કહ્યું – "લગન સિવાયની તમારી બધી વાતો મને મંજૂર છે.

માજી : ભગવા લૂગડાં (કપડાં) પહેરીશ નહીં.

મેં કહ્યું – ક્યારેય નહીં પહેરું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



માજી : ઘરે ઘરે માંગીને તું જીવે ઈ મને નો ગમે. કોઈની પાંહે હાથ લાંબો નો કરીશ. તું દરબારનો દીકરો રહ્યો.

મેં કહ્યું – કોઈની પાસે હાથ લાંબો કરવાનું બાજુએ રહ્યું પણ કોઈ આપશે તો પણ નહીં લઉં. હવે નિરાંત ?

માજી : હા. એક છેલ્લી વાત. તું ક્યારેય ઘર ન છોડીશ.'

મેં કહ્યું કે ઘર નહીં છોડું.

માજીને એ પછી નિરાંત થઈ અને કહેવા લાગ્યા કે તારે જેમ જીવવું હોય એમ જીવજે. તને કોઈ કશું કહેશે નહીં.

બાપુ કહેતાં કે આટલાં વર્ષો થયાં, ત્રણેય નિયમો બરાબર પાળ્યા છે. સૌથી પહેલાં આ શરીર પર જનેતાનો હક્ક છે. ચામડીના જોડા સિવડાવીએ તોય ઓછા પડે ! માજીને આ શરીરને જ્યાં રાખવું હોય ત્યાં રાખે. શું ફેર પડે ? મનના ધણી આપણે હોઈએ એટલે બસ ! મન આપણા કહ્યામાં હોવું જોઈએ. ૧૪ વર્ષની ઉંમરે પાકું કરી લીધું કે આ જીવનમાં ખૂબ ખૂબ ભક્તિભાવ-ભજન કરવાં છે. ૨૮ વર્ષનો થયો ત્યાં સુધી એક પાઈ કમાયો નથી અને એક પાઈ વાપરી નથી. ખેતરે સાથીઓને ભાત દેવા જવાનું એ એક કામ કરતો. રોજ નિયમિત દેવ-સેવાપૂજા કરતો. સવારે રામાયણ વાંચતો. માળા ફેરવવાનું વ્યસન થઈ ગયું છે. ઈના વગર ચેન ન પડે. આ સમય દરમિયાન ક્યાંય કશે ગયો નથી. બાજુના ગામમાં મારા ભાઈબંધને ત્યાં જાઉં તો પણ મારી સેવાપૂજા સાથે લઈને જતો. સવારે (જાગી જઉં) ઊઠું એટલે હાથ-મોં ધોઈ પથારીમાં બેઠો બેઠો નિતનિયમ કરી લઉં. એ સિવાય પથારીમાંથી પગ બહાર કાઢવાનો નહીં. તેમ જ કોઈની સાથે બોલવાનું પણ નહીં. દિવસમાં બે વાર જમવાનું, એ સિવાય કાંઈ લેતો નથી. સવારે ચા-દૂધ કશું જ નહીં. બહારગામ જવાનું થાય અને જો ભૂખ લાગે અથવા વહેલું-મોડું થાય તો ફળ ખરીદીને ખાઈ લઉં.

પહેલાં તો ક્યાંય-કશે જતો ને તો મારું ઓઢવા-પાથરવાનું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



સાથે લઈ જતો. અત્યારે ઠંડીના દિવસો હોય તો ગરમ શાલ જોડે રાખું છું. પછીથી એ ઓઢી લઉં. કોઈને ત્યાં જતો કરતો નહીં. ગમે તેવા માલદાર કેમ ન હોય ! વીસ વર્ષે પણ એના ઘરે જવાનું બનતું નહીં. એક વાર ઘરે આવી આમંત્રણ આપે પછી જ એના ઘરે જવાનું રાખતો અને તેય ક્યાંય એકલો તો ન જ જતો. સૌ પ્રથમ કોઈ ભાઈબંધ-દોસ્તારને સાથે લઈને જતો. પછી બીજી વાર એકલા જવામાં વાંધો નહીં. એટલે પછીથી એકલા જવાનું રાખતો. કોઈ દિવસ સુગંધી તેલ, અત્તર વાપર્યું નથી. સોનાનો દાગીનો અંગે અડાડ્યો નથી. બે જોડ કપડાં સિવડાવું. તે ફાટે પછી બીજાં કરાવવાનાં. ઓછી વસ્તુથી જીવન(જીવવાનું) જીવતાં શીખવાનું.

બાપુ કહેતાં કે ભાઈબંધ-દોસ્તાર સાબદા હોય તીયાં જીવવાની મઝા આવે. ભાઈબંધ-દોસ્તાર એટલે કયા ખબર છે ? આંખ, કાન વગેરે અને દાંતનું એવું છે ને કે પછી આવ્યા અને અધવચ્ચે વહેલાં જતા રહે, કાયમી સંગાથ નહીં, પણ ઈનો કાંઈ વાંધો નહીં. અધવચ્ચે આવ્યા અને અધવચ્ચે જ વહ્યા ગયા. હવે ખૂંટે બંધાઈ જવાનું એટલે પત્યું ! પાળે બેઠાં છીએ, ક્યારે 'ધબ્' દઈને પડી જઈએ એનું નક્કી નહીં. મજબૂત ઝાડ હોય પણ ઈને ખરાબો લાગે તંઈ ઝાડ પડે ઈમ હવે આ શરીરમાં રોગ થવા માંડ્યા છે. ઘંટીના પડમાં ખીલે વળગવાનું. પ્રભુ હંધુંય સંભાળી લેશે. આખી જિંદગી એમને યાદ કર્યા છે તો આખરી વેળા ઈ મને યાદ કરશે. જીવનમાં જે કાંઈ કરીએ - ખાઈએ, પીએ, ઓઢીએ, - હંધુંય તે પ્રભુને ચરણે અર્પણ કરીને લેવું, એની પ્રસાદી છે ઈમ માનીને સ્વીકારવું. 'આપણે કરીએ છીએ' અથવા 'મેં કર્યું'એવો ભાવ કદી ન રાખવો.

બાપુને એકવાર હાર્ટએટેક આવ્યો. એમને અમદાવાદ લાવી હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. સંધ્યાને આ સમાચાર મળ્યા કે એ એટલી બધી ગભરાઈ ગઈ કે સૌ પ્રથમ કુદરતી હાજતે જવું પડ્યું. મનમાં થાય- મારા બાપુને શું થઈ ગયું ? મોટી બહેન સાથે બાપુને મળવા હૉસ્પિટલ ગઈ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



સંધ્યાને જોઈ બાપુ કહેવા લાગ્યાં - ''બસ, આટલામાં જ ગભરાઈ ગઈ ? જેણે આખી જિંદગી ભજન કર્યું હોય ઈના મોત આમ હૉસ્પિટલમાં હોય કે ?'' ફરીવાર મળવા ગઈ તો કહેવા લાગ્યા - ''હવે ના આવીશ. ખોટા ધક્કા શીદ ખાવાના ? બકરાણા આવજે.''

પારિવારિક પરિચયની વાત પણ તેમની પાસે ક્યારેક સાંભળવા મળતી. કહેતાં - ''અમે બે ભાઈઓં, એમાં હું નાનો. અત્યાર સુધી બધું કામકાજ મોટાભાઈ સંભાળતા. પાછળથી બધો વ્યવહાર અને જવાબદારી મેં સંભાળી લીધા. મોટાભાઈ તો ડાયરામાં જતાં થઈ ગયેલા, અફીણના બંધાણી થઈ ગયેલા.''

પ્રસંગ આવ્યે 'હંધુય પડતું મેલીને' હળ-સાંતીએ લાગનાર
ખેડૂ રવુભા નારૂભા વાઘેલા

બાપુ કહેતાં - ''કરિયાણાનો વેપાર પણ મેં કર્યો. ખરીદી અને ઉઘરાણી પણ હું જ કરતો. પછી એમ થયું કે કાંક સેવાનું કામ કરવું જોઈએ. એટલે વૈદક શીખીને ઘરે ઓસડિયાં રાખતો. બધાને દવાયું આપતો. ફરતે ગામથી માણહ દવા લેવા આવતું. બહુ માંદગી હોય તો દરદીને ગાડામાં નાખીને પણ લાવતા. બહારગામ જવાનું હું ટાળતો. કોઈ ફેરા (વાર) મને લેવા આવે અને જવાની ના પાડતો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



અને જો માણહનો દેહ છૂટી જાય તો બધા કહે, 'ભગતબાપુને ખબર પડી ગઈ હશે. જીવવાના હોય તો બાપુ આવ્યા વગર રહે ?' આવું બે-ત્રણ વખત થયું એટલે બધાને વિશ્વાસ બેસી ગયો કે બાપુ દવા દેવા ના આવે એટલે દરદી બચવાનો નથી. કેટલું કહું પણ મારું કહ્યું કોઈ માને જ નહીં અને હુંય તે કંટાળ્યો અને એ દિવસોમાં સરકારનો કાયદો આવ્યો કે ખેડે તેની જમીન. પછી તો હંધુંય પડતું મેલીને હાથમાં બળદ અને હળ પકડ્યા તે અમો ખેડૂત બન્યા. ત્યારથી ખેતી કરીએ છીએ. મને જ્યોતિષશાસ્ત્રમાં રસ પડ્યો. એનો અભ્યાસ કર્યો અને જ્યોતિષ પણ શીખ્યો.

❖ ❖ ❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

# જીવનમંગલનો દૂજો અવસર

સંધ્યાએ ૧૯૭૨માં મેટ્રિકની પરીક્ષા આપેલી. એ વર્ષે મોટા-ભાઈ-મોટીબહેન તેને ''વેપારી મહામંડળ''માં પૂજ્ય વિમલાતાઈને સાંભળવા લઈ ગયા. અત્યારે તો ખાસ કશું જ યાદ નથી. ૧૯૭૮માં મોટાભાઈ ફરીથી ''કૃષ્ણકુટી'' સંધ્યાને તેમની પાસે લઈ ગયા. ચિઠ્ઠીમાં લખી જણાવ્યું કે મારી દીકરીને માર્ગદર્શન માટે લાવ્યો છું. બીજા દિવસે સમય આપ્યો. મોટાભાઈ સાથે સંધ્યા બીજે દિવસે મળવા ગઈ. એ એની પહેલી વ્યક્તિગત મુલાકાત. સંધ્યા પછીથી ''પૂજ્ય વિમલાતાઈ''ને ''મા'' કહીને સંબોધતી. ૧૯૭૯માં મોટાભાઈએ આમંત્રણ આપીને પૂજ્ય બાપુની ઘેર પધરામણી કરાવી.

૧૯૮૧માં મોટાભાઈએ પૂજ્ય માની શિબિરમાં સંધ્યાને અને પીયૂષભાઈને મોકલ્યા. સંધ્યાના જીવનની એ સૌ પ્રથમ સત્સંગ-શિબિર થઈ. એ શિબિરમાં પૂજ્ય માને ફરીથી વ્યક્તિગત મળવાનું થયું. ત્યારે એમણે સૂચન કર્યું કે સંધ્યા, તારે ઘેર આટલા મોટા સંત પધારે છે તો એમને પૂછે છે કે નહીં કે તારે શું કરવું જોઈએ ?

પૂજ્ય વિમલાતાઈને બાપુ હંમેશાં ''બહેન'' કહી સંબોધતાં. બાપુ આબુ ગયાં ત્યારે માને બકરાણા પધારવાનું આમંત્રણ આપવા ગયેલાં. ''મા''એ આમંત્રણ સ્વીકારેલું. પણ મા પોતે આબુમાં રહેતાં હોઈ સૌ પ્રથમ બાપુને આબુમાં ''શિવકુટી'' બોલાવેલાં અને સત્સંગ રાખેલો. આ બંને પ્રસંગ બાપુ પાસે ઘણીવાર સાંભળ્યા. મા બકરાણા ગયા ત્યારે બાપુ સાથે અમારે પરિચય નહોતો.

બાપુ કહેતાં કે કિશનસિંહજી, સાણંદના ઠાકોરબાપુ- અમે બધા ભાયાત થઈએ. બહેને કહ્યું કે બકરાણાનું આમંત્રણ અમોએ સ્વીકારેલું જ છે. આબુ અમારું કહેવાય. આપ પહેલાં પધારો. અમે બધા ''શિવકુટી'' ગયા. મેં કિશનસિંહજીને ઘણી ના પાડી કે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



રાજાબાપુ આપણી સાથે છે. તમે કાકા થાવ. મારાથી ઊંચા આસને બેસાય નહીં; પણ મારી એક વાત માની નહીં. કિશનસિંહજીએ તો મારું બાવડું ઝાલીને બેસાડી જ દીધો, કહે – ''અહીં તો બહેન કહે એમ જ થાય. અહીં કોઈ રાજા અથવા નાનું-મોટું નથી.'' પ્રાર્થના થઈ. પછી એક બહેને હાથમાં કરતાલ લઈ સુંદર ભજન ગાયું. કંઠ એવો સરસ ! સાક્ષાત્ મીરાંબાઈ જોઈ લો ! પાછળથી ખબર પડી કે એ ડોંગરે મહારાજના પત્ની હતા. 'હટ્' દઈને બયું (બહેનો) હારે વાતું કરતાં નો ફાવે એટલે કાંઈ બોલ્યો નો'તો. બહેન કહે – 'અમારી બહેનોને ભક્તિની વાતો કહો.'' મેં કહ્યું – બહેન તમે વિદ્વાન, દેશ-પરદેશ ફરેલા. હું તો ગામડાંનો માણસ અને પાછો અભણ ખેડૂત ! મને શું કહેતાં આવડે ! આંઈ કન સાંભળવા, લેવા આયો છું. પણ બહેન માઈના જ નહીં. કહે – જ્ઞાની અને વિદ્વાનોની વાત્યું હાંભરીને કાન પાકી ગયા છે. હવે ગામડાંના ભગતની વાતો સાંભળવી છે. મને આવડ્યું એવું બોલ્યો કે બધી ઈન્દ્રિયો બહાર જાય છે ઈને અંદર વાળી લેવાની, બસ. બીજું કાંઈ કરવાનું નથી. એક થાળમાં મોટો પેંડાનો ઢગલો કરી મારી પાસે મૂક્યો. કહે – ''તમારે હાથે બધાને પ્રસાદ આપો.'' હંધાયને એક એક પેંડાનો પ્રસાદ વહેંચ્યો.

માના બીજા એક પ્રસંગની વાત કરતાં બાપુ કહેતાં કે બહેન એમના સેવકો સાથે બકરાણા પધારેલા. ઈ વખતે એમની ઉંમર ૫૧ વર્ષની હશે એમ માની એકાવન કુંવારિકાઓનું સામૈયું કરેલું. ૫૧ જોડી બળદ શણગારેલા. અમારા ગામડાંમાં બીજું શું મળે ? અમે રહ્યા ખેડૂત ! તે આવડ્યું એવું સ્વાગત કરેલ. બીજું સાધન શું મળે ? ચાંદીના છત્ર અને ઢોલિયા વિરમગામથી મંગાવેલ. બહેનને એમાં બિરાજમાન કરાવીને વાજતેગાજતે ગામમાં લાવેલા. બહેનનું એક વર્ષનું એક એમ હામટું સામૈયું કરેલ. બહેન કહે – ''અમારે માટે આવું બધું ના હોય.'' પછી મેં સભામાં જવાબ આપેલ કે આ બધું આપને માટે કરેલ નથી. આપને આ બધાની કશીય જરૂરત નથી પણ આ બધું અમારા માટે કરેલ છે. પછીની પેઢીને ખબર પડે કે દાદા સંતોનું સ્વાગત આવી રીતે કરતા. તો એમને સંસ્કાર પડે અને ભવિષ્યમાં આછું-પાતળું કરતાં શીખે. પણ બહેન એવા ભડક્યા છે ને કે બકરાણા આવવાની 'ના'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



જ કહે છે. બાપુએ પધરામણી વખતના ફોટા બતાવેલા. ઢોલ પિટાવીને ખેતરે, દહાડીયે જવાનું બંધ રખાવેલું. એટલે આખું ગામ ઊમટેલું. માણસ તો માય નહીં ! એવો એક ફોટો બતાવીને કહે - ''સંધ્યા, આમાં તારા ''મા''ને શોધી કાઢ ! પછી તો બાપુએ બે ફોટા મને આપી દીધા. એકમાં મા એકલા બેઠાં છે. બીજા ફોટામાં મા બેઠાં છે અને બાપુ ઊભાં ઊભાં સંબોધન કરી રહ્યાં છે.



બકરાણાની ભૂમિ પર બાપુ-નોતર્યાં શ્રીવિમલાતાઈની પધરામણીના અવસરે

બીજો એક પ્રસંગ કહ્યો- બીજી એક વાર અરવિંદભાઈને ત્યાં ''કૃષ્ણકુટી'' બહેનને બકરાણા આવવાનું આમંત્રણ આપવા ગયેલો. કિશનસિંહજી પણ એ વખતે ત્યાં હાજર. એમનું સ્વાસ્થ્ય બરાબર નો'તું. ૭૫ વર્ષ પૂરાં થયાં એની ઊજવણી અને કિશનસિંહજીએ ''જ્ઞાનેશ્વરી''નો અનુવાદ કરેલ તે પુસ્તકનું વિમોચન રાખેલ. કાર્યક્રમ અટીરાના હૉલમાં રાખેલ. બહેન કહે - ''એમના માથે હાથ મૂકો.'' મેં કહ્યું- આપ કહો છો તો લો, આ મૂક્યો હાથ ! બહેન કહેવા લાગ્યા - ''હવે બધું રંગેચંગે પતી જશે !'' (એ પ્રસંગે સંધ્યા ત્યાં હાજર હતી.) બાપુ પધારેલાં અને રવિશંકરદાદાને ખુરશીમાં બેસાડી ત્યાં લાવેલા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri





શ્રીજ્ઞાનેશ્વરી (ગુજરાતી પદ્યાનુવાદ)ના વિમોચન પ્રસંગે - દાદા ધર્માધિકારી, શ્રીવિમલાતાઈ, શ્રીરવિશંકર મહારાજ તથા શ્રીરવુભા બાપુ

બહેનને આમંત્રણ આપી જેવો બહાર આવ્યો કે 'ચપ' દઈને બહેને જોડા લાવી મારા પગ પાસે મૂકી દીધા. મેં કહ્યું – અરે ! અરે ! આપ આ શું કરો છો ? જોડા આપ શા માટે ઉપાડો છો ? તો જવાબ આપ્યો કે વિમલમાં જે કાંઈ છે તે સંતોના જોડા ઉપાડવાથી જ છે ! બાપુ સંધ્યાને કહે – "જોયું ? સંધ્યા, બહેનમાં કેટલી નમ્રતા છે !"

* * *

એક વાર સંધ્યાના પગે ગૂમડાં થયેલાં. એક મટે અને બે થાય. એટલે ઓફિસે રજા પાડી. બાપુ પધાર્યાં. જાણ્યું એટલે કહે કે બહેન આટલા સહનશીલ અને સાહસિક ! તું એક ગૂમડાં માટે રજા લે છે ? ત્યાર પછી ઓફિસે હાજર થઈ ગઈ અને ફરી એ નિમિત્તે રજા લેવાનું બન્યું નથી.

સંધ્યાને બાપુ હંમેશાં 'ભગત' કહેતાં. એમની સાથે વાતો કરતાં કરતાં શું વાત કરી એ પણ ભૂલી જવાય. ત્યારે બાપુ કહે કે ભાન નો હોય ઈનું નામ ભગત. તારી ભક્તિ રોતલ છે. વાતવાતમાં રુવું (રડવું) શીદને આવે છે ઈ મને હમજ નથી પડતી. તું વધારે નહીં, પાંચ મિનિટ તારા મનને સ્થિર કર તો તને હાવ સાચી– અસલ ભગત જાણું ! બાપુ પધારે ત્યારે સત્સંગ માટે ઘણાં સત્સંગી આવતા. એ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



બધાને બાપુ એવી ઓળખાણ આપે કે ''વિમલાતાઈ'' આ સંધ્યાબેબીના ગુરુ છે. સંધ્યા હંમેશાં એવું કહેવાની ના પાડતી પણ બાપુ સાંભળે જ નહીં. એક દિવસ એવી વાત કરી ને કે સંધ્યાબેબીના ગુરુ વિમલાતાઈ છે. એટલે સંધ્યાએ તુરત જ ચોખ્ખુંચટ કહી દીધું કે બાપુ, માએ કોઈ ગુરુ કર્યા નથી અને તેઓ કોઈના ગુરુ થતાં નથી. એટલે હવેથી કોઈને આવું કહેશો નહીં.

બાપુ : તું એમને ''મા'' કહે છે કે નહીં ?

સંધ્યા : જી હા. કહું છું.

બાપુ : ''મા'' એટલે જ ગુરુ.

* * *

હમણાં બકરાણા જવાની બસો વધી છે. રોજની ત્રણ-ચાર બસ ઊપડે છે. ત્યારે તો બસની ખૂબ હાડમારી. એસ.ટી.ની બસ ઓછી. બસો ઊપડે તો ઊપડે, નહીં તો કેન્સલ થઈ જાય. નિશાળમાં રજાને લીધે રવિવારે બસ ઊપડે જ નહીં. ઘણીવાર ૨ થી ૪ કલાક એસ.ટી. સ્ટેન્ડે બેઠી છું. પછીની બસ મળે તો ઠીક, નહીં તો ઘરે પાછા ફરવાનું બન્યું છે. જ્યારે સાણંદથી આગળ રસ્તા બનતા હતા ત્યારે વાહનવ્યવહાર બંધ હોય, ખબર ન હોવાથી ક્યારેક સાણંદથી પણ પાછી આવી છું. ક્યારેક સાણંદ સુધી પહોંચીને એસ.ટી.ની બસ ન મળે તેથી ટેમ્પામાં બકરાણા જવાનું થતું. ટેમ્પાવાળાને ખોટ ન જાય તે માટે પાછા ફરવાના પેટ્રોલના પૈસા આપી બકરાણા જતી. આવતાં-જતાં વધારાના પેસેન્જર દ્વારા પૈસા મળે એ એનું નસીબ. સંધ્યા બકરાણા આવવાની છે એવો સંદેશો મોકલવાનું પણ શક્ય ન હોય. બાપુ અઠવાડિયાના ચાર દિવસ અમદાવાદ અથવા બહારગામ હોય. આવા સંજોગોમાં પણ એકેવાર એવું બન્યું નથી કે સંધ્યા બકરાણા ગઈ હોય અને બાપુ ના મળે. ઘણીવાર બાપુ હસતાં હસતાં કહેતાં હોય કે તું આટલા સ્નેહથી આવે અને હું મળું નહીં ઈ બને જ નહીં.

થોડાં વર્ષો પહેલાંની વાત છે. એક ગુરુપૂર્ણિમાએ ફૂલનો હાર અને મીઠાઈ લઈને બકરાણા ગઈ તો બાપુ ઘેર નો'તાં. સાંજ સુધી રાહ જોઈ પણ બાપુ પધાર્યાં નહીં. ખૂબ જ હતાશ અને નિરાશ થઈ ગઈ. ઘરે આવીને ગાદલામાં મોં સંતાડી ખૂબ રડી. મન હળવું થયું, પણ ચેન પડે નહીં. ખીજ એવી ચડી કે બાપુ કેમ મળ્યા નહીં ? પછી જ્યારે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



બાપુને મળવાનું થયું ત્યારે બધી વાત કરી, તો બાપુ સાંભળીને ખડખડાટ હસવા લાગ્યાં અને કહે – ''તારો ગુરુ હોઉં તો તને મળું ને ! હું ક્યાં તારો ગુરુ છું ?''

* * *

અમદાવાદમાં ૧૯૭૮ની સાલમાં ''અપંગ માનવમંડળ''માં શ્રીજ્ઞાનેશ્વરીના ૧૮મા અધ્યાયનું એક મહિનો પારાયણ થયેલું. ''મા'' રોજ સવાર–સાંજ ''શ્રીજ્ઞાનેશ્વરી ગીતા'' પર બોલતાં. સંધ્યા રોજ સાંભળવા જતી. ત્યારે કહેવામાં આવતું કે કોઈએ દીદીને પ્રણામ કરવા નહીં. એમને કોઈ પ્રણામ કરે એ પસંદ નથી. પહેલા પગારમાંથી માને માટે સફેદ ભરેલી અવરગંડી–હકોબાની સાડી લઈને આબુ ''શિવકુટી'' જવાનું થયું. ઝીણી સાડી જોઈને માએ કહ્યું– ''આ તો હું નહીં પહેરું. તું મારી પ્રસાદી ગણી પહેરજે.'' કોઈના ગમા–અણગમાનો પહેલાં વિચાર આવે એ પ્રમાણે જીવન જીવવાનું બને. સફેદ સાડી પહેરી મા પાસે ગઈ પણ પ્રણામ કર્યા નહીં. માએ કહ્યું– ''આવ, અહીં આવ. પગે લાગ. આજે અક્ષય તૃતીયા છે. માંગ, માંગ, જે માંગે તે આપું. તું જે માંગશે એનો ક્ષય નહીં થાય.'' સંધ્યાએ આ પ્રસંગ વિષે બાપુને કહ્યું કે એણે માને પ્રણામ કર્યા પણ અંદર કશું ઊઠ્યું જ નહીં કે શું જોઈએ છે. બાપુને પૂછ્યું કે સંધ્યાએ શું માંગવું જોઈએ ?

બાપુ : જેને આપવાની શક્તિ હોય ઈને ઈય ખબર હોય કે શું આપવું જોઈએ. તારે કહેવાય કે તમને જે યોગ્ય લાગે તે આપો.

આવો જ એક બીજો પ્રસંગ યાદ આવે છે, જે બાપુને કહ્યો કે સંધ્યા આબુ જાય ત્યારે માને મળે એટલે ખૂબ રડવું આવે. મા પ્રશ્ન પૂછે ને તો પણ જવાબ ન આપે. બસ, રડ્યા જ કરે. મા કહે – ''લોકો અહીં રડતાં રડતાં આવે અને હસતાં હસતાં ઘેર જાય અને એક તું છે ! રડવામાંથી ઊંચી નથી આવતી. તું બાપુ પાસે રડે છે ?

બાપુ (સંધ્યાને) : ના રડે. તું ત્યાં જ રડે. આહીં કન શું છે ?

સંધ્યા (માને) : ના, બાપુ પાસે નથી રડતી.

એટલે માએ જવાબ આપ્યો – લાવો પાઘડી ને મૂછો !

બાપુ ખડખડાટ હસવા માંડ્યાં, કહે – બહેને ખરી કરી !

❖ ❖ ❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

# બાપુની સ્નેહવર્ષા

એકવાર સંધ્યા એવી હતાશ અને નિરાશ થઈ ગઈ કે વાત ન પૂછો ! એને એમ થાય કે પોતાનામાં કશું છે જ નહીં. પોતે જીવનમાં કશું કરી શકવાની નથી. બસ આવી મતલબનો લાંબોલચ પત્ર બાપુને લખી કાઢ્યો. સાથે જણાવ્યું કે તમોએ સંધ્યાને ઓળખવામાં ભૂલ તો નથી કરીને ? થાપ ખાઈ ગયા છો ? તમારા આટલા સ્નેહ અને કાળજી લીધા છતાં એ કાંઈ કરી શકતી નથી. એના નસીબ પર એને છોડી દો !

થોડા દિવસ પછી બાપુનો પત્ર મળ્યો કે સંધ્યાબેબીને માલમ થાય કે ત્રણ દિવસનો સુંદરકાંડનો પાઠ-શિબિર રાખી છે. રામાયણના પ્રેમીઓને પણ બોલાવ્યાં છે. તું આવી જા. સંધ્યાએ ન તો એ પત્રનો બાપુને જવાબ લખ્યો કે ન બકરાણા ગઈ. એમણે હંમેશાં સ્નેહથી સમજાવ્યું છે, આગ્રહ કે બળજબરી કરી નથી. એકની એક વાતનું સૂચન કરતાં રહ્યાં.

ક્યારેક કહેતાં કે ભણેલા હોય ને ઈ અડધા ગાંડા હોય. 'ઝટ્ટ' દઈને ખૂંટે ન બંધાય. અમારે ગામડાંનું માણસ તો - ઝાલ્યું ઈ ઝાલ્યું, છોડે ઈ બીજા ! છેલ્લે છેલ્લે સંધ્યાને કહેતાં કે તને મારા શબ્દોમાં વિશ્વાસ નથી. રામાયણમાં તુલસીદાસજી લખે છે કે -

कहत कठिन समुझत कठिन साधत कठिन बिबेक;

होई धुनाच्छर-न्याय जौ पुनि प्रत्यूह अनेक ।

સૌ પ્રથમ જીવનમાં સાચું કહેનાર મળવા મુશ્કેલ છે. જો સાચું કહેનાર મળી જાય તો સમજવું કઠિન છે. સમજાયેલું જીવવું ઈથીય તે અઘરું છે. તારી ભક્તિ ડુગડુગિયા મદારી જેવી છે. અચાનક જીભ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



તાળવે ચોંટી ગઈ તો સમાધિ લાગી ગઈ, એવી જ રીતે અચાનક જીભ ઊખડી જતાં ભાન આવ્યું, તે પાછું પહેલાંની જેમ 'તા થૈ, તા થૈ' કરવાનું શરૂ કરી દીધું ! ધ્યેય નહીં કે તારે ભક્તિ જીવવી જ છે. સંજોગવશાત્ થઈ તો થઈ, નહી તો કાંઈ નહીં. ભમરો લાકડામાં ગુંજન કરતો કરતો ફરે એટલે 'રામ' લખાઈ જાય અને પાછો ફરે એટલે 'રામ' લખેલું ભુંસાઈ જાય. રામ લખવાનો ઉદ્દેશ્ય ન હોય ! તારું પણ એવું જ છે – ધુનાક્ષરી ભજન !

સાધક-ભગતના જીવનમાં નીતિ-નિયમ કેવો હોવો જોઈએ એના માટે એક પ્રસંગની વાત કરતાં કે એક ઝોળા તપસ્વી હતા. એમણે બાર વર્ષ ઊભા રહેવાનું વ્રત લીધેલું. ખાવા-પીવાનું, ઊંઘવાનું બધું જ ઊભા ઊભા. મુસાફરી પણ ઊભા ઊભા કરવાની. એમને દસ વર્ષ પૂરાં થઈ ગયેલાં. ફરતે ગામથી લોકો એમની પાસે આવે, સત્સંગ કરી છૂટા પડે. શિયાળાના દિવસો. બધાં ભેગાં થયેલાં. તાપણું કર્યું, ઝોળા તપસ્વીને ઠંડી ન લાગે એટલે રાત્રે છૂટા પડતાં પીઠ પર ગોદડી મૂકી. દોરીથી બાંધી દીધી. વહેલી પરોઢે પવન ફૂંકાયો. તાપણું ઠરી ગયેલું પણ એક તણખો ઊડી એમની પીઠે લાગ્યો અને ગોદડી બળવા માંડી. દોરી છોડતાં સુધીમાં તો આખો વાંહો હહડી જ્યો'તો. બધા ભેગા થઈ દવાખાને લઈ ગયા. દાક્તર તો જોઈને હબકી ગયા. કહે – સૂઈ જાવ. દવા લગાડી આપું. ઝોળા તપસ્વી કહે-ઈ વાત ખોટી. સારવાર કરવી હોય તો કરો નહીં તો કંઈ નહીં, પણ મારું વ્રત, નિયમ ન તૂટવો જોઈએ. દાક્તરે વાંહે દવા લગાડી ને હાથ ધોઈને આવ્યા, તો ઝોળા તપસ્વીનું શરીર છૂટી ગયું'તું. બાપુ કહે – ''શરીર છૂટે તો ભલે છૂટે પણ નિયમમાં ફેરફાર ન થાય. શરીર તો બીજું મળે. લીધેલા નિયમમાં અડગ રહેવું જોઈએ અને નિયમમાં કોઈ બાંધછોડ નહીં.''

* * *

સંધ્યા : મારે શું કરવું જોઈએ, તમે કહો ને !

બાપુ : જે કરવાનું છે ને ઈ તું કરે જ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



સંધ્યા : મને તો કશુંય કરવું ગમતું નથી. એવું થાય છે કે બસ પડી જ રહું, પડી જ રહું. ઘર હોય કે ઓફિસ, મારે ભાગે પડતું કામ કરું. કોઈને માથે ન પડું અને બીજામાં કદી માથું પણ ન મારું.

બાપુ : અમારે બે જાતના બળદ હોય, એકને ધૂંસરીમાં ઘાલો ને તો બેહી જાય. ઈ ગળિયો બળદ કહેવાય. એ ખીલે બંધાય. ખાઈ-પીને લહેર કરે. બીજો બળદ હોય ને ઈ ખમતીધર હોય. જેવી જેની તાકાત-પાંચ મણ, પચાસ-સો મણ- જેવો બળદ એવી ખેપ. ભગવાન પણ કેટલાકને બે-પાંચ મિલું ફટકારે ને પ્રધાનપદું દીયે, બીજું-ત્રીજું કેટલુંય તે માથે ઝીંકે. તંઈ આખી જિંદગી હાંફતો હાંફતો જીવે અને ફરે.

* * *

બાપુ : ઋણાનુબંધે માણસ ભેગા થાય ને છૂટા પડે. તું ક્યાં અમદાવાદની ને હું ક્યાં બકરાણાનો, છતાં મેળાપ થયો છે. જગતમાં કેટલાંય માણસ. એકના જેવો બીજો કહીએ, પણ એક એવું બીજું નો હોય, ભલે ને ચોખાનો દાણો કેમ ન હોય ! દુનિયામાં ક્યાંય કન આકૃતિ અને પ્રકૃતિ એકહરખી નો જોવા મળે. હોય જ નહીં. અજાણ્યા માણસને જોશું ને તોય એકને જોઈ હેત આવે જ્યારે બીજાની હામુંય જોવાનું ન બને.

સંધ્યા : બાપુ, મારે ને તમારે શું સંબંધ છે ?

બાપુ : હંધુંય તે મારે કહેવાનું ? તું જ ગોતી કાઢ. બહેન જાણે છે કે તું કોણ છે અને હું કોણ છું ?

સંધ્યા : જીવનમાં પ્રારબ્ધ મોટું કે પુરુષાર્થ ?

બાપુ : ઇની હરખામણી નો હોય. પ્રારબ્ધ જ માણહના જીવનમાં પુરુષાર્થ કરાવી લીયે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



આવું મોટું બ્રહ્માંડ. એવાં ચેટલાંય બ્રહ્માંડ. ઈમાં આ પૃથ્વી. ઈમાંય ચેટલાંય ખંડો. ઈમાં ભારત દેશ. ભારત દેશમાં ચેટલાં શહેરો ! ઈમાંય ગુજરાત. ગુજરાતમાંય ચેટલાંય તે ગામું. ઈમાં નાનકડું બકરાણા. બકરાણા ગામમાં સ્ત્રી કે પુરુષ, કશુંય તે મીં માંગેલું નહીં હો ! ભગવાને દાનમાં આપેલું. જે દાનમાં આપેલું હોય ને ઈ પાછું ના મંગાય. તેથી આપણે માંગીએ કે ના માંગીએ, હારું-ખોટું, જે મળવાનું હોય ઈ મળીને જ રહે. ના મળવાનું હોય ઈ ઘણા ધમપછાડા કરવા છતાં મળે જ નહીં. કરવા જેવું એક ભજન, બીજું કાંઈ નહીં. આપણું સ્થાન તો જરીક અમથું. 'ઈ' કરાવે તો જ થાય.

સંધ્યા : આપની કૃપા જોઈએ.

બાપુ : ઈ તો છે જ ને ! ગાડાંના ગાડાં ભરીને અને ખટારાના ખટારા ભરીને કૃપા છે.

વરસાદનું પાણી ક્યાં ભેગું થાય ? પહાડની ટોચે નહીં, નીચાણવાળા ભાગમાં. ટીપે ટીપે સરોવર ભરાય. એક એક સદ્‌ગુણ કેળવી જીવન પવિત્ર બનાવાય. સારું કામ થાય તો પ્રભુને કહીએ તેં કરાવી લીધું અને જો ખરાબ કામ થાય તો સજાગ અને સચેત બની જઈએ, ફરી એવું ન થાય એનો વિચાર કરી ખટકો રાખીએ. બીજી વાત, જીવનમાં નમ્ર બનીને જીવવાનું. રેતીમાં ભળેલી ખાંડ ખાવી હોય તો કીડી બનવું પડે, હાથી એ ન માણી શકે.

* * *

સંધ્યા એટલી મૂઢ અને મૂરખ છે કે કોઈ વસ્તુનું મૂલ્ય ન જાણી શકી. બાપુ હંમેશાં કહેતાં કે મારી ઘોડે(જેમ) માળા રાખ. નવરી પડે કે ફેરવવા માંડ. ત્યારે મોટીબહેન કહેતી, 'બાપુ તમે એને માળા આપો એટલે ફેરવશે. બાપુએ જવાબ આપ્યો- 'ઈ તો ખીંટીએ ભેરવશે !' સંધ્યા મોંમાં મગ ઓર્યા હોય એમ કશો જવાબ જ ન આપતી. વિરોધ પણ નહીં અને 'હા, હું ફેરવીશ' એમ પણ નહીં. બસ, જડભરતની જેમ આંખો ફાડીને જોયા કરતી.

બાપુ : વધારે નહીં, સવારે ત્રણ અને રાત્રે પાંચ માળા ફેરવવાનું રાખ. ભગવાનના ૨૪ અવતારને વંદન કર. એ સિવાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



પથારી છોડવી નહીં. જે દિવસે ન થાય તે દિવસે ચા-પાણી, ભોજન કશું લેવું નહીં, ઑફિસે જવું નહીં.

આટલો નાનકડો નિયમ સંધ્યા જીવી શકતી નથી. થાય તો થાય, નહીં તો ઘણા દિવસ ભાંગે. આજે પણ એ જ સ્થિતિ છે. ધિક્કાર છે એના જીવનને ! 'પ્રભુ વ્હાલા છે' એવું કહેવાનો એને કોઈ અર્થ નથી, હક કે અધિકાર નથી. જેમ પવનની લહેરથી દીવાની જ્યોત ડગમગી જાય તેમ જીવનના નાના પ્રસંગો અને વાતથી એ હચમચી જાય અને એકવાર ક્રમ તૂટે એટલે નિયમિત થતાં વાર લાગે. બાપુ અને મા સાથે જીવવું-રહેવું ગમે, એમની વાતો સાંભળવી ગમે, પણ એ મુજબ જીવન-પરિવર્તન ન લાવી શકાય. છતાંય બાપુના સ્નેહમાં કોઈ ફરક ન પડે. સંધ્યાની એ કેટકેટલી કાળજી રાખતા ! જાણે એમની પાસે પાવરફુલ બાયનોક્યુલર ન હોય ! એમ દુનિયાના પટમાં ગમે તે ખૂણે હોઉં, સંધ્યા શું કરે છે એની એમને ખબર પડી જતી. ખરાબ હોય કે સારું, કશું જ એમનાથી છાનું રહેતું નહીં. વડોદરા રહેવા જવાનું થયું ત્યારે બરાબર યાદ નથી, મૅગેઝિન છે કે નૉવેલની ચોપડી વાંચીને સમય પસાર કરેલો. એ પછી જ્યારે બાપુને મળવાનું થયું કે તરત જ કહ્યું કે આપણે કામનું ન હોય તેવું વાંચવું નહીં કે ટી.વી. જોવાનું નહીં. સંધ્યા તો અવાચક જ થઈ ગઈ !

એકવાર ભજન-કીર્તનમાં સુંદર દિવસો પસાર થયેલા. વાંચન-અધ્યયન પણ સરસ થતું'તું. બકરાણા ગઈ એટલે સંધ્યા બાપુને કહેવા લાગી- એણે આમ કર્યું ને તેમ કર્યું, સંધ્યાને આમ થાય છે વગેરે- કે તરત જ બાપુએ કહ્યું કે તું ભજન કરે અને મને ન ખબર પડે એવું બને ખરું ? તારે મને કહેવું પડે ? આ પછી ક્યારેય કશું બાપુને કહેવાનું બન્યું નથી. જ્યારે પણ ભજન-અધ્યયન કરવા બેસું કે રોમાંચ ખડા થઈ જાય- મારા બાપુ જ્યાં પણ હશે ત્યાં બધું સાંભળે છે !

સંધ્યા એકવાર એવી અકળાઈ ને કે બાપુ પાસે ગયેલી કે આજે તો વાતનો ફેંસલો લાવવો છે કે એની જીવન જીવવામાં ક્યાં ભૂલ થાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



છે ? એણે જીવનમાં શું ફેરફાર કરવો જોઈએ ? ઑફિસમાં કામ કરતાં ભાઈ-બહેનો સાથે કોઈ મનમેળ નહીં. દ્વિઅર્થી વચનો બોલે. બહેનો પણ એમાં ભળી હસી-મજાક કરતી હોય. ઉંમરમાં મોટા હોય કે નાના, પરણેલા હોય કે કુંવારા, અરે ! સત્સંગી હોય તો પણ એવા બીભત્સ ચેનચાળા કરે કે બધાયથી અળગા રહીને જીવવાનું બને. બાપુને બધી વિગતે વાત કરી, તો જવાબ આપ્યો કે ઈ હંધાય ખોટા, હરાયા ઢોર જેવા, તું હાવ હાચી છે. પછી તો સંધ્યાને થયું કે અહીં કોઈ પરિવારની ભાવનાથી જીવતું નથી. ભારોભાર છળકપટ અને રાગદ્વેષ, સામૂહિક કાર્યક્રમમાં આ બધું છતું થયા વગર રહે નહીં. દરેક પોતાના સ્તર પ્રમાણે લાયકાત બતાવી દે જેથી લોકોને કેટલા દૂર રાખવા જોઈએ તેની ખબર પડી જાય. વાતમાં ને વાતમાં બાપુને કહ્યું કે અમારા સાહેબ - કે તરત જ બાપુએ કહ્યું કે તારો કોઈ સાહેબ-બાહેબ નથી. ઑફિસ ઑફિસ પૂરતી. ઘર સુધી કોઈને નહીં લાવવાના. બીજી વાત ખાસ ધ્યાનમાં એ રાખજે કે સત્સંગ બધાનો કરવો પણ સહવાસ કોઈનો કરવો નહીં. ભજન કરવા માટે ક્યાંય-કશે જવાની જરૂર નથી, માત્ર દૃષ્ટિ બદલવાની જરૂર છે. જે સાચી વાત લાગે, સમજાય, ઈમાં ચિત્ત ચોંટાડવું અને એમ કરતાં જે આનંદ મળે ઈ જ સત્-ચિત્-આનંદ.

પ્રભુકૃપાએ બે-પાંચ બહેનપણી એવી સરસ મળી કે મારા ગમા-અણગમા છતાં સ્નેહભરી મિત્રતા રહી. એમની વાતોમાં રસ ન પડે, કંટાળી જતી, અરે ! ગળે આવી જતી ! તોય સંધ્યાને મદદ કરવા તત્પર હોય, મારા કામોમાં ખભેખભા મિલાવીને સાથ આપ્યો છે, સુખદુ:ખમાં સાથે રહ્યા છે. મિત્રતામાં એમનો આભાર માનવો કે ઋણ ચૂકવવાનો વિચાર સુદ્ધાં એમનું અપમાન ગણાય. પ્રભુચરણે બસ, એક જ નમ્ર પ્રાર્થના છે કે તેઓનું કલ્યાણ કરજે.

એક સંન્યાસી મહારાજ પાસે સંધ્યા અને મોટીબહેન સંસ્કૃતમાં ગીતા શીખવા જતા'તા. બાપુએ જાણ્યું એટલે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે તારે કોઈ બાવા-બોચલા પાસે જવાનું નથી. તું જ્યાં જાય છે ત્યાં બહેન હોય છે ? સંધ્યાએ જાણી લીધું કે એનું સ્થાન માનાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



ચરણોમાં. સંસ્કૃત આવડે તો જ પ્રભુ સાંભળે અથવા આપણી પાસે આવે એવું થોડું છે ? અમે ગીતા શીખવાનું પડતું મૂકી દીધું.

નોકરીના એ દિવસો તો એવા ભયંકર પસાર થયાં છે કે વાત જ ના પૂછો ! ત્રાસી ગઈ'તી. અધૂરામાં પૂરું એવા મકાનમાં બદલી થયેલી કે પહેલે માળે નોનવેજિટેરિયન હૉટેલ, બીજે માળે દવાખાનું, ત્રીજે માળે સંધ્યાની ઑફિસ, લિફ્ટ નહીં, ભાગ્યે જ બે માણસ સાથે ચડી-ઊતરી શકે એવો સાંકડો દાદરો અને ઉપર ચડવા માટે દરવાજાના બદલે શટર્સ. આખો દિવસ રસોઈની ગંધ એવી આવે કે માથું ભમી જાય. જ્યારે ઘરાક આવે ત્યારે મરઘાને કાપે તો એવી ચીસ સંભળાય કે કાળજું કંપી ઊઠે ! પછી તો બધા જ મરઘાની સામટી ચીસાચીસ સંભળાય. દાદરો ચઢતાં-ઊતરતાં કેટલીય વાર હૉટલના માણસ સામા મળે. એમના હાથમાં ટાંગ પકડેલો ઊંધો મરઘો હોય. ખીજ ચડાવીને ભગવાનને કહું કે આવા વાતાવરણમાં કોણ તારું ભજન કરી શકે ? સંધ્યા તને યાદ નહીં કરે. તારે જ એને યાદ રાખવી પડશે. કયા જનમનું ફળ આપીને અહીં રાખી છે ?

કાયમનો આવો બધો કકળાટ સાંભળીને એકવાર બાપુ કહે - ''સંધ્યા, હાલ તારી ઑફિસે આવું છું. જોઉં તો ખરો, કુણ તને હેરાન કરે છે ? હંધાયને હારી પેઠે મળી લઉં.

સંધ્યા : ઑફિસ ત્રીજે માળે છે. લિફ્ટ નથી.

બાપુ : ચડવું મારે છે ને !

સંધ્યા : ના. મારી ઑફિસે નહીં આવવાનું. (મનમાં) બાલમંદિરમાં ભણતી નાની કીકલી થોડી છું ! ફરિયાદ લઈ બાપુ આવે તો કેવું લાગે ? એ પછી બાપુને ઑફિસની ફરિયાદ કરતી જ બંધ થઈ ગઈ. એમનું ભલું પૂછવું, સીધા એ ઑફિસે જઈને ઊભા રહે ! સંધ્યાને ખાતરી છે કે જો 'હા' પાડી હોત તો બાપુ ચોક્કસ ઑફિસે આવત. પ્રભુ જાણે, એમણે શું કર્યું હોત ?

શહેરમાં કોમી હુલ્લડ ફાટી નીકળ્યું. હિંદુ-મુસલમાન એકબીજાને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



ખંજર ભોંકી દે. જ્યાં જુઓ ત્યાં કાપાકાપી ચાલે. ઑફિસની એક બહેન અપંગ. એના ઘરે ઓશરીમાં બેઠેલી; દોડીને, ભાગીને ઘરમાં ન જઈ શકી તે કોઈએ કાપી નાખી ! પછી તો બધામાં ફફડાટ. સૌ સાથે આવે-જાય. કર્ફ્યુ છૂટે એટલા સમયમાં બધા હાજરીપત્રકમાં સહી કરવા આવે અને તરત જ ઘરભેગા થઈ જાય. સંધ્યા ઑફિસે ગઈ. અડધું શટર્સ ખૂલેલું. ઉપર જઈ ત્રીજે માળે હાજરી પૂરી નીચે ઊતરતી હતી ત્યાં પહેલા માળે એક માણસ દાદરમાં ઊભો રહ્યો'તો. આંખ જોઈ હોય તો લાલઘૂમ ! ઇશારો કરી દાદર ઊતરી જવાનું કહે. ધબકારા વધી ગયા. કેટલી ઝડપથી કર્ફ્યુવાળો વિસ્તાર વટાવી વીજળી ઘર પાસે આવી ગઈ એની ખબર ન પડી !

બાપુને આ પ્રસંગ કહ્યો ને એટલે સાંભળતાં જ એકદમ ટટ્ટાર થઈ ગયા. ચહેરાના હાવભાવ એકદમ બદલાઈ ગયા. કહે – "શું વાત કરે છે સંધ્યા ? થોડીવાર પછી એટલું જ બોલ્યા કે હું બેઠો છું ને !

* * *

સંધ્યા પહેલવહેલી એકલી બકરાણા ગયેલી. બસસ્ટેન્ડથી નાકની દાંડીએ ખેતીખાતું જડે, બાકીના રસ્તાથી પરિચિત નહીં. પાછા વળતાં બાપુ બસસ્ટેન્ડે બેસાડવા જાતે આવ્યાં. ઘણું કહ્યું પણ માને જ નહીં. કહે – "મારે આવવું છે." ગામમાં ચારથી પાંચ ઘર છે. એક ઘરથી બીજે ઘરે એકલી ન જવા દે. નાના છોકરા સંધ્યા સાથે મોકલે. સંધ્યા કહે – હવે જાણકાર થઈ ગઈ છું. એકલી જઈ શકીશ. બાપુ હંમેશાં 'ના' પાડે. કહે – "બહેનની થાપણ છો. તારી જોડે આવશે જ."

આબુ મા પાસે રહેવા જવાનું થાય ત્યારે જો કંઈ ભૂલ થાય તો મા કહે – "તને એક દિવસ ન રાખું, હમણાં પાછી મોકલી દઉં, પણ શું કરું ? તારા બાપુજી મૂકી ગયા છે." એકવાર સંધ્યાને કહે – "જય હો ! રવુભા કી જય હો ! તને જોઉં છું ને રવુભા યાદ આવે છે. અમારી પાસે રવુભાની થાપણ છે !"

* * *

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



બાપુ : તને અહીં ગમે છે ?

સંધ્યા : હા, તમે હો ત્યાં બધે ગમે.

બાપુ : થોડા દિવસ સારું લાગે.

સંધ્યા : તમે રાખી જુઓ. તમે ચારધામની યાત્રા કરી છે. મને પણ જાત્રા કરાવો ને !

બાપુ : પ્રારબ્ધ હોય ઈ જ આવી હકે. પ્રારબ્ધ હોય એટલું જ રહેવાય.

* * *

એક ચૈત્ર-નવરાત્રિમાં નવ દિવસની રામ-પારાયણ કરેલી. બાપુને અગાઉથી પત્ર લખી જણાવી દીધું કે પૂર્ણાહુતિ કરી આપને પ્રણામ કરવા આવું છું. પારાયણ કર્યું. પછી બીજે દિવસે સવારમાં બસ પકડી બકરાણા ગઈ. બજારમાં રસ્તે સડસડાટ ચાલીને જતી'તી. હજુ દુકાનો પણ ખૂલી નહોતી. ત્યાં પાછળથી બાપુએ બૂમ પાડી. જોયું તો- બાપ રે ! રસ્તામાં ખૂણે મોચી બેસતો હતો એ જગ્યાએ પલાંઠી વાળીને ધૂળમાં બેઠાં હતાં બાપુ !

સંધ્યા : બાપુ ! આહીં કેમ બેઠાં છો ? તમારું શરીર હમણાં નરમ રહે છે. સવાર સવારમાં અહીં ?

બાપુ : તેં પત્રમાં નો'તું લખ્યું કે આવવાની છે ? એટલે તને લેવા આવ્યો છું.

સંધ્યા : (મનમાં) હે પ્રભુ ! સારું થયું કે આ જ રસ્તે આવી. નહીં તો બાપુ અહીં રાહ જોયા કરત અને હું ઘરે પહોંચી જાત. ક્યાંય સુધી જીવ બળ્યા કર્યો.

ગામમાં પેસતાં જ રામજી મંદિર છે. બાપુ બહાર જતાં-આવતાં પસાર થાય એટલે મંદિરે પાઘડી ઉતારી વંદન કરીને આગળ વધે. સવારે નહાઈ-ધોઈ, પરવારી બાપુ પાસે જતી, ભજન ગાતી, સત્સંગની વાતો થતી. કહેણ આવે ત્યારે જમવા દરબારગઢમાં જતા. સંધ્યા બહેનો સાથે આરામ કરે. બાપુ એમના ઓરડે જાય. બપોર પછી થોડીવાર એમની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



સાથે બેસવાનું થાય. સાંજનું જમવાનું બાપુ ઓરડે મંગાવી લેતાં. સવારે એકવાર જમવા દરબારગઢ અવશ્ય જતાં. કહે કે બધાને રાહત રહે તેમ જ રાજી થાય કે દાદાની તબિયત સારી છે.

જમવા બેસીએ ને એટલે બાપુ કહે – "જો આમ મારી ઘોડે(જેમ) વાડકામાં દૂધ લે. ઈમાં ભાત નાખ." પછી ભરપૂર ઘી પિરસાવે. કહેતાં – "ઘી વગર ભૂતિયું જમવાનું ગણાય." પછી કહે – "હવે જમવાનું શરૂ કર." જાતે થાળી ન ઉપાડવા દે. કહે – "લઈ જશે." આગ્રહ કરીને જમાડે.

સંધ્યા : આ બધું મને પચવાનું નથી. હવે તો સંધ્યા ઘરની થઈ ગઈ. એ કાંઈ શરમાશે નહીં.

બાપુ : મને ખબર છે ને !

અરે ! એકવાર તો કેરીના રસમાં ભાત(નંખાવી) ભેળવીને જમાડ્યે જ છૂટકો કર્યો, જે કોઈ દિ' જોયું તો શું પણ સાંભળ્યું નો'તું !

સંધ્યા : રંસ ને ભાત કેવા લાગે ? મને નહીં ભાવે.

બાપુ : હું કહું એમ કર ને તું !

સંધ્યા : (મનમાં) આપણું અહીં કંઈ ચાલવાનું નથી. જે પિરસાવે એ જમી લેવામાં શાણપણ છે. બાપુને સાબુડી બહુ ભાવતી. મેંદાના લોટમાં ખાંડ ઉમેરી ખૂબ હલાવે પછી ઠારીને ચકતા પાડે. એ ટુકડા પણ આગ્રહ કરી જમાડે. સંધ્યાને ગળપણ ભાવે નહીં પણ ટેસથી જમે અને હવે તો ગળ્યું પણ ભાવવા લાગ્યું છે.

બપોરે આરામ કરીને ચા પીધા પછી બાપુ પાસે જતી. તો પણ ખાસ ચા મુકાવી મંગાવે અને પિવડાવે.

સંધ્યા : ચા પીને આવી છું.

બાપુ : એક રકાબી લેજે. મેં ક્યાં તને પિવડાવી છે ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



સંધ્યા એક રકાબી ચા પીવે એટલે કહે - ''બીજી થોડી લે.'' એ પૂરી થાય ને એટલે કહે - ''જો તો કીટલીમાં થોડી હશે, લઈ લે. પૂરેપૂરી રકાબી ભર.'' - આમ કીટલીની ચા પૂરેપૂરી ઠલવાવે ત્યારે એમને સંતોષ થાય.

ખરી મજા તો સંધ્યા અને મોટીબહેન બકરાણા ગયા ત્યારે થઈ ! એ દિવસોમાં બાપુ રોજ સવારે દળેલી મેથીનો ભૂકો જમતાં. અમે નહાઈ-ધોઈ, પરવારીને બાપુ પાસે જતા'તા. ત્યાં શેકેલી વાટીને ભૂકો કરેલી ગરમ ગરમ મેથીનો વાડકો બાપુ માટે આવ્યો. બાપુએ જેવો વાડકો હાથમાં લઈ ચમચી ભરી કે મોટીબહેન કહેવા લાગી - ''બાપુ, મને ન આપશો.''

બાપુ : બા, તમને નથી આપતો. તમારા માટે નથી. આ તો સંધ્યાબેબીને આપું છું. સંધ્યાને વગર લેવે-દેવે મેથી ખવડાવી. પછી બાકીની પોતે ખાઈ ગયા.

મોટીબહેન બહુ ખુશ થઈ. કહે - ''ઘરમાં બહુ ચરબી કરે છે. બાપુ પાસે કેવી સીધી સટ્ થઈ જાંય છે ! અહીં કશું બોલે છે ? ઘરે તો આખી મેથી નાખી હોય તો પણ બબડાટ કરી મૂકે છે. અહીં હોંશે હોંશે ખાઈ ગઈ !''

બાપુને ગળપણ ભાવતું. મરચું બિલકુલ ન આપો ને તો પણ ચાલે. ઘીમાં વઘારેલું બટાકાનું શાક અને કેરી તો અતિશય વ્હાલી. ઘરે પધારે ત્યારે એવી મીઠી મૂંઝવણ થાય ને કે બાપુ માટે શું બનાવું અને શું કરું ? એમને શું ભાવશે ? ગરમ ગરમ પોચી પોચી રોટલી બનાવું. વિચાર આવે કે ઘી-દૂધથી ટેવાયેલાં છે. એના વાડકા ભરું. બાપુને પૂછીએ તો જવાબ આપે - ''તું બનાવે ઈ મને ભાવતું જ હોય.'' ક્યારેય કશું કહે નહીં. બાપુની પથારી જાતે તૈયાર કરું. રેશમી ચાદર પાથરું. અગરબત્તી કરું. પાણીનો લોટો ભરીને મૂકું. તોય અધ્ધરજીવ રહેવાય કે બાપુને ફાવશે ? એ તો કેવા ખુલ્લામાં જીવવા ટેવાયેલા છે ! અહીં તો બધું બંધિયાર-બંધિયાર લાગતું હશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



એક દિવાળીની રજામાં બાપુને પ્રણામ કરવા ગઈ'તી. ખૂબ આનંદ કરાવ્યો. સંધ્યા બાપુ પાસે રજા લેવા ગઈ કે હવે અમદાવાદ જઉં ?

બાપુ : તુલસીદાસજી કહે છે કે સંત-સજ્જન મળે ને ત્યારે ખૂબ આનંદ થાય, વિખૂટા પડે ત્યારે દુઃખ થાય. જ્યારે અસંત-દુર્જન માણસ મળે ને ત્યારે દારુણ દુઃખ થાય અને છૂટા પડે ત્યારે આનંદ થાય. તું જાય છે ને ઈ મને નથી ગમતું. બહુ દુઃખ થાય છે. તું રહી જા ને !

સંધ્યા : ઘરે બધા રાહ જોતા હશે. નહીં જાઉં તો ચીડાઈ જશે.

બાપુ : કાલ સવારે જતી રહેજે ને !

સંધ્યા સવારે નહાઈ-ધોઈ, પરવારીને બાપુ પાસે ગઈ. ભજન-સત્સંગ કર્યો.

બાપુ કહે : "જમીને જજે. એમનેમ નો જવાય."

જમ્યા પછી કહે – "હવે આરામ કરીને આવ. પછી જજે." આરામ કરીને બાપુ પાસે રજા માંગવા ગઈ તો કહે – "અત્યારે તડકામાં જઈ શું કરીશ ? બેસ, સાંજે ચાર વાગ્યાની બસમાં જજે."

સંધ્યા રજા લઈને ચાર વાગ્યાની બસ પકડવા જાય ને એટલે ઝાંપેથી બૂમ પાડીને પાછી બોલાવે. કહે – "હું શું કહેતો હતો ? હા, યાદ આવ્યું. બાને-બહેનોને, ઘરે હંધાયને મારા ખાસ આશીર્વાદ કહેજે. અમદાવાદ આવીશ ત્યારે ચોક્કસ બધાને મળવા આવીશ."

સંધ્યાને થાય કે જરૂર આજે આ બસ ગુમાવવાનો વારો આવશે. છેલ્લી બસ છે. પછી બીજી કોઈ બસ પણ નથી. આજે પણ બાપુ જવા દેશે કે નહીં ? લગભગ દોડતાં જ અમે બસસ્ટેન્ડે પહોંચ્યાં ત્યારે દૂર ગામની ભાગોળેથી બસ આવતી દેખાઈ.

એકવાર મોટાભાઈ-મોટીબહેન બકરાણા ગયેલા. જમી-પરવારીને બધા બેઠેલા. ઘરે ઘણા મહેમાન હતા. હસીમજાક ચાલે. મોટીબહેન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



કહે - ''બોલવામાં બાપુને કોઈ ન પહોંચે ! બધાની ઠઠ્ઠામશ્કરી કરવામાં પાવરધા. કોઈને છોડે નહીં.'' મોટીબહેન કહે કે સંધ્યા બહુ ઓછું બોલે છે, બોલતી નથી. બાપુ જવાબ આપે- ''બોલ્યા વગર મને અમૂઝણ (મૂંઝવણ) થાય. હું તો હંમેશાં દાંત કાઢતો હોઉં ને બધાને દાંત કઢાવું.

એકવાર દિવાળી વખતે સંધ્યા-પીયૂષભાઈ બકરાણા ગયેલાં. ત્યાં બંને જણા બાપુ સાથે ડાયરામાં બેસવા ગયેલાં. બધાં અફીણ ઘોળીને એકબીજાને પિવડાવે. પીયૂષભાઈને ખૂબ આગ્રહ કરે - ''પરસાદી લીયો. થોડી લો. છાંટોય તે લેવી જોઈએ.'' પીયૂષભાઈ ના પાડ્યા કરે. પછી બાપુ કહે ''રહેવા દીયો, આગ્રહ નો હોય. ઈમને ઘરસાદી નથી ફાવતી તો પરસાદી ક્યાંથી માફક આવવાની છે !'' બાપુ ઘરે પધારે ત્યારે સંધ્યા ગુલાબનું ફૂલ આપતી અને બકરાણા જતી ત્યારે ગુલાબનો હાર લઈ જતી, પ્રસાદ લઈ જતી. હારના પૈસા ખર્ચ કરું એ બાપુને જરાય ગમતું નહીં. કહે - ''આવો ખોટો ખરચ ના કરતી હોય તો !'' તેથી ક્યારેક હાર લઈ જતી અને ક્યારેક નહીં. એમના અણગમાના હિસાબે પછી બંધ કરેલું.

એકવાર સંધ્યાને કોઈ ગડમથલની મનોદશામાં બાપુ પાસે જવાનું થયું.

સંધ્યા : આપ શક્તિ આપો. ખૂબ ભજનભાવ થઈ શકે.

બાપુ : તારે એ માંગવાની જરૂર નહીં પડે. હું બોલું છું એ મંત્ર. મારા આશીર્વાદ એ સ્પર્શ. મંત્ર એટલે બીજું કશું નહીં, વિચાર.

સંધ્યા : આપને શરણે આવી છું, સ્વીકાર કરો.

બાપુ : મારો ગુસ્સો સહન કરવો પડશે.

સંધ્યા : (તરત તો બાપુને કશું નો'તું કહ્યું પણ પછીથી) ધીરે રહીને કહ્યું- મારી સાથે ગુસ્સો ન કરતાં. ત્યારે સંધ્યાને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



ખબર નહીં કે એમનો સ્નેહ એ સ્નેહ છે તો ગુસ્સો એ વિશેષ સ્નેહ છે. નહીં તો એમને શું પડી છે કોઈના પર વિશેષ ગુસ્સો કરવાની ?

બાપુ : ત્રણ વાત જીવનમાં હંમેશાં યાદ રાખજે.

(૧) કોઈની આશ્રિત થઈશ નહીં, સ્વાવલંબી જીવન જીવજે. નોકરી છોડીશ નહીં. તને જેમાં ઇચ્છા થાય તેમાં સારા કામમાં પૈસા વાપરજે.

ઑફિસમાં કોઈને કાંઈ કહેવું પડે એવી નોકરી કરીશ નહીં. બીજાનું-અણહક્કનું લઈશ નહીં.

(૨) ઘર છોડીશ નહીં.

(૩) જગતમાં રામજી એક જ પુરુષ છે. બીજા કોઈ પુરુષને પુરુષ જાણીશ નહીં.

કોઈ દિવસ પુરુષજાતનો વિશ્વાસ કરીશ નહીં. એકાંતમાં ક્યારેય પુરુષ સાથે રહેવાનું નહીં. ઉદાહરણરૂપે બાપુએ વ્યાસજીનો પ્રસંગ કહેલો.

* * *

ઠંડીના દિવસો હતા અને સંધ્યા બકરાણા ગયેલી. ત્યારે બાપુ કહેતાં - ''જો સંધ્યા, વહેલાં ઊઠીએ અને આમ પ્રભુભજન પથારીમાં બેસી, રજાઈ ઓઢીને કરવાનું (ખાટલામાં બેસી રજાઈ ઓઢીને બતાવતાં) એટલે ટાઢ લાગે જ નહીં ને ! બોલ, તું આમ બેસીને ભજન કરે છે ? થોડું થોડુંયે તે ભજન કર. પદ્માસન કરવાની જરૂર નથી. સુખાસનમાં બેસીને કર અને ઈમેય નો ફાવે તો થોડો વખત પગ લાંબા કરી દેવાના, ફરી પાછા સુખાસનમાં બેસવાનું. હું ભજન કરવા સૂર્યોદયથી બેસતો તે સૂર્યાસ્ત પછી જ ઊઠતો. એવો નિયમ રાખતો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



બાપુ એટલા સ્નેહથી સમજાવતાં કે વાત ન પૂછો ! સંધ્યાને પૂછતાં – ''તું દરરોજ સ્નાન કરે છે કે નહીં ?''

સંધ્યા : સ્નાન તો રોજ કરવાનું જ હોય ને ?

બાપુ : ભજનભાવ કરે ને ઈ આંતરિક સ્નાન કહેવાય. ઇય તે રોજ નિયમિત કરવાનું હોય.

* * *

એકવાર સંધ્યા બકરાણા જવા અમદાવાદના એસ.ટી. બસસ્ટેન્ડે ગઈ. બાપુને ત્યાં બેઠેલાં જોયાં.

બાપુ : કેમ આવી છો ?

સંધ્યા : આપને મળવા આવી છું.

બાપુ : મળી લીધું ? જાંવ, પાછા જાવ.

સંધ્યા : આપને માટે કેરી લાવી છું.

બાપુ : લે આ પૈસા, જા, ચપ્પુ ખરીદી લાવ.

સંધ્યા ભાવતાલ કર્યા વગર જે પૈસા કહ્યા એટલા ચૂકવી ચપ્પુ ખરીદી લાવી. બાપુએ જાણ્યું એટલે નારાજ થઈ ગયા. કહે – ''તને પૈસાની કિંમત છે ? ખરીદી આવી રીતે કરાય ? પછી સંધ્યાએ કેરી કાપી. બાપુ જમ્યા, પછી કહેવા લાગ્યાં – ''સંધ્યા, હવે ઘરે જતી રહે, બધાને મારા આશીર્વાદ કહેજે.''

આવું જ ફરી એકવાર બન્યું. સંધ્યા બકરાણા બે જોડ કપડાં લઈને ગઈ. એના મનમાં એમ કે બાપુ સાથે થોડા દિવસ રહીશ. જેથી એમને પ્રણામ કરવા ગઈ ને એટલે કહેવા લાગ્યાં – 'કેમ આવી છો ? આંહીં કન શું ભાળી ગઈ છો ?

સંધ્યા : આપની પાસે રહેવા – ભજન – સત્સંગ કરવા આવી છું.

બાપુ : ઘરે ભજન કરતાં કુણ તારું કાંડું ઝાલે છે ? ઘરમાં રસોઈ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



કરતાં, બસની રાહ જોતાં, નવરી પડે કે એનું નામ લે. આખો દિવસ ઑફિસમાં કામ કરે છે ? સમય મળ્યે એનું ભજન કર, જપ કરજે. જા, ઘરે જતી રહે.

વળતી બસે સંધ્યાને વિદાય કરી દીધી. એને કાપો તો લોહી ના નીકળે એવું થઈ ગયું. ત્યારબાદ સંધ્યાની શું હિંમત છે કે બાપુ પાસે જવાનું નામ દે ! એમ કરતાં ઘણો સમય પસાર થઈ ગયેલો. સૌથી નાની બહેન નીનાને ત્યાં બાબાનો જન્મ થયો. વિગતો બાપુને પત્રમાં જણાવી. આશીર્વાદ માંગ્યા કે મારો દીકરો બહેરો-બોબડો ન થાય. આ પત્રનો જવાબ બાપુએ સંધ્યાને આપ્યો કે તું લખી દેજે કે મારા આશીર્વાદ છે, બાબો બહેરો કે બોબડો નહીં થાય. સાથે સાથે બાપુએ આમંત્રણ આપેલ કે પોંકની સીઝન છે, બધા બકરાણા આવો. ઘણાં દિવસથી મળવાનું નથી થયું તો એ બહાને મળવાનું પણ થઈ જશે. એ પછી સંધ્યા બાપુ પાસે બકરાણા બધા સાથે ગઈ.

* * *

માની ગોપનાથમાં યુવા-સત્સંગ શિબિર અને ત્યારબાદ વડીલોની સત્સંગ-શિબિર રાખેલી. બાપુએ જાણ્યું કે સંધ્યા જવાની છે.

બાપુ : તું ભણેલી છે ?

સંધ્યા : હા.

બાપુ : નોટ-પેન લઈ જજે. તને શું સમજ પડી ને એ મારા માટે લખી લાવજે. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ. નવરી પડે કે નોટપેન લઈને સંધ્યા કલાકો સુધી દરિયાકાંઠે જઈને બેસે. વિચારોના ચકરાવે ચઢી ગઈ કે સમજ એટલે શું ? માનાં સત્સંગશિબિરનાં પુસ્તકો થતાં હોય છે. જુદી ભાષામાં અનુવાદ પણ થતાં હોય છે. વળી ઓડિઓ કેસેટ પણ મળે છે. એટલે મા શું બોલે છે એ યાદશક્તિથી લખી જવાનો કોઈ અર્થ જ નથી. આ બધું તો સહજ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



પ્રાપ્ય છે. બાપુને તો એમાં રસ છે કે સંધ્યાને સમજ શું પડી ? શિબિરના આખરે હરામ બરાબર જો સંધ્યાએ નોટમાં એક અક્ષર પણ પાડ્યો હોય તો ! (પાડી શકી હોય તો !)

*

સંધ્યા : બાપુ, 'સમજ' એટલે શું ?

બાપુ : સમજ એટલે બીજું કાંઈ નહીં, તને શાક લેવા મોકલે ત્યારે શું શું લાવવું ઈ હંધુંય જણાવી દે. પછી નથી કહેતાં કે સમજ પડી ગઈ ને ? જા. એટલે કહ્યા પ્રમાણે તું શાક ખરીદીને લઈ આવે. ઈમ જે જાણ્યું એ પ્રમાણે જીવવાનું બને તો ઈનું નામ હમજ પડી કહેવાય.

બીજું ભણેલાનું ઈ બહુ દખ કે અરથ જાણ્યા વગર બસ દીધે જ રાખે ! કહે – "ધ્યાન એટલે શું ? ધ્યાનનો તો એટલો મોટો 'હાઉ' ઊભો કરી દીધો છે ને કે ઈનો અરથ જ બગાડી મેલ્યો છે ! આપણે નથી કહેતાં – ઠેબું કેમ ખાધું ? ધ્યાન રાખીને નથી ચાલતાં આવડતું ? હવેથી ધ્યાન રાખજે. ધ્યાન એટલે જે કંઈ કરીએ ઈમાં સાવધ રહીએ. ગફલત નો થાય.

એકવાર મને માનપત્ર આપ્યું. ઈમાં લખેલ કે ઋષિ રવુભા નારૂભા વાઘેલા. મેં કહ્યું – ઋષિ પરણેલા હોય ઈને લખાય, હું તો બ્રહ્મચારી છું. ભૂંહી નાખો. ભણેલાનું આવું હોય. ભૂંડી કરી એમણે તો ! સંધ્યા, જેણે બ્રહ્મચર્ય પાળ્યું હોય ને ઈના પેટ હંમેશાં મોટા હોય. તું કોઈની નિંદા કરીશ નહીં અને કોઈની નિંદા સાંભળીશ નહીં. કોઈની નિંદા સાંભળીએ ને એટલે એનો દસમો ભાગ આપણને ચોંટે ! આપણા જેવા બીજા નવ મળે એટલે એનું ખાતું સફાચટ થઈ જાય !" અને ખરેખર સંધ્યાએ જોયું છે કે ટોળે વળીને બધાં બેસે ને એટલે કૂથલી જ હોય ! નહીં તો આપવડાઈમાંથી ઊંચા ન અવાય. પોતાની જાત સાથે જે મજા આવે ને એ બધા સાથે રહીને નથી આવતી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



હિમાલયના ગંગોત્રીવાળા સ્વામીજીનો સંધ્યા પર પત્ર હતો. બાપુ પધાર્યાં ત્યારે એમને વાંચી સંભળાવ્યો. એને એમ કે હવે આ પત્રનું કશું કામ નથી એટલે ફાડી નાખ્યો. બાપુ કહે – "અરે ! આ તેં શું કર્યું ? આ તો સંતોનો અક્ષરદેહ કહેવાય ! આમ ફાડી નખાય ?" એવું લાગ્યું કે જાણે સંધ્યાએ મોટી ભયંકર ભૂલ ન કરી નાખી હોય !

બાપુ હંમેશાં કહેતાં : તારો માંહ્યલો રાજી રહે એમ જીવજે અને કરજે.

સંધ્યા : મને ખબર નથી પડતી.

બાપુ : ઈ બને જ નહીં.

❖ ❖ ❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

# સત્સંગપ્રેમીઓ વચ્ચે બાપુ

એકવાર બાપુ પધાર્યાં ત્યારે સત્સંગમાં વાર્તાલાપ થયેલો.

સજ્જન : બાપુ, મેં મા આનંદમયીની ખૂબ સેવા કરી છે. જીવનમાં એમની સેવાનો લાભ મળ્યો છે. મુરારિબાપુની સેવામાં પણ જાઉં છું. બીજું કાંઈ નથી આવડતું. સેવા કરવાનું ગમે છે. આપની સેવાનો પણ લાભ આપો.

બાપુ : થેંક્યુ. તમારી પાસે માળા છે ? ના હોય તો ખરીદી લાવીને પ્રભુનું સ્મરણ કરવા માંડો. ઈ જ મારી સેવા.

બીજા એક સજ્જને બાપુને પ્રશ્ન પૂછેલો કે આપણું બુદ્ધિધન પરદેશ જતું રહે છે. એન્જિનિયર, ડૉક્ટરો ભારતમાં રહેતાં નથી. દેશનું શું થશે ? કોઈને દેશદાઝ નથી.

બાપું : દેશદાઝ છે કુને ? જેના હાથમાં લગામ છે ઈનેય તે લગીરે દેશદાઝ છે ? નર્યો સ્વારથ છે. દાઝે, પણ સગાનું. બુદ્ધિધન પરદેશ જ વહ્યું જાય ને ! આંય કન સરકાર સવલતો જ ક્યાં આલે છે ? વેપાર કરવાય તે લોક પરદેશ જાશે. કનડગત કેટલી ? ધાડપાડુ, લૂંટારા હારા ! એકવાર લૂંટીને જતા રહે. આ તો આ કર આપો ને પેલો કર આપો. વાતે વાતે નિયમું બદલે– જ્યાં એમના પગ તળે રેલો આવે તો રાતોરાત કાયદા બદલી નાખે. ખૂણોખાંચરોય તે સાફ કરે ત્યારે શાંતિ થાય.

* * *

એકવાર વીણા માંડલિયાને ઘરે બાપુને, સાથે અમને બધાને જમવાનું આમંત્રણ આપેલું. સવારે વીણાને ત્યાં જમવાનું હતું અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



સાંજે બધા વીણાના બ્હેન જશુબેનને ત્યાં ગયેલા. સાંજનો જમણવાર જશુબેનને ઘેર હતો. સંધ્યાને ખબર પડી કે આજે બાપુના પગ ધોઈને પૂજા કરવાના છે અને ધોતિયું ખરીદી લાવ્યા છે. મનમાં થયું કે આજે ખરાખરીનો ખેલ જામશે. બાપુએ આખી જિંદગી કશું લીધું નથી. આજે થોડા માનશે ? ગળા સુધી ખાતરી હતી કે બાપુ કોઈ ઉપાયે માનવાના નથી. વડીલોની બાબતમાં મારાથી બોલાય કેવી રીતે ? જે થાય તે ખરી ! સાંજે જમણવાર પત્યો. બધા ભેગા થઈને બેઠાં. ઘર આખું ખીચોખીચ ભરાઈ ગયેલું. જશુબેન અને એમના ઘેરથી બધી તૈયારી કરી થાળ લઈ આવ્યા. બાપુ તો જોઈ જ રહ્યાં. જશુબેન વાતનો કેડો જ ના મેલે. ખૂબ રકઝક થઈ. જશુબેન માને નહીં. બાપુ પૂજા કરવાની ના પાડે. બાપુને બરાબર હંફાવ્યાં. આખરે બાપુ કહે – ''સંધ્યાબેબી, ક્યારની તું ચ્યમ બોલતી નથી ?'' મારાથી કહેવાય પણ શું ? પછી મેં વીણાને કહ્યું – તારી બહેનને કહે કે બાપુને એમના માએ નિયમ આપ્યો છે એટલે બાપુ ક્યારેય કોઈની પાસે કશું લેતાં નથી. એ નહીં જ લે અને કદાચ લે ને તો પણ ઉમેરીને તરત પાછું દઈ દેશે. બાપુએ પૂજા ન કરવા દીધી અને કશું લીધું પણ નહીં. બાપુ ક્યારેય પોતે પૂજનીય વ્યક્તિ છે એવું સ્વીકારતાં નહીં. જશુબેન માટે કહેતાં કે સંધ્યા, તેં એમની આંખો જોઈ ? અમૃતથી ભરેલી છે. વીણા માટે કહેતાં કે ખૂબ પ્રેમાળ બહેન છે.

આવો જ બીજો એક પ્રસંગ બનેલો. રામેશ્વર મંદિરના એ પૂજારી ઘરે મળવા આવેલા. એમને હેન્ડીક્રાફ્ટની દુકાન. બાપુને પધરામણીનું આમંત્રણ આપેલું. સંધ્યા અને પીયૂષભાઈ એમની સાથે ગયેલા. આરતીની તૈયારી કરી. પ્રસાદ માટે પેંડા લાવેલા. જ્યાં દીવો પ્રગટાવીને લાવ્યા કે એમના હાથમાંથી દીવો લઈ એ ભાઈની બાપુએ પોતે આરતી ઉતારી અને પ્રણામ કરી કહેવા લાગ્યાં – ''એક તો તમે બામણ, બીજું અમારા ગોર મહારાજ, પૂજા અમારે તમારી કરવાની હોય !'' – આમ બાપુ હંમેશાં પોતાને બધાથી નાના ગણે. સાણંદથી મુનિ મહારાજ પધારે તો ક્યારેક નળ સરોવર પાસેના ગામના ઝોળા તપસ્વી હોય, તો વળી ક્યારેક માણભટ્ટ ધાર્મિકલાલ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



પંડ્યા હોય. બધાને ઊંચા આસને બેસાડે, પોતે પટ્ટ દઈને નીચે બેસી જાય. હંમેશાં કહેતાં – ''હું તો ગામડાંનો અભણ માણસ, એમાંય પાછો ખેડૂત.''



સાણંદના મુનિઆશ્રમના મુનિ મહારાજ સંગે
સન્તપ્રેમી-સત્સંગપ્રેમી (સ્વુભા) બાપુ

એક ગઢવી હંમેશાં બાપુ પાસે આવતા, વર્ષો જૂનો સંબંધ. બાપુની સંગતે રામાયણનો અભ્યાસ કરતા થઈ ગયેલા. રામાયણ પર બોલે સરસ. મિલમાં નોકરી કરે પણ બાપુ પાસે આવે તો મહિનાઓ સુધી બાપુ પાસે રોકાઈ જાય. કહેતા હોય કે ભગવાને દાંત દીધા છે તે પેટ પૂરતી વ્યવસ્થા થાય એટલે બહુ થઈ ગયું. ઝાઝું જોઈતું નથી ને ભેગું કરવું નથી. બાપુ ભેગી મને પણ રામાયણની લત લાગી છે. હસતાં હસતાં કહે – ''બાપુની મહેમાનગતિ મળે પછી કોને ઘરભેગા થવાનું ગમે ?'' એ ભાઈની રામાયણની નકલ સંધ્યાએ જોઈ છે. આખા રામાયણમાં પાને પાને લાલ શાહીથી અર્થ લખીને ભરચક કરી દીધેલું. રામાયણનો એમનો અભ્યાસ પણ કેટલો ઊંડો હશે ! બાપુ સાથે એક વાર વિજયનગર પણ પધારેલા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



સંધ્યા બાપુ સાથે વિમલ મિલના મેનેજર, સંસ્કારભારતી સ્કૂલના પ્રિન્સિપાલ- બધાંને ઘેર ગઈ છે. એ ભીડની કાયર પણ બાપુ સાથે રથયાત્રાના દર્શન કરવાય ગઈ છે. બાપુ સાથે લીલાબાને ઘરે જવાનુંય બન્યું છે. એક દિવસ બાપુ પૂછે – ''લીલાબાને સંતાનમાં શું છે ?''

સંધ્યા : એમને સંતાનમાં કશું નથી.

બાપુ : ઘરમાં બાળકો છે એ ?

સંધ્યા : બાજુમાં પોલીસલાઈન છે ત્યાં રહેતાં પરિવારનાં બાળકો આવે છે. અહીં રહેતાં-જમતાં હોય અને કામમાં મદદ પણ કરતાં હોય. થોડો સમય લીલાબાને ત્યાં બાળકો નિયમિત ભેગા થતાં અને પ્રાર્થના-ભજન થતાં.

બાપુ : ઘણું સરસ, યજ્ઞ કરતાંય અદકેરું કાર્ય.

શ્રાવણ મહિનો, અધિક મહિનો અને વાર-તહેવારે બધી બહેનો એમને ત્યાં ભેગી થાય અને ગીતા કે સારાં પુસ્તકોનું વાચન-અધ્યયન કરતાં હોય, ક્યારેક માની (શ્રીવિમલાતાઈની) કેસેટ પણ સાંભળે. એમનું સેવાભાવી વ્યક્તિત્વ. પોતે પંડે બે માણસ પણ વર્ષની બાર ગુણ ઘઉંની વપરાશ એટલો આવરોજાવરો ! ક્યારેય એકલા રહેતા જોયા નથી. પોતાના ભાગનું બીજાને જમાડે ત્યારે એમને સંતોષ થાય. સંધ્યા માટે પોતાની દીકરી જેવું હેત રાખે. પ્રભુપ્રેમીઓને જોઈ અડધાઅડધા થઈ જાય. બાપુ આર્યસાહેબ (લીલાબાના પતિ) માટે કહે કે જ્ઞાની પુરુષ છે. બાપુ એમને પગે લાગે. આર્યસાહેબ પણ એવા, સામા બાપુને વંદન કરે ત્યારે જ સંતોષ માને. લીલાબાને કંઠે ગંગાસતીનાં ભજનો સાંભળવાં એ પણ એક અનેરો લ્હાવો છે ! ભજનની રમઝટ બોલાવે. બાપુને ગળપણ બહુ જ ભાવે. લીલાબાને ત્યાં જવાનું થયું ત્યારે એમણે ગરમ ગરમ જલેબી બનાવી જમાડ્યાં. બાપુ કહે - ''૮૦ વર્ષમાં પહેલીવાર હાથે બનાવેલી ગરમ ગરમ જલેબી જમ્યો છું. સરસ થઈ છે.''

એકવાર બાપુ સંધ્યાને કહે – ''તું લીલાબાને ઘરે જા, હું કોરટનું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



કામ પતાવીને આવું છું. મારે લીલાબાને આપવું છે.'' સંધ્યાએ સરનામાની ચિઠ્ઠી લખી આપી. પોતે લીલાબાને ઘરે જઈ બેસી ગઈ. બાપુએ તો કોર્ટનું કામકાજ પતાવ્યું ને રિક્ષામાં બેસી ઘરે જવા માંડ્યાં, વાસણા આવ્યું એટલે એકદમ યાદ આવ્યું, જોડેના ભાઈને કહે - ''આ સરનામું વાંચતો ! ક્યાં આવ્યું ?'' વાંચીને ભાઈ કહે - ''આ અધૂરું સરનામું છે. શહેરમાં નગરી હૉસ્પિટલ પાસે, આનંદબાગ, આર્યસાહેબ- આટલાથી ઘર ન જડે. આ તો પાછળ રહી ગયું.'' બાપુએ જવાબ આપ્યો - ''તમતમારે જાવ. સંધ્યાએ લખ્યું છે એટલે બરાબર જ છે. એ મારી રાહ જોતી હશે.'' એ જ રિક્ષામાં બાપુ પાછાં વળ્યાં અને લીલાબાને ઘરે આવી ગયાં. કશી તકલીફ પડી નહીં. રાત્રે લીલાબાને કહે - ''સવારે નાહી-ધોઈને ધોયેલાં કપડાં પહેરી મારી પાસે આવજો.'' બાપુએ કહ્યા પ્રમાણે સવારે લીલાબાએ બાપુને પ્રણામ કર્યાં. બાપુએ નીચે ન પડે એમ લીલાબાના પાલવમાં પ્રસાદ આપ્યો અને આશીર્વાદ આપ્યા. બાપુ કહે - ''બસ, હવે પત્યું. તું ઘરે જતી રહે. હું હવે બકરાણા જઈશ.''

સંધ્યાના મનમાં ગડમથલ ચાલ્યા કરે કે તારા નસીબમાં શું હશે ? જિજ્ઞાસુ સાધક ત્રણ રીતે દીક્ષા પામતો હોય છે. એને મંત્રથી દીક્ષા મળતી હોય છે, દૃષ્ટિથી અથવા સ્પર્શથી. હજી તારી પરિપક્વતા થઈ નહીં હોય.

* * *

કિરીટભાઈ કૉન્ટ્રેક્ટરની વાત કરતાં બાપુ કહે - ''ખૂબ પ્રેમાળ દંપતી. મારા પર ભાવ બહુ રાખે. ઘઉં તો હંમેશાં બકરાણાથી જ મંગાવે. તેઓ કહેતાં હોય કે રોટલી જમીએ ને તો બાપુ ! તમારી યાદ આવે. એમના ઘરેથી (એટલે એમના પત્ની) એકવાર એવા જિદ્દે ચડ્યા ને કે બાપુ, તમારે ચાંદીનો ગ્લાસ રાખવો જ પડશે. કોઈ વાતે માને નહીં. પછી મેં વચલો રસ્તો કાઢ્યો કે હવે પછી જ્યારે પણ તમારે ઘરે આવું અને તમે જો ગ્લાસ આપવાનું યાદ રાખશો તો મારે લઈ લેવાનો અને જો તમે ભૂલી ગયા તો ક્યારેય એ વાત કરવાની નહીં અને મારે ગ્લાસ લેવાનો નહીં.''

* * *

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



બાપુને એક વકીલ મિત્ર. બાપુની દોસ્તીએ સત્સંગમાં રસ પડેલો. બાપુ કહેતાં કે વકીલ બહુ ભારે હોં ! ભગવાન હૌ (પણ) ઈનાથી છેટા રહેવાનું પસંદ કરે ! અમોએ એક મહિનો દ્વારિકા રહેવાનું નક્કી કર્યું. વકીલ પણ હાર્યે આવ્યા. ત્યાં પહોંચ્યા એટલે જાહેર કર્યું કે આપણે આંય કન તપ કરવા આવ્યા છીએ. કોઈએ પથારી લેવી નહીં, ભોંય પર સૂવાનું. એક ટંક ખીચડી–દૂધ જમવાનાં. બાપુ કહે – "મેં કહી દીધું કે મને ભોંયે સૂવાનું નહીં ફાવે. જમવામાં વાંધો નથી. અમે દર્શન કરવા ગયા. ત્યાં અમારા ગોરમહારાજ મળ્યા. મંદિરમાં એક મહિનો એમનો વારો હતો. એટલે અમોને એમને ત્યાં જ આખો મહિનો ભોગનો પ્રસાદ આરોગવાનું આમંત્રણ મળ્યું. જમવાનું તપ તો ગયું તો ગયું પણ હંધાય ક્યારે પથારી ભેગા થઈ ગયા ઈનીય તે નો ખબર પડી ! મેં કહ્યું – આપણે ઘરે કોઈ મહેમાન આવે તો કેવી આગતાસ્વાગતા કરીએ છીએ, ઈમ આપણે ભગવાન કને (પાસે) આવ્યા છીએ પછી કોઈ વાતની કમી રહે ખરી ? રોજ માલપાણી આરોગવા મળતાં."

બાપુ હસતાં હસતાં કહેતાં કે ભજન કરવું ઈ અમારા જેવા નવરા માણહનું કામ, બીજાને તો ફુરસદ જ ક્યાંથી હોય ?

વકીલ : અહીં એક વાતનું મોટું દુઃખ છે, તમને નથી લાગતું ?

બાપુ : મને તો એકેય દુઃખ લાગતું નથી. તમને કયું દુઃખ લાગે છે ?

વકીલ : મંદિરે દર્શન કરવા જઈએ છીએ તો ચાંદલા કરવાવાળા હખે દર્શન કરવા નથી દેતા. ઠોંહા માર–માર કરે છે !

બાપુ : જુઓ ! અહીં બંધાં માંગણિયા જ આવતાં હોય. ઈ નાના માંગણિયા હોય તો કોઈ મોટા માંગણિયા હોય. એની માંગણી સાંભળીએ તો આપણી મોટી માંગણી ભગવાન પણ સાંભળે !

* * *

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



પછી બીજા દિવસથી વકીલ ગૂંજું ભરીને આવતા થયા. બધાંને આઠ આના, રૂપિયો આપે. હવે એમને કોઈ ફરિયાદ ન રહી. આખો મહિનો પૂરો થયો એટલે વકીલ કહે – ''મેં એક મહિનો તપ કર્યું એનું ફળ કોઈને આપું તો ઈ હાચું પડે કે નહીં ?'' મેં જવાબ દીધો – મીનમેખ નો હોય, હાચું જ પડે ! વકીલે તો ગોર મહારાજ અને ગોરાણીને સંતાન નહીં તે ત્રણ દીકરા થાય એવા આશીર્વાદ આપ્યા. એ દંપતીને ત્યાં ત્રણ દીકરા થયા અને હજી જીવે છે. વકીલે તો આશીર્વાદ ઠપકારી તપનો પરચો કરી લીધો.

* * *

બાપુના જ શબ્દોમાં પુનિત મહારાજની વાત.

''એકવાર પુનિત મહારાજને મળવા જવાનું હતું. વકીલ મારી ભેળા થયા. ભીડ ખૂબ જ. એમને પ્રણામ કરવાની લાંબી લાઈન. લોક એમને પગે લાગે અને રડે. મહારાજ ઈના માથે હાથ મૂકે, આશીર્વાદ આપે, એટલે એ માણસ હાલતો થાય. પછી બીજાનો વારો આવે. આમ લાઈન આગળ વધતી જાય. મારો વારો આવ્યો. મેં એમની ડોકમાં હાર પહેરાવ્યો ને હાથ જોડી 'જય રામજી' કર્યા. પુનિત મહારાજે હાથ પકડી એમની જોડે બેસાડી દીધો. મારા પછી વકીલ. એમણે તો મહારાજના ખોળામાં માથું મૂકી રડવા જ માંડ્યું. મહારાજ ઘણુંય કીયે– 'છાના રીયો, છાના રીયો.' મને મનમાં થાય– જેવા તેવા નથી, વકીલ છે, વકીલ ! ઈમ છાના રીયે ઈ બીજા ! પછી તો વકીલે સાદ કાઢીને રડવા માંડ્યું, માંડ માંડ છાના રીયા.

બીજા દિવસે મને મળ્યા એટલે કહે – ''મેં તો એમ ધારેલું કે તમો ભગત છો પણ તમારી આંખમાંથી એક આંસુય ના આવ્યું.'' મેં જવાબ આપ્યો – હાવ હાચી વાત છે. આ તો લોક મને અમથા 'ભગત' કહે છે પણ મેંય તમારા માટે માની લીધું કે તમો મણકાના મેરુ– મોટા ભગત ! હંધાય કરતાં તમો ઝાઝું રોયા'તા, બરાબર ને ?''

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



બાપુ : સંધ્યા, મને ઈ વાત નથી હમજાતી કે વારંવાર પગે શીદ પડવાનું ? બીજી વાત રડવાની. બે હાથ જોડી 'જય રામજી !' કહીએ તો નો હાલે ?

બાપુએ કહેલા એક-બે બીજા પ્રસંગો યાદ આવે છે -

એક શ્રીમંત કુટુમ્બનો દીકરો મારી પાસે આવે. એક દિવસ કહે - "બાપુ, મને ગુસ્સો બહુ આવે છે. રસ્તામાં ગાડી હલાવતો હોઉં ને જો કોઈ આડો આવે તો ઊતરીને એક લાફો વળગાડી દઉં ! એવું થાય ને કે લોકોને રસ્તે હાલતાં પણ નથી આવડતું !" મેં જવાબ આપ્યો કે તું ગાડી હલાવતો હોય ને રસ્તામાં ઈન્દિરા ગાંધી હાલતા હોય તો ઊતરીને લાફો મારે ? ના મારે. ગુસ્સાનું એવું છે ને કે બીજાને નાના ગણીએ ને એટલે હટ્ દઈને ગુસ્સો આવે !

* * *

શ્રીમંત ભાઈ : કેટલી લૉટરી લઉં છું પણ લાગતી નથી. ભગવાનને કહું છું કે દાન-ધરમાદો કરીશ પણ બાપુ, નાની અમથીય તે લૉટરી નથી લાગતી.

બાપુ : ન જ લાગે ને લૉટરી ! ભગવાને તને કેટલું દીધું છે ! એમાંથી દાન-ધરમાદો કેટલો કર્યો ? પહેલાં દાન-ધરમાદો કરવા માંડ એટલે ભગવાનને વિશ્વાસ બેસે. પછી લૉટરી લે અને ન લાગે તો મને કહેવા આવજે.

❖ ❖ ❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

# મેલમિલાપમાંથી લાધેલું ભાથું

બાપુ સમાજમાં નામાંકિત સાહિત્યકારો, આંગળીને વેઢે ગણાય એવા ધર્મધુરંધરો અને મોટા મોટા સંતોની વાતો કરતાં. એમને ઉતારી પાડવાની કે ભૂલો કાઢવાની વાત નહોતી પણ જેને માટે માણસ બધું જ છોડે છે છતાં કેવું ગોથું ખવાય છે કે મૂળ સારતત્ત્વ બાજુ પર રહી જાય છે અને એ સિવાયની બાકી બધી આળપંપાળ ખડી થાય છે – આ વાત સંધ્યાના ધ્યાનમાં લાવવા માંગતાં હતાં.

બાપુના સત્સંગનો સાર સંધ્યા એટલો સમજી કે કોઈપણ વ્યક્તિ પરિણીત રહે કે અપરિણીત, કપડાં બદલી ભગવાં પહેરે કે રંગીન, સાદાં કે સફેદ કપડાં પહેરે, મુંડન કરાવે કે વાળ રાખે – એનાથી કાંઈ ફરક પડતો નથી. હા, બાહ્ય દેખાવથી સમાજને અને પોતાની જાતને સહેલાઈથી છેતરી શકાય છે. બાકી સંસાર એટલે શું ? અમુક વિચાર કે પરિસ્થિતિ જોઈશે જ અથવા નહીં જ જોઈએ એવો હઠાગ્રહ કે આગ્રહવાળું જીવન એટલે સંસાર. પછી એ બાવાની લંગોટીમાં પણ ભારોભાર હોઈ શકે અને દોમદોમ સાહ્યબીની સુખસુવિધા વચ્ચે સંસાર જોવાય ન મળે. જે કાંઈ મળે એનો પ્રભુપ્રસાદી ગણી સ્વીકાર હોવો જોઈએ. નાના-મોટા વ્યવહાર પ્રભુચરણે સમર્પિત કરી જીવન જીવતાં આવડવું જોઈએ.

બાપુ કહેતાં – ''સંસારીને દુઃખ પડે ને એટલે રડી રડીને દા'ડા કાઢે. જ્યારે ભગતને દુઃખ પડે ને એટલે રાજી થાય કે મારા ખરાબ કર્મો હાલ્યાં. એ બહુ ખુશ થાય અને સુખ મળે તો જાણે કે મારા સારાં કર્મો હાલ્યાં.

બાપુએ સંધ્યાને એક પુસ્તક ભેટ આપેલું. કહ્યું કે વાંચી જજે. એ લેખક મહાશય બાપુને કોર્ટમાં અવારનવાર મળતા અને બાપુનો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



સત્સંગ કરતા. એકવાર બાપુ કોર્ટમાં ગયાં તો પાસે બેસાડ્યાં. પોતાના સ્ટાફને કહ્યું - "થોડીવાર હમણાં બહાર જાવ." પછી પટાવાળાને કહે - "બારણું બંધ કરી દે." બાપુ કહે - "મને એમ થાય કે એવું તો એમને શું ખાનગી કામ હશે ? મને ધીરે રહીને પૂછે - 'ખરેખર ભગવાન છે ?' મેં જવાબ આપ્યો- હા, છે." એટલે એ ભાઈ કહે - 'હાશ ! તમે કહ્યું ને એટલે આજ વિશ્વાસ બેઠો.' ઊભા થઈને બારણું ખોલી નાખ્યું.

સંધ્યાને બાપુ કહે - "ઇમના બધાયનું આવું હોય. ચેટલુંય લખે, બોલે પણ જીવન ઠાલું ! આડી પ્રકૃતિ આવ્યા વગર રહે જ નહીં ! કથાકાર, નાટકકાર અને પ્રવચનકાર - આ ત્રણેથી ચેતતાં રહેવું. ઇમને અને ભગવાનને ન્હાવા-નિચોવવાનો સંબંધ ન હોય."

બાપુ કહે - "એકવાર સત્સંગમાં કથા-વાર્તા સાંભળવા બેઠેલો. મારી આગળ કોઈ એક ભાઈ બેઠેલા. એમણે એકદમ પછડાટ ખાધી ને સીધા મારા પર પડ્યા ! એમનું માથું છાતીમાં જોરથી વાગ્યું એટલે બે હાથથી એવું જોર કરીને પકડ્યા ને કે હાથ-પગ પછાડે પણ સ્હેજેય છટકી કે ચસકી ન શકે. મને થયું- એકવાર ગફલત થઈ ગઈ, હવે ભૂલ કરે ઈ બીજા ! શાંત થયા પછી જ છોડ્યા.

બાપુ : આને સ્હેજ પણ ભક્તિ કહેવાય નહીં. ભક્તિએ તો માણસ શાંત બને ! હૈયે હીમ જેવી ટાઢક હોય ! દુ:ખનાં આંસુ ગરમ લ્હાય જેવાં હોય, ઈ દઝાડે, જ્યારે પ્રેમનાં આંસું, ભક્તિના આંસુ ટાઢાં હોય, ઠંડાં હોય.

* * *

બાપુ કહેતાં કે અહીં મારી પાસે બે જાતના માણહુ આવે છે. એક ચિઠીયું લખાવવાવાળા અને બીજા પ્રભુપ્રેમી સત્સંગ માટે આવે છે. વિમલ મિલના મેનેજર અને સંસ્કાર-ભારતી સ્કૂલ-કૉલેજના પ્રિન્સિપાલ અવારનવાર અહીં આવે છે. (બાપુ સાથે સંધ્યા એમને ઘેર જઈ આવી છે.) મને એ લોકોએ કહી રાખેલું કે તમારે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



જરૂરિયાતવાળાને ચિઠ્ઠી લખી આપવી, અમે તેમને નોકરી માટે રાખી લઈશું. આપનાર આપે અને લેનાર લે: મારે કોઈ લેવાદેવા ખરી ? જેને જરૂરત હોય ઈ મારી પાસે આવી નોકરી માટે ચિઠ્ઠી લખાવી જાય. એમ ઘણાએ નોકરી લીધેલી. પછી તો એવું બન્યું કે ઘણાએ જાતે ચિઠ્ઠી લખીને નોકરી લઈ લીધી. એ તો જ્યારે શહેરમાં આવીને એ લોકોને મળવાનું થયું ત્યારે ખબર પડી. પછી તો મેં ઇમને કહી દીધું કે જેને નોકરીએ રાખ્યા છે એમને તગડી મૂકશો નહીં. હવે હું જાતે કહું ને તો જ નોકરીએ રાખવાના.

* * *

સંધ્યાને ગામનું નામ યાદ નથી પણ બાપુએ સાંભળ્યું કે ૨૫૦-૩૫૦ વર્ષના સંત છે, તો ભાઈબંધ સાથે ઊપડ્યાં સત્સંગ કરવા. ખાધું-પીધું ને પરવાર્યા ત્યાં પાનાં રમવા બેઠાં. સાણંદના ઠાકોર-સાહેબના હિસાબે પાનાં રમતાં આવડેલાં. બાજી બરાબર જામી, એટલામાં સાધુ મહારાજે ચપોચપ પાનાં ગાદી નીચે સંતાડી દીધાં. એમ કરતાં એમના પગે તાપોડિયાં થયેલાં દેખાયાં. એમના ભક્તો ગાડીમાંથી ઊતર્યા, પગે લાગ્યા; જાણે એકદમ ફેરફાર !

બાપુ : આ તો ધતિંગ કહેવાય. હાવ જુઠો ! ૨૫૦-૩૦૦ વર્ષ ખોટાં. એનું શરીર કંચન જેવું હોય. સંતને શું ફેર પડે, ભૂપનો ભૂપ આવે તોય ? આપણું આંહીંકન કામ નથી. ભાઈબંધ સાથે સ્થળ છોડી દીધું.

* * *

સંધ્યા સાણંદના ઠાકોરબાપુને બે વાર મળી છે. બાપુને હંમેશાં 'રામજી' કહીને સંબોધતા.

કોઈ જૈન સાધુ મહારાજે બાપુની હાજરીમાં 'લોચ' કરવા બાપુને ખાસ આમંત્રણ આપી તેડાવ્યાં હતાં. બાપુ કહેતાં - ''આટલું કષ્ટ દેહને શું કામ આપતા હશે ? રખ્યા(રાખ)થી જાતે માથાના વાળ ચૂંટી કાઢે. એમણે મને પાંચ નિયમ આપેલા કે તમો મને કાયમ યાદ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



કરો, ચા-કૉફી નહીં પીવાની, ગંજીફા-પાને રમવું નહીં, મધ નહીં ખાવું. મેં કહ્યું – બાકી બધું કરીશ પણ મધનો નિયમ નહીં પળાય. મધ અમારે પ્રસાદમાં હોય. ઈ નિયમો આજેય પાળું છું.''

* * *

''બીજા એક ભગવાધારી સંન્યાસીનો મેળાપ થયેલો. પહેલા ધડાકે મારે એક્સિડેન્ટ થયેલો. જ્યાં જઉં ત્યાં બે હાથ જોડી પ્રણામ કરું અને 'જયરામજી' મોંટેથી બોલું. એવી રીતે એમના પગ પાસે બેસી ગયો. નીચા નમીને પ્રણામ ન કર્યાં. એમાં એવા ભઠ્યા (ગુસ્સાપૂર્વકની નારાજગી) કે વાત ન પૂછો ! મને જો ખબર હોત તો તો નમીને પ્રણામ કરત. એ દિવસોમાં દાઢી રાખતો. ડોકમાં ઘણી બધી માળાયું પહેરતો. પંચકેશ રાખેલા. મહારાજે તો હાંકે રાખ્યું, એવું ડીંડવાણું હલાવ્યું કે પોતે પાંચ ફૂટ અને દસ ફૂટ અધ્ધર રહી શકે છે. પછી મારો વારો આવ્યો ! કહે– ''વિનય, વિવેક વગર જીવન નકામું. ભગત થવું હોય પણ પગે લાગતાં ન આવડે !'' શી ખબર ચેટલુંય બોલ્યા. પછી મારો મિજાજ એવો ગયો ને કે મહારાજને બરાબર લીધા કે (મહારાજ) રહેવા દીયો. હમણાં અઢી ફૂટ અધ્ધર પાટે જ તો બેઠા જ છો. અહીં તમારી કોઈ આવડત કામ નહીં લાગે.'' બાપુ કહે કે સંધ્યા, પળવારમાં માપી લીધું કે આ ધુતારો છે. એને એમ કે રાજા બાપુ ચેલા થાય તો એની પછવાડે બીજા ઘણા ચેલા મળી જાય. આપણે આખી જિંદગી પૈસાની લીલા લહેર ! આ તો બિઝનીસ છે ! બધાના ખિસ્સા ખાલી કેમ કરવા એની ફાવટ આવી ગયેલી. હું બોલું એટલે ખલાસ, સાણંદના બાપુ બીજા કોઈનું માને નહીં. એ સંન્યાસી ગયા તે ગયા, આજ સુધી ફરીવાર ડોકાયા નથી.''

* * *

''ત્રિકમદાસ બાપુ મોરારીબાપુના ગુરુ . તેઓ રામાયણ એમની પાસે શીખેલા. ત્રિકમદાસજી પાસે સત્સંગ માટે અવારનવાર જવાનું થયેલું. તેઓ મોડેથી કોઈને મળતા નહીં પણ રવુભાનું નામ પડે ને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



એટલે ખાસ મેડીએ બોલાવે. પછી તો મોડે સુધી ચોપાઈ-દોહાની રમઝટ ચાલે. હું બોલું ને ઈ બાલે; ઈ બોલે, પછી મારો વારો.''

* * *

''એકવાર રામાયણના કથાકારને સાંભળવા ગયેલો. પણ એવા અરથ કરે ને કે સાંભળીને મગજ તપી ગયું ! જોડો કાઢીને ઈના ડાચા પર મારવાનું મન થઈ ગયું. ઊભો થઈને હાલી નીકળ્યો. ફરીને કોઈ દિવસ ગયો નથી. કહેવાતા સંતો કથાના પૈસા ન લે પણ ગુરુપૂર્ણિમાએ હામટું પોટલું બાંધી ઘરભેગું કરી દે છે. ભગતને જ પૈસાનો મોહ નો છૂટે તો ગૃહસ્થી - સંસારીની વાત જ ક્યાં કરાય ! હંધાયે તે કેડ બાંધી પૈસા પાછળ દોટ મૂકી છે ! કોને ફુરસદ છે ભગવાનની વાત્યું કરવાની, સાંભળવાની ? એ તો રામજીની કૃપા હોય ને ઈ જ તે પ્રભુભજન કરી શકે !''

* * *

''બીજા એક મહારાજ કથાયું કરે પણ હંમેશાં નીચું જોઈને, કોઈનીય તે હામું નો જોવે. કથાના પ્રસંગોમાં રડે, ઈ બધુંય ઠાલું. મેં તો એમની પાસે જઈને 'હે રામ !'-એવું જોરથી બોલ્યો કે મારી હામું જોયું. આંખો ખૂબ ક્રોધી ! ઈમનું જીવન ખૂબ ગુસ્સાવાળું હશે.''

* * *

બકરાણા સોનઆઈ સંત એમના ભક્તો સાથે પધારતા. સંધ્યાએ એમનો ફોટો જોયો છે. જાય ને ત્યારે બાપુ પાસે એમના હાથે પીવાનું પાણી ભરાવે. સોનઆઈ કહે - ''આખા રસ્તે આ પાણી પીશ.'' બાપુ પૂછે - ''આટલું પાણી કેવી રીતે ચાલશે ?'' સોનઆઈ હસતાં હસતાં જવાબ આપે - ''જેટલું પીશ ને એટલું ઉમેરતી જઈશ પછી તો પૂરતું થઈ રહેશે ને !''

* * *

''બગદાણાના બજરંગદાસ બાપુ પાસે સત્સંગ કરવા જતો. સિદ્ધપુરુષ. લોકોમાં એમની સિદ્ધિની બહુ વાતો થતી. હું ગયો ને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



ત્યારે ગામમાંથી નાની નાની ઉંમરની છોકરીઓ આવે, ઘડા ભરી ભરીને વૃક્ષો-છોડવાને પાણી પાય. પછી બાપુ પાસે આવે એટલે મોટી ગોદડી નીચે પૈસા રાખેલા તે બધાને આપે.

એકવાર હું એમના આશ્રમે ગયો ને, તે વખતે બજરંગદાસજી કહે - 'બગભગત હોય ને ઈને ભગવાન મળે. બગભગત એટલે શું - ખબર છે ?' મેં જવાબ આપ્યો કે ખબર નથી. બજરંગદાસજી કહે - 'પાણીમાં બગલો એક પગે ધ્યાન કરે. એટલામાં શંકર-પાર્વતી ફરવા નીકળ્યા. શંકર પાર્વતીને કહે - કાંકરો ઉપાડ અને બગલાને માર. પાર્વતી કહે - શું કામ ? શંકર કહે - પહેલાં તું માર ને ! પછી જવાબ દઉં છું. પાર્વતીએ કાંકરો ઉપાડીને બગલાને માર્યો. બગલો તો પાંખો ફફડાવવા લાગ્યો અને પછી પાણી પીધું. શંકર કહે - એ મારો ભક્ત છે. મારું ધ્યાન કરવામાં પાણી પીવાનું ભૂલી ગયો. આવું ભજન થાય તો પ્રભુ દર્શન દે.'

મેં કહ્યું - આવો ભગત તો હું પણ નથી કે ભગવાન ખવડાવે તો ખાવું ને પાણી પીવા આપે તો પીવું.

બજરંગદાસજી પોતાંની પાસે આવતા દેવી- દેવતાઓ અંગે વાત કરતા કહેતા કે પરથમ પહેલાં ગણેશજી આવે, પછી હનુમાન. શંકર-પાર્વતી બધાય તે વારાફરતી આવે, પૂછે, 'કશું કામ છે ?' ના પાડું એટલે જતાં રહે.

એક દિવસ મેં એમને બકરાણા પધારવાનું આમંત્રણ આપ્યું. એમણે જવાબ આપ્યો જરૂર આવીશ પણ તારે ત્યાં પ્રસંગ હોય ને ત્યારે આવીશ. મેં કહ્યું કે આપ પધારો ઈથી મોટો પ્રસંગ બીજો કયો હોઈ શકે ?

બજરંગદાસજી કહે - 'ઈમ નહીં, પ્રસંગે આવીશ.'

જ્યારે ઘરે પ્રસંગ આવ્યો ત્યારે એમનું શરીર છૂટી ગયેલું. સંતના પારખાં નો હોય. પછી કંકોત્રી દેવા જવાનો અરથ નહીં.''

* * *

''સાણંદના ઠાકોરબાપુને ત્યાં સંત પધારે ને એટલે મને તેડવા માણસ મોકલે. એક વખત હિમાલયના સંત પધારેલા. ઠાકોરબાપુનો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



સંદેશો આવ્યો કે સંતને આબુ પધરામણી કરાવવાની છે. તો સંતની સેવા 'રામજી' તમને આવડે. રહેવાય એવી સગવડ કરીને આવજો.

સાણંદથી બધા આબુ જવા ઊપડ્યા. ગાડીમાં પણ હું એમની હારે. મેં તો ગળામાં કારતૂસોનો હારડો પહેરેલો. હાથમાં ભરી બંદૂક. સંત સૂઈ જાય ને ત્યારેય એમની પાસે સેવામાં હાજર. જે માંગે તે તરત હાજર કરી દેતો. આખે રસ્તે અને આબુ પહોંચીને પણ હું વાત કરતો પણ સંત કંઈ બોલે જ નહીં. મેં જાણી લીધું કે ત્રણ દિવસથી વધારે ટકવાના નથી. ઠાકોરબાપુ સાથે બધા એકથી એક ચડે એવા જ્ઞાની આવેલા. કંટાળ્યો એટલે હારડો કારતૂસોનો અને બંદૂક હેઠાં મેલ્યાં ને ઝાડ નીચે જઈને માળા ફેરવવા માંડ્યો. સંત કાંઈ બોલે નહીં. એટલે એક પછી એક બધા મારી પાસે આવી ભેગા થયા. ત્યાં સત્સંગ શરૂ થયો.

સંતે તો મહેલની જાહોજલાલી જોઈ. ચાંદીનાં તો વાસણો હતાં. એટલે સાણંદના ઠાકોરબાપુ પાસે ભજન–ભક્તિ કરવા સીધી મહેલની માંગણી કરી. મને થયું જેને ભક્તિ કરવી હોય તેને મહેલ શું ને ઝૂંપડી શું ? બહારની સવલતોથી શું થાય ? પણ આ તો હાવ ઢોંગી ! જીના ઘરે જઈએ ઈ હારામાં હારી વસ્તુ દઈને મહેમાનગતિ કરે. પછી કાંઈ માંગવાની જરૂર ખરી ? આ સંત તો... બધું હજમ કરવાની જ વાત !

ઠાકોરબાપુ પણ હુશિયાર ! ભર્યા તળાવમાંથી કોરાધાકોડ બહાર નીકળે ! એવો જવાબ આપ્યો કે યુવરાજને પૂછવું પડે અને સંતને વિદાય કરી દીધા.

પછી એવી વાતો થઈ કે બ્રહ્માકુમારીના સ્થાપક લેખરાજજી બધાને ભગવાનનાં દર્શન કરાવે છે. મેં તો નક્કી કરી લીધું કે મારે મલવા જાવું છે. બધાએ ઘણો વિરોધ કર્યો કે ત્યાં જાય ઈ પાછું નથી આવતું. અમે ઘરે જઈને શું જવાબ દઈશું ? ઘણા તો ગાંડા થઈ જાય છે ! હું તો એક નો બે ના થયો. કહી દીધું કે જો પાછો ના આવું તો ઘરે સંદેશો પહોંચાડજો અને ગાંડો થઈશ તો પણ મારે ક્યાં બીજી જવાબદારી છે !

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri





જુવાનીની ખુમારીમાં ફક્કડ રવુભાભગત.

હું તો ઊપડ્યો લેખરાજજીને મળવા. ત્યાંની એક બહેન આવી. મેં કહ્યું- મારે ભગવાનનાં દર્શન કરવાં છે તો 'બાબા'ને મળવું છે. બીજી બહેન આવી. ખૂમચામાં નાસ્તો હતો. મેં એક બિસ્કુટ લીધું, ખાધું. બેન મારું નામ ચિઠ્ઠીમાં લખીને લઈ ગયા. મને મનમાં થયું. પતી ગયું ! 'ભા' નામ સાંભળે એટલે ભલભલા ભડકે ! હવે મને મળશે નહીં અને ખરેખર એવું થયું ! બહેને આવી જવાબ આપ્યો 'બાબા' હમણાં મળશે નહીં. ચેટલાય ધક્કા ખવડાવ્યા પણ લેખરાજજી મળ્યા જ નહીં.''

* * *

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



"પુનિત મહારાજ પાસે પણ ગયો છું. રંગ અવધૂતજી પાસે ગયેલો ત્યારે પરદેશથી કોઈ બહેન આવેલા. તે ચિત્રકાર. એમણે અવધૂતજીને શિક્ષા કરી તે ત્રણ કલાક બેસાડી રાખ્યા, ઊઠવા ન દીધા. ઈ બહેને આબેહૂબ ફોટો ચીતર્યો. ભાવનગર પાસે ચિત્રા ગામ છે. ત્યાં 'મસ્તરામ'ને મળવા ગયેલો. બસ આખી જિંદગી આ એક જ કામ કર્યું છે- ભજન ને સત્સંગ."

એકવાર સંધ્યા અને નીના બંને જણ બાપુ પાસે બકરાણા ગયેલા. ઘરની બહેનો ટ્રેક્ટરમાં બેસી નળ સરોવર રેથળ ગામ છે ત્યાં 'ઝોળા તપસ્વી'નાં દર્શન કરવા જતાં'તાં. બાપુ કહે - "સત્સંગ કરવા હું પણ ત્યાં ગયેલો." સંધ્યાને પૂછે કે તારે જવું છે ? સંધ્યાએ ના પાડી. નીનાએ કહ્યું કે હા, મારે જવું છે. એટલે બાપુએ અમને બંને બહેનોને ટ્રેક્ટરમાં દર્શન કરવા મોકલી. એમનું એક વ્રત ચાલતું હતું, એમાં બાર વર્ષ ઊભા રહેવાનું હોય છે. એમાં હરવું, ફરવું, ખાવું, પીવું, અરે ! ઊંઘવાનું પણ ઊભા ઊભા જ ! આ તપસ્વીને દસ વર્ષ થઈ ગયેલાં. અમે એમનાં દર્શન કરીને બેઠા. નાનકડા હીંચકા જેવું બાંધેલું. એની પર હાથ ટેકવીને ઊભા રહેલા. આગળ મોટો ધૂણો ધખતો હતો. જે કોઈ દર્શનાર્થી આવે એટલે 'નમો નારાયણ !' મોટેથી બોલે. અમે ગયા એટલે 'નમો નારાયણ' બોલી કહેવા લાગ્યા - "ભભૂત કા ભરોસા મત કરના." વાળ એટલા બધા લાંબા કે પગની પાની સુધી પહોંચે ! વળ દઈને જટા બનાવેલી. મોં પર તેજ પુષ્કળ પણ પગ જોવા જેવા. હાથીના પગ કરતાંય મોટા પગ, કાળા મસ, ઠેકઠેકાણે પરુ નીકળે, જોઈને ચીતરી ચડે ! એમના સેવકો બધાને પ્રસાદ લઈને જવાનું કહે. પ્રસાદમાં દાળ-ભાત અને કંસાર હતો. નીનાને એની લાંબી લાંબી જટાઓ જોઈ મનમાં એવું થયું કે આવા લાંબા વાળ હોય તો કેવું સારું ! નીનાને તપસ્વી કહે - "ક્યોં બચ્ચી, તુજે લંબે બાલ બહોત અચ્છે લગતે હૈં ?"

ટ્રેક્ટરમાં બેસી અમે બધાં દર્શન કરી પાછા બકરાણા આવી ગયા. બાપુ સંધ્યાને પૂછે કે કેવા લાગ્યા તપસ્વી ? સંધ્યા ગૂંચવાઈ ગઈ. જવાબ આપ્યો - મને ન ખબર પડે. બાપુ કહે કે પડે, તને જ ખબર પડે !

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



અનાયાસે યોગાનુયોગ બે વર્ષ પછી સંધ્યા બકરાણા હતી અને સાંભળ્યું કે રેથળવાળા ઝોળા તપસ્વી ગામમાં પધાર્યાં છે. સાથે ગામમાં ટેમ્પામાં ઘણા માણસો પણ આવ્યા છે. બાપુને જાણવા મળ્યું કે એમને બાર વર્ષ પૂરાં થયાં છે એટલે વ્રતનું ઉજવણું કરવા માટે ગામેગામ ઉઘરાણું કરવા નીકળ્યા છે. આ જાણી બાપુ એટલા નારાજ થયા કે વાત ન પૂછો ! કહે કે ભરોસો ભગવાનનો અને આશ માણહની કરવાની હોય ? ફટ્ રે ભૂંડા, ભીંત ભૂલ્યો !

બાપુના શબ્દો બરાબર યાદ નથી પણ સંધ્યાને એ વખતે એવું સમજાયું કે જેણે એકવાર પ્રભુનો આશરો લીધો એણે કોઈની પાસે હાથ લંબાવવાનો હોય નહીં. પ્રભુને એની ચિંતા વધારે હોય, કોઈ ને કોઈ સ્વરૂપે સામા પગલે આવીને એણે કામ કરવું પડે. ભક્ત કોઈની સાડીબાર ન રાખે. એ તો એની મસ્તીમાં જીવે. ભક્તને વળી ઢાંકપિછોડો શેનો હોય ? સંધ્યાને યાદ છે કે બાપુએ તપસ્વીને કશું આપ્યું નો'તું. અરે ! ગામમાં કોઈને ભલામણ પણ નો'તી કરી, નહીં તો ગામમાં બધા બાપુનો પડ્યો બોલ ઝીલે એવો એમનો આદર અને માનમરતબો !

* * *

બાપુ વરખડાવાળા બાપુની વાતો કરતાં – ''એ બાપુ રબારી કોમના. ગામમાં રાત્રે પધારેલા. આખી રાત તળાવે બેસી રહ્યા. વહેલી પરોઢે એક સાપ એમની પાસે આવ્યો. સાપ આગળ ચાલે અને બાપુ એમની પાછળ હાલતા થયા. સાપ થોડી થોડી વારે પાછળ ફરી જોયા કરે. ગામથી દૂર વરખડાના ઝાડ નીચે જઈને સાપ ઊભો રહ્યો. બાપુ ત્યાં બેઠા તે બેઠા, ઊભા થયા જ નથી. ટાઢ-તડકો હોય કે વરસાદ, એ ઝાડ નીચે જ બેસી રહેતા, ક્યાંય ગયા નથી કે ખસ્યા નથી. તેથી વરખડાવાળા બાપુ તરીકે જાણીતા થઈ ગયેલા. આજે ત્યાં નાનકડું મંદિર ચણી દીધું છે. એમની ત્યાં સમાધિ છે.

શરૂઆતમાં ગામના જવાનિયા (રબારી કોમના), આ બાપુને ખૂબ પરેશાન કરતાં, છૂટા ઢેખારા મારે. હું વચ્ચે પડ્યો. બંનેને ભેગા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



કરી એ લોકોનો વહેમ દૂર કર્યો કે ઘરથી ભાગીને નથી આવ્યા. ત્યારે પજવણી બંધ કરી.

એકવાર વરખડાવાળા બાપુએ ઉપવાસ આદર્યા. ૪૨ કે ૬૦ દિવસ થઈ ગયેલા. કશું જ લીધેલું નહીં. આખા શરીરે સોજા. ગામના પાંચ માણસ મારી પાસે આવ્યા, કહેવા લાગ્યા – 'કાંઈક કરો. અહીં એમનો ખાધા–પીધા વગર દેહ છૂટે એ સારું નહીં. ગામને નીચા જોવા જેવું થાય.' મેં જઈને પારણા કરવા ખૂબ સમજાવ્યા, કહ્યું કે લોહીનું પાણી થશે તો જીવવાની આશા નહીં રહે. નહીં માનો તો સાણંદના ઠાકોરબાપુને બોલાવીએ છીએ. એટલે એમણે મને કહ્યું – 'મારે સમાધિ લેવી છે. તું મને સમાધિ આપ.' મેં ચોખ્ખી ના પાડી દીધી, કહ્યું – અમારે હજુ તમારું ઘણું કામ છે.

એ બાપુ કહેવા લાગ્યા – 'એક કામ કર. તારી ઘરની ભેંસનું અબોટ દૂધ લેવાનું. એમાં તારા એકલાની નહીં, ગામમાંથી ઉઘરાવી મોરસ(ખાંડ) લેવાની. અડધું દૂધ ઉકાળીને માવો તૈયાર કરવાનો. ઈમાં મોરસ નાખી દેવાની. બાકી વધેલું અડધું દૂધ. ઈમ કાલ સવારે બધું લઈ આવ.' એમણે કહ્યું એ પ્રમાણે બીજા દિવસે સવારે બધું તૈયાર કરી એમની પાસે લઈ ગયો. અબોટ દૂધ અધમણ હતું. બાપુ બધો માવો ખાઈ ગયા, માથે બાકી બચેલું દૂધ પણ પી ગયા. પછી પેટે હાથ ફેરવવા માંડ્યા. કહે – 'હાશ ! હવે પત્યું !'

મને ઈમની હામે બેસાડ્યો. કહે કે એવી શૂળો ઊપડી છે ને ! પણ તને કહું ને ત્યારે અહીંથી ઊઠજે. મને મનમાં વિચાર આવે – આટલા ઉપવાસ પછી હામટું આટલું બધું જમે તો શૂળો ન ઊપડે તો બીજું થાય પણ શું ? નમતા પહોરે મને ઘરભેગો થવા દીધો. કહેવા માંડ્યા – 'હવે હજમ થઈ ગયું. તું તારે જા.'

એ પછી એમના બધા સોજા ઊતરી ગયા. શરીર કંચન જેવું થઈ ગયું. ઘણાં વર્ષો જીવ્યા પણ ખરા.''

આજકાલના સંપ્રદાય–મઠ–આશ્રમોના કહેવાતા સંત–મહંતો માટે બાપુને ખૂબ આક્રોશ. જો કોઈ એમની અડફેટમાં આવ્યું તો બાપુનો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



પુણ્યપ્રકોપ જોવા જેવો હોય ! એમને બહુ દુઃખ થતું કે દેશ-પરદેશમાં જઈને નેતા અને કહેવાતા સંતો બે જ કામ કરે છે - એક, ભારતને વગોવવાનું અને બીજું, માંગી-ભીખીને પૈસા લાવવાના.

જાણીતા મોટા સ્વામી મહારાજ માટે કહેતા કે પરદેશ જઈને ઈમ સમજાવે કે હિન્દુધર્મ મોટો છે. હાચો ધર્મ ઈ જ છે. તંઈ (એટલે) હંધાય ઇના શરણે આવો. મોટા માણહુ મોટું ડીંડવાણું હલાવે. ગીતામાં કહ્યું છે કે सर्वधर्मान् परित्यज्य माम् एकं शरणं व्रज । એનો અર્થ સમજાવતાં બાપુ કહેતાં કે અહીં સર્વધર્મ એટલે હિન્દુ, ખ્રિસ્તી, મુસલમાનનો ધર્મ નહીં પણ કાકા-મામા-ભાઈ-બહેનનો ધર્મ છોડીને 'મારે' શરણે આવવા કહ્યું છે.

બાપુને કથાકારો થકી કથામાં વિવાહ અને બીજા પ્રસંગો ભજવાય એનો ભારે અણગમો. કહેતાં કે ભગવાનના મા-બાપ કોઈ થાય અને કોઈ ભગવાન બને આવું નાટક શીદને ? સાર વસ્તુ છેટી રહી જાય અને રંગમંચ ખડો થઈ જાય. કહેવાતા સાધુ- સંન્યાસી અને ગૃહસ્થમાં ફરક હોય તો એટલો જ કે બાપ દીકરાને ધનદોલત આપે અને ગુરુ ચેલાને ગાદી-વારસો, માલ-મિલકત સાથે આપે.

નાનુભાઈ શાસ્ત્રીને ત્યાં દર વર્ષે સત્સંગ રાખતા. બાપુને ત્યાં આમંત્રણ હોય જ. એકવાર અમને ત્યાં બોલાવેલા. ઘણા સંતો પધારેલા. બાપુએ મા આનંદમયીનાં દર્શન કર્યાં છે અને મળેલાં છે. અમદાવાદ આવે ત્યારે નાનુભાઈ શાસ્ત્રીને ત્યાં જ હોય. એક જાણીતા સાહિત્યકાર બોલવા માટે ઊભા થયા અને મીરાં વિષે બોલતાં કહ્યું કે મીરાંએ જીવનમાં ઝેર પીવાં પડેલાં એનો અર્થ એમ કે હાચોહાચ ઝેર પીવાં પડેલાં ઈમ નહીં પણ ઘણા કડવા પ્રસંગોમાંથી પસાર થવું પડેલું.

એ પછી બાપુ જ્યારે ઘરે પધાર્યાં ત્યારે કહેતાં હતાં કે ભણેલાનું આ જ દુઃખ. પૂરું જાણે નહીં ને દીધે જ રાખે. મીરાંએ તો હાચોહાચ ઝેર પીધેલું. રાણાજી ભક્ત, પણ ઈમની ભક્તિ છૂપી હતી. મીરાંએ ભજનું ગાયાં છે. ઈ તેં બરાબર સાંભળ્યા છે, સંધ્યા ? રામજીને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



પોતાના ભગવાન માનતા અને કૃષ્ણને પોતાના વર. મીરાં ભગવાનને કહે છે - ''મને ચાકર રાખોજી ! ચાકરીમાં દર્શન પાઉં, સુમિરન પાઉં ખરચી.'' બીજું-ત્રીજું કાંઈ ન માંગ્યું, બસ, ભગવાનનું સ્મરણ અને દર્શન !

બાપુ તેજેન્દ્રપ્રસાદજીની વાતો કરતા હતા કે એમની જનેતાને સાણંદના ઠાકોરબાપુએ ધરમની બહેન માનેલી. તો તેજેન્દ્રપ્રસાદજીની જનોઈ વખતે અમો મોસાળું લઈને ગયા હતા. અમદાવાદમાં સ્વામીનારાયણનો સત્સંગ-મેળો હતો. ત્યારે બાપુએ સંધ્યાને પૂછ્યું - ''તારે તેજેન્દ્રપ્રસાદજીને મળવું છે ? હાલ, આપણે જઈએ. એ દિવસોમાં બાપુની તબિયત બહુ નરમ રહેતી એટલે સંધ્યાએ ના પાડી કે પછી જઈશું. પણ પછીથી એવો અવસર જ ના આવ્યો. અમારે મળવા જવાનું થયું જ નહીં.

❖ ❖ ❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

# બાપુએ કરાવેલું રામાયણનું રસપાન

બાપુ ઘણીવાર રામાયણના પ્રસંગોની વાતો કરતાં. એક દિવસ સંધ્યાને પૂછે - ''તેં રામ-ભરત-મિલાપનો પ્રસંગ વાંચ્યો છે ? જનકજી, ઋષિમુનિઓ રામજીની પ્રશંસા કરે છે ત્યારે રામજી સંકોચાઈ જાય છે. કાંઈ બોલી શકતા નથી. એવું નથી કહેતા કે ના, ના, મારા વખાણ કરશો નહીં, મારામાં એવું કાંઈ નથી.

રામ-સીતાના વનવાસ દરમિયાન અત્રિ-અનસૂયાના મિલન વખતે સીતાજીને તેઓ દિવ્ય આભૂષણો આપે છે અને શ્રેષ્ઠ પતિવ્રતાધર્મ સમજાવે છે કે જગતમાં રામજી સિવાય બીજો પુરુષ જોઈશ નહીં.

સુંદરકાંડમાં હનુમાનજી રામજીના કાર્ય માટે લંકામાં પ્રવેશ કરવા જાય છે ત્યારે લંકિની આશીર્વાદ આપતાં ચોપાઈ બોલે છે-

प्रबिसि नगर कीजे सब काजा !
हृदय राखी कोसलपुर राजा !
गरल सुधा रिपु करहि मिताई !
गोपद सिंधु अनल सितलाई !

હનુમાનજી પ્રભુના કાર્ય માટે જાય છે તો શત્રુના માણસ પણ મિત્ર બની જાય છે અને કહે છે કે હૃદયમાં કોસલપુર રાજાને રાખીને નગરમાં પ્રવેશ કરજે. એ વખતે રાજા કુણ હતું ? રામજીને વનવાસ હતો, ભરતજી એમની ચરણપાદુકાને સિંહાસને બેસાડી એની આજ્ઞાથી રાજ કરતા, એટલે હનુમાનજીએ રામજીની ચરણપાદુકા હૃદયમાં રાખવાનું કહ્યું. લંકિની જાણતી હતી કે વાનરનો સ્વભાવ છે. તે જ્યાં-ત્યાં ફળફૂલ ખાશે અને રાવણે ઝેરનાં ઊગાડેલાં વૃક્ષોથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



એમનું મૃત્યુ થશે. એટલે આશીર્વાદ આપ્યા કે ઝેર અમૃત બની જશે. પૂંછડે આગ લગાડશે તેથી કહ્યું કે અગ્નિ શીતળતા આપશે. પાછા ફરતાં સમુદ્ર ગાયના પગ જેટલો નાનકડો થઈ જશે. શત્રુ મિત્ર બની જશે. આમ હનુમાનજીની બધી કુશળતા રહે એવા આશીર્વાદ આપી દીધા.

રામાયણમાં તુલસીદાસજી લખે છે કે કલિયુગનો સૌથી મોટો લાભ ઈ કે માનસિક પાપ કરો તો તમને લાગે નહીં પણ માનસિક પુણ્ય કરો તો એનું ફળ મળે. જપ ને ભજનભાવ જ મુખ્ય સાધન. ઈનો અરથ એ થાય કે કલિયુગમાં સારું વિચારનાર ગોત્યો જડશે નહીં. આંગળી ચીંધીને એમ કહી નો હકાય કે આ સતૂયુગનો માણહ છે અને આ કળિયુગનો માણહ છે. આખા દિવસમાં જોવાનું કે મારામાં આળસ-પ્રમાદ કેટલો છે ? તો એટલા સમય પૂરતું તમે કળિયુગમાં છો. ધ્યાન કરવાનું મન થાય તો જાણવું કે સતૂયુગમાં છું, યજ્ઞ, જપ કરવાનો ઉમળકો થાય તો દ્વાપર અને ત્રેતાયુગમાં હોઈએ છીએ. એમ ચારેય યુગમાં આપણે ફરતાં ફરીએ છીએ.

સંધ્યા : સાતેય કાંડમાં બધાં સુંદરકાંડનો પાઠ જ કેમ કરે છે ? મંદિરમાં પણ એનાં જ પારાયણ થતાં હોય છે.

બાપુ : સુંદરકાંડમાં રામજી જેટલું બોલ્યા છે એટલું બીજા એક પણ કાંડમાં બોલ્યા નથી. સૌથી વધુ આ કાંડમાં જ બોલ્યા છે. પ્રભુ ભક્તવત્સલ છે. શરણાગતિ કેવી હોય તે વિભીષણને કહી હંધુંય બતાવી દીધું કે મારો ભક્ત કેવો હોય ? સમજાવ્યું કે ભગત સરળ હોય, મને છળકપટ પસંદ નથી. ઈને મારા સિવાય બીજા કોઈનો આશરો નો હોય.

મને આખી રામાયણ કંઠસ્થ. એકાપારાયણ કરતો. ૨૪ કલાકમાં આખી રામાયણ પૂરી કરતો. સુંદરકાંડનું ત્રણ દિવસનું પારાયણ કરતો.

❖ ❖ ❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

# આશીર્વાદાર્થે આગમન

છેલ્લે બાપુ શ્રાવણ વદ ચોથના દિવસે ઘરે પધાર્યાં. સંધ્યા ઓફિસે ગઈ હતી. બાપુ એમના ભાઈના દીકરા કાળુભા સાથે આવ્યાં. મોટીબહેનને કહે – "બા, સંધ્યાબેબીનો તિથિ પ્રમાણે આજ જન્મદિવસ છે તેથી આશીર્વાદ આપવા આવ્યો છું." મોટીબહેને ફોન કરી સંદેશો આપ્યો કે બાપુ પધાર્યાં છે, ઘરે આવ. જિંદગીનો વસવસો રહી ગયો કે એ દિવસે ઓફિસમાં ચૂંટણી, તે સંધ્યા વોટ આપીને પછી ઘરે આવી. એને ચૂંટણીનું શું મહત્ત્વ ? સાંભળ્યું એવું જ ઘરભેગા થવાનું હતું. ઘરે આવી ત્યારે બાપુ કહે – "તારી રાહ જોઈ જોઈને હમણાં જમી લીધું." એમણે સંધ્યાના ગળામાં માળા પહેરાવી અને હાથમાં પચાસ રૂપિયાની નોટ આપી. કહે – "આ માળા મેં ફેરવી છે. બધાના ઋણમાંથી મુક્ત થયો છું. બસ, એક ઋણ ચૂકવવાનું બાકી છે." સંધ્યાએ જવાબ આપ્યો – બધું આ જન્મે જ પતાવવાનું છે ? ફરી હજુ આપણે મળવાનું છે.

બાપુનું શરીર અડધું પણ નો'તું રહ્યું. એમની વેદનાસભર આંખોને સંધ્યા ન ઓળખી શકી કે જાણી શકી. બાપુ એકવાર દાઢ કઢાવવા ગયા ત્યારે એમની સાથે રહેનાર વ્યક્તિએ ઓળખાણ આપી કે ગણિતશાસ્ત્રી ભગત તે રવુભા આ જ છે. ડૉક્ટરને એકદમ હરખ થયો કે દાંત કાઢવાનાં ઓજાર બાજુએ મૂકી બાપુને ભેટી પડ્યા. એમ કરતાં એક નસને એવી ઇજા થયેલી કે ત્યારથી ક્યારેક ક્યારેક અસહ્ય દુઃખાવો ઊપડતો. સંધ્યાને એમ કે ફરી દુઃખાવો શરૂ થયો છે. એટલે બાપુને પૂછ્યું – નસનો દુઃખાવો શરૂ થયો છે ? બાપુએ ના પાડી. સંધ્યાએ આગ્રહ કર્યો રોકાઈ જવા માટે, એટલે બાપુ રાત રોકાયા. સાંજે બાપુએ ફોટોગ્રાફરને બોલાવી ફોટા પડાવડાવ્યા. બીજા દિવસે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



સવારે પૂછ્યું - બાપુ, ક્યારે આવશો ? જવાબ આપ્યો - "થોડા દિવસમાં આવું છું."

કાળુભા બાપુને લઈને આવ્યા હતા. બાપુમાં એટલી અશક્તિ આવી ગઈ હતી કે બાવડું ઝાલીને રિક્ષામાં બેસાડ્યાં. બસ, એ દિવસે ગયાં તે ગયાં, ફરી પછી મળવાનું બન્યું નહીં. કાળુભાને મળવાનું થયું ત્યારે એમની પાસેથી વાતો સાંભળી કે બાપુને જન્માષ્ટમીએ શરીર છોડવાની ઇચ્છા હતી. અનાજ લેવાનું છોડી દીધેલું. એ દિવસે ઘરમાં મહેમાનની ધમાલ અને દોડધામ જોઈ મને પૂછ્યું - "આજે ઘરમાં શું છે ?" મેં જવાબ આપ્યો કે બૈયુંએ (બહેનોએ) મનોરથ પૂરવાનો ઉત્સવ રાખ્યો છે. એટલે કાકાએ જવાબ આપ્યો - "હારું, ત્યારે હું આડો નહીં આવું, પણ હવે મને અનાજ બિલકુલ આપશો નહીં. આ શરીરને સુવડાવીને નહીં પણ બેસાડીને લઈ જજો. રડશો નહીં. તેં મારી દીકરા કરતાં વધારે ચાકરી કરી છે. હવે તું હળ-બળદ બધું છોડી દે અને ભજન-ભક્તિ કરવા માંડ." સાંજે એમના માટે દૂધ લઈ ગયો તો તે બધુંય દૂધ કાકા પી ગયા. રાત્રે નવ વાગ્યે અજા એકાદશીએ શરીર છોડી દીધું. રાત્રે પાલખીની તૈયારી કરી. વાજતે- ગાજતે રામધૂન કરતાં શોભાયાત્રા કાઢી. આખું ગામ ઊમટ્યું હતું. બાપુનો જન્મ નિર્જળા એકાદશીને બપોરે બાર વાગ્યે થયો અને શરીર છોડ્યું અજા એકાદશીને રાત્રે નવ વાગ્યે.

ઘરમાં બધાંને ઇચ્છા કે સંધ્યાના હાથે અગ્નિદાહ અપાવીએ એટલે રાત્રે જ સમાચાર આપવા માટે ફોન કર્યો પણ જેણે સંદેશો લીધો તેણે સમાચાર પહોંચાડવાની કાળજી રાખી નહીં. (એમણે) તેડવા માટે માણસ મોકલ્યા, પણ નારણપુરા અને વાડજ ઘણું ફર્યા પણ એમને સંધ્યાનું ઘર મળ્યું જ નહીં. ઘરમાં બધાંને ખાતરી હતી કે ખબર પડે તો ટેક્ષી કરીનેય તે સંધ્યા આવ્યા વગર રહે નહીં. તોય બપોરે બાર વાગ્યાની બસ આવે ત્યાં સુધી રાહ જોઈ. પછી અંતિમસંસ્કાર કર્યા. ગામમાં બધાં વાતો કરતાં હતાં કે અમદાવાદથી કોઈ બહેન આવે તેની રાહ જોવાય છે. સંધ્યા બકરાણા ગઈ ત્યારે બસમાં બધાં વાતો કરતાં હતાં કે કોઈ બહેનની રાહ જોઈ જોઈને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



બાપુને દાહ દેવાયો. ''ધૂમાડાબંધ'' ગામ જમાડ્યું. સગાંવ્હાલાં તો હોય જ, પણ બાપુના પ્રેમીઓ, સત્સંગીઓ પણ બધા આવ્યા. ગામની બહાર બસસ્ટેન્ડે બાપુની પ્રતિમા બનાવીને મૂકી છે.

બાપુએ એમનો નાનકડો ફોટો આપેલ જેને સંધ્યા પર્સમાં રાખતી. એવો હસતો ચહેરો કે બસ જોયા જ કરવાનું મન થાય. ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ ફોટાને લઈને બેસું એટલે સમગ્ર અસ્તિત્વ ખીલી ઊઠે ! મન અને હૈયું નાચવા લાગે ! બાપુએ આપેલ આશીર્વાદની ૫૦ રૂા.ની નોટ પણ સાથે રાખતી. એકવાર બસની મુસાફરીમાં કોઈએ પર્સ ચોરી લીધું અથવા મારી બેકાળજીએ પડી ગયું – ખબર નથી. ખૂબ તપાસ કરી પણ પર્સ ન મળ્યું તે ન જ મળ્યું. કેટલાય દિવસો સુધી અજંપો અને બેચેની રહ્યા. નસીબમાંથી ગયું ! એવું જ પ્રસાદીરૂપે આપેલ માળાનું થયું. ઓફિસમાં કામ કરતાં ખુરશીના હાથામાં માળા ભરાઈ અને મણકા વેરવિખેર થઈ ગયા. કાળજી રાખીને ભેગા કર્યા પણ મેરુના મણકા તરીકે ત્રણ મણકા હતા તેની જગ્યાએ હવે બે જ છે. એક મણકો આજ સુધી હાથ લાગ્યો જ નથી.

સંધ્યા આજ સુધી કેવી નાદાનિયત કરતી રહી ! જાણ્યા પછી સજાગ થઈને જીવવાનું છોડીને નાની-મોટી વાતમાં પ્રભુ સાથે લડતી રહી. ઊંઘતાને તો સૌ કોઈ ઉઠાડે પણ જે ઊંઘવાનો ઢોંગ કરે છે એને કોણ ઉઠાડશે ? બાપુ કોઈ વાતે રાજી થયાં નથી ને થવાનાં નથી, સિવાય કે સંધ્યાનું જીવન પ્રેમમય બને. ક્ષણેક્ષણ રોમેરોમ પ્રભુમય થઈ જાય એવું જીવન પોતાની જવાબદારી સમજી બનાવશે તો જ બાપુ માટેનો ભાવ સાર્થક થયો લેખાશે, એમના ચરણકમળમાં સાચી શ્રદ્ધાંજલિ અર્પી ગણાશે.

❖ ❖ ❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

# મનોમંથન

આમ સાલ ૧૯૭૯થી ૧૯૯૦ સુધી થયેલા બાપુના સત્સંગને કારણે નોકરી કરવાની જ છે એ વાતનો સ્વીકાર થયો. ધીરે ધીરે મન નોકરીમાં ઠરીઠામ થયું. ત્યાં તો ૧૯૯૧માં આબુ 'મા' પાસે જવાનું થયું અને મોટો ભૂકંપ થયો. જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ ! એમણે કહ્યું કે આપણે આખી જિંદગી નોકરી કરવી નથી. ૨૦ વર્ષે '૯૯ની સાલમાં પેન્શન મળે એટલે નોકરી છોડી દેવી.

ત્યારથી એવો રવૈયો ઘૂમ્યો છે કે શી વાત કરવી ? ઊથલ-પાથલ ! સંધ્યાની કરુણતા તો જુઓ ! ઘરમાં કોઈને વિરોધ નથી, બધી રીતે સહકાર. તેઓ જણાવે છે કે તારું ધ્યેય ભજન કરવાનું છે. નોકરી છોડી દે. જીવવા માટે જોઈએ કેટલું ? આર્થિક મુશ્કેલી નહીં પડે, અમે બેઠાં છીએ. નોકરી કરવી હોય તો પણ અમારી ના નથી, ન કરવી હોય તો પણ વાંધો નથી, જેવી તારી મરજી ! પણ સંધ્યાના મનમાં ઘડભાંગ ચાલ્યા કરે કે શું કરવું જોઈએ ? જાણે બે મન પડી ગયા ! સામસામી દલીલબાજી. નિર્ણય જાતે, પોતે લેવાનો છે.

એક મન કહે - બાપુએ કહ્યું છે કે નોકરી છોડવાની નથી. એટલે તારે પક્ષે કશું વિચારવાનું રહેતું નથી. તો વળી બીજું મન તરત જ માથું ઊંચકે - બાપુએ તો ઘણું બધું કહ્યું છે. એમાંથી તેં કેટલું કર્યું? ફાવતું ઝાલવું અને ન ગમતું કરવું. તને જીવવાની અનિશ્ચિતતાથી ડર લાગે છે ? જોખમ ઉઠાવવા માંગતી નથી ? ઊંડે ઊંડે પૈસાનો મોહ છે ? બાકી તો બાપુની દીકરી કહેવડાવવા જેટલી લાયકાત કેળવી છે ખરી ?

પહેલું મન તરત જવાબ આપે - ના, ના, સંધ્યા તને પૈસાનો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



મોહ તો નથી જ લાગતો. તું નોકરી કરે છે અને પહેલાં નહોતી કરતી, પણ ક્યારેય કોઈ ચીજવસ્તુનો અથવા પૈસાનો અભાવ નથી લાગ્યો. નોકરી કરીને ખંડિયા રાજાની જેમ પગાર મોટીબહેનના હાથમાં આપી દે છે. માંગણી કર્યા વગર પહેલાં અને આજે પણ જ્યારે જે જરૂરત હોય એ મળી રહે છે. તને કોઈ ફરક પડતો નથી. નાનપણનો સ્કૂલનો પ્રસંગ યાદ આવે છે. મોટાભાઈ ટૂરમાં બહારગામ જવાના હતા. મોટીબહેન અને બધા ભાઈ–બહેનને જણાવી દીધું કે જેને જે ચીજ જોઈએ તે નક્કી કરી રાખજો, સાંજે આવું એટલે મને કહેજો. આ વખતે લેતો આવીશ. રાત્રે બધાએ કાંઈ ને કાંઈ મંગાવ્યું. મારો વારો આવ્યો. મેં કહ્યું – ખૂબ વિચાર કર્યો. મારી પાસે તો બધું જ છે. મને તો કશું જ જોઈતું નથી. સંધ્યાને યાદ નથી કે એણે ક્યારેય દાગીના–કપડાં, પિકનિક–પર્યટન કે સિનેમા જોવાની જિદ્દ અથવા જવાની ઈચ્છા પણ કરી હોય ! આજે ૧૯ વર્ષની નોકરી પછી પણ આટલા પૈસા કમાઈને વિશેષતા જેવું લાગતું નથી. લોકો કહેતા હોય છે કે માંગ્યા વગર 'મા' પણ પીરસે નહીં. સંધ્યાના જીવનમાં આનાથી તદ્દન ઊલટું છે. મોટાભાઈ–મોટીબહેને હંમેશાં માંગ્યા પહેલાં જ બધી જરૂરિયાત પૂરી પાડી છે. ક્યારેય માંગણી કરવાનું બન્યું જ નથી. બાકી રહી જમવા–પીરસવાની વાત. સંધ્યાને તો શું, કોઈની પણ ભાવતી વાનગી બનાવીને જમાડવામાં મોટીબહેનને આનંદ આવે. મોટીબહેનનું એવું માનવું છે કે પૂછપરછ કરવાથી શું દા'ડો વળે ? માણસનો ચહેરો વાંચતાં આવડવું જોઈએ કે એને તૃપ્તિ કેવી થઈ છે ? કોઈ કહે અને કરો એમાં શું નવાઈ ? જેની સાથે જીવવાનું થાય એની રગેરગ ખબર પડવી જોઈએ ! જરૂરિયાત પ્રમાણે કહેતાં પહેલાં કરે એનું નામ માણસ !

ફરી પાછી આવું મનની વાત પર કે સંધ્યા, જીવનમાં તારી જરૂરિયાત ઓછી હોય, પૈસાનું વળગણ ના હોય, પણ તને તારો સ્વભાવ આડો આવે. સૌથી પહેલાં તું કરે શું ? અત્યારે જે ફાજલ સમય મળે છે એમાંય કશું કરતી નથી. 'આળસુની પીર' થઈ જાય. તારો જરાય વાંક ન હોય તો પણ તું ચૂપચાપ સાંભળી લે એવી તારી ઑફિસમાં સ્થિતિ છે. જો કોઈ ગુસ્સે થઈને વાત કરે અથવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



ઘાંટાઘાંટ કરે તો સંધ્યાની બુદ્ધિનું બાષ્પીભવન થઈ જાય ! કશો જવાબ આપે એ બીજા. શાંતિથી વાત થતી હોય તો તો નસીબ ! ઠાવકી થઈને વ્યવસ્થિત વાત કરી શકે. નહીં તો સંધ્યાની કેવી વલે થાય એની કલ્પના જ કરવી રહી. હા, એક ચીજમાં પાવરધી ! જેટલો વિરોધ એટલું એનું મૌન લાકડા જેવું ! જેના પર વીતી હોય ને એને જ ખબર પડે કે સંધ્યાની ચુપકીદી કેવી હોય છે ! તારા સ્વભાવને લઈને જ બાપુએ નોકરી ને ઘર છોડવાની ના કહી હશે ?

ટૂંકમાં, છેલ્લા સાત-આઠ વર્ષનો નિષ્કર્ષ લખું તો નોકરી છૂટે એ સંધ્યાના હિતની વાત છે. પ્રભુભરોસે એને કાંઈપણ વાંધો આવે નહીં. વહેંચાઈ ગયેલી શક્તિને સમેટી લઈને ભજન-કીર્તન, અધ્યયન થઈ શકે.

જીવવાનો એકમાત્ર રસ્તો ''પ્રભુ ભજન'' - એ વાત હવે મનમાં નક્કી છે. હે શિવસ્વરૂપિણી મા ! આપના ચરણકમળમાં નમ્ર પ્રાર્થના છે કે આ ગરીબને ભૂલશો નહીં. તળાવ પાસે આવીને તરસ્યા રહી જવાય એવો ઘાટ ઘડાય નહીં. સંધ્યા આપને, બાપુને તેમ જ પોતાની જાતને પૂરી ઓળખી શકી નથી. વારંવાર વંદન સાથે લખું છું કે જે યોગ્ય હોય તે એની પાસે કરાવી લેજો, નહીં તો આ મનખાદેહ સાવ એળે જશે. આપનો, બાપુનો સ્નેહ-પ્રેમ, વાત્સલ્ય, કૃપા જીરવી શકું એવું પાત્ર ઘડાય. વેંતિયાબુદ્ધિ અને વંઠેલા મન વડે માંગી માંગીને માંગશે પણ શું ? જેને કશું જ માંગતા નથી આવડ્યું એની પાસે લખલૂંટ-ભરપૂર લૂંટાવતા શીખવી દો. કશું જ પોતાનું રાખ્યા વગર પ્રભુપ્રેમમાં મસ્ત બની જીવતાં શીખવી દો !

બસ, મા ! હવે બહુ થયું ! સંધ્યાને અહીંતહીં ભટકવા દેશો નહીં. એના મનને સ્થિર કરી દો. એ ''સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો'' બોલી શકે છે. એના જીવનમાં ક્યાંય સ્થિરતા નથી. ધીરજનો સંપૂર્ણપણે અભાવ છે. એની સ્થિતિ ''શટલ કૉક'' જેવી છે. બાપુ પાસે જતી તો એ હંમેશાં કહેતાં કે તું બહેનની થાપણ છે અને આપ કહો છો કે તું રવુભાની થાપણ છે. હવે સંધ્યાને આમાંથી ઉગારી લો. નિશ્ચિતરૂપે એને ઠરીઠામ કરો. શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ એ એને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



સ્પષ્ટ જણાવી દો. અત્યાર સુધી સંધ્યાએ એવું જ કર્યું છે કે કયો રસ્તો લાંબો, કયો ટૂંકો ? કયો શ્રેષ્ઠ અને કયો કનિષ્ઠ ? – એમાં ને એમાં જીવન જીવવાની શરૂઆત સુદ્ધાં કરી નથી.

વધુ તો શું લખું ''મા'' ! આપ સર્વજ્ઞ છો. જીવન નથી જિવાયું તો ક્યાં ખોટકાયું છે તે આપ સારી રીતે જાણો છો. એને પ્રારબ્ધ આડું આવ્યું છે ? શ્રદ્ધા-નિષ્ઠાનો અભાવ છે ? પ્રભુ માટેની તાલાવેલી નથી ? પ્રભુ માટે પ્રેમ નથી ? જે હોય તે, હવે આનો નિવેડો ઝટ્ લાવીને ફેંસલો કરી દો ! એને માટે ભલે આપને કઠોર થવું પડે, એના અહંકારના ભૂકા બોલાવવા પડે ! પણ હવે સંધ્યાને છટકવા દેશો નહીં. આપના ચરણકમળમાં એને મઠારીને ઠીકઠાક કરી દો એ જ ફરી ફરી પ્રાર્થના છે !

❖ ❖ ❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

# પરિશિષ્ટ

## આલમની એક વધુ અજાયબી : રવુભા વાઘેલા

**(આપણે બે જ આંકડાશાસ્ત્રીઓની સિદ્ધિઓને ઓળખીએ છીએ. એક બંગાળી સજ્જન ૬૦ આંકડાની રકમને બીજા ૬૦ આંકડાની રકમ વડે નજર કરીને ગુણી બતાવે છે. જ્યારે શકુન્તલાદેવી ૧૯૯ આંકડાની રકમનું મૂળ ૨૩ સેકન્ડમાં શોધી આપે છે. પણ જે કામ કોમ્પ્યુટર નથી કરી શકતું તે કામ બકરાણા ગામના ચાર ગુજરાતી ભણેલા ખેડૂત શ્રીરવુભાભાઈ ધ્યાનથી કરી આપે છે. ગુજરાતના ઘરદીવડાની સિદ્ધિઓ ઓળખવા માટે તમારે આ રસપ્રદ લેખ અચૂક વાંચવો જ પડશે:)**

ભરાવદાર મોં ઉપર રૂપાના પતરા જેવી ભારો એક મૂછો, લીંબુની ફાડ્ય જેવી આંખો, માથે મોટી આંટિયાળી પાઘડી, વાત્સલ્ય નીતરતો હસતો ફૂલગુલાબી ચહેરો અને ગણપતિદાદાની યાદ આપે તેવી મસમોટી કાયા ધરાવતા આ મહાનુભાવ જો તમને મારગ માથે મળી જાય તો કલ્પના-સરખી પણ ન કરી શકો કે ચાર ગુજરાતી ચોપડી માંડ-માંડ ભણેલો આ ગામડા ગામનો ખેડૂતનો દીકરો ખ્યાતનામ ગણિતશાસ્ત્રી અને વિશ્વનો એક સમર્થ આંકડાસમ્રાટ હશે ! શ્રીરવુભાભાઈ વાઘેલાના 'મૂક ધ્યાન ગણિત'ના પ્રયોગો જોયા પછી તમારે આ નક્કર વાસ્તવિકતાને સ્વીકારવી જ પડે !

હાથમાં પેન, પાટી, કાગળ કે કલમ કશુંયે લીધા વિના ધ્યાન વડે - તમે કહો તે ૧૦૦ આંકડાની રકમને બીજા સો આંકડાની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



રકમથી ગુણી બતાવી કૉમ્પ્યુટરને હંફાવનાર શ્રીરવુભાભાઈ વાઘેલાએ આલમની આઠમી અજાયબી તરીકેનું બિરુદ મેળવીને ગુજરાતનું જ નહિ, પણ સમગ્ર ભારતવર્ષનું નામ વિદેશોમાં રોશન કર્યું છે.

**ગળથૂથીમાં ભક્તિના સંસ્કારો :**

ધ્યાન દ્વારા 'આંકડા ગણિત'ના ક્ષેત્રે અભૂતપૂર્વ સામર્થ્ય અને સિદ્ધિ મેળવનાર, ૭૭ વર્ષની જૈફ ઉંમર ધરાવતા શ્રીરવુભાભાઈ 'ભગત'ના હુલામણા નામે ઓળખાય છે, એટલું જ નહિ પણ પોતે મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામચન્દ્રજીના પૂજક અને રામાયણના પ્રખર અભ્યાસી છે. તુલસીકૃત રામાયણનો આખો ગ્રંથ કંઠસ્થ કરીને બેઠેલા શ્રીરવુભાભાઈનો જન્મ સાણંદ તાલુકાના બકરાણા ગામે સંવત ૧૯૬૧ના જેઠ સુદ અગિયારસના રોજ થયો હતો. એમના પિતાનું નામ નારૂભા અને માતાનું નામ જેઠીબા. કાગળ ઉકેલી શકે એટલું ભણેલાં જેઠીબા પ્રભુપરાયણ જીવન જીવતાં. ભક્તિના આ સંસ્કારો શ્રીરવુભાભાઈને ગળથૂથીમાંથી જ મળ્યા.

**લાલદાસ બાપુએ ગુરુ-મંત્ર આપ્યો :**

ધરતીની ધૂળમાં ધીંગામસ્તી કરતો નાનકડો બાળક ૬ વર્ષની ઉંમરે અલપઝલપ કરવા લાગ્યો ત્યારે એમના કુટુમ્બના ગુરુ કાષ્ઠિયા (કપડાંને બદલે કાષ્ઠ-લાકડાની લંગોટી પહેરી કમરે નેતરનો પટ્ટો વીંટનાર ખાખી બાવા) બાવા સંપ્રદાયના લાલદાસજીએ ગુરુ-મંત્ર આપ્યો.

**સાત વર્ષની ઉંમરે તારાસ્નાનનું વ્રત :**

સાત વર્ષની ઉંમરે પગ મૂકતાં તો રવુભાના અંતરમાં ભક્તિના અંકુરો ફૂટવા લાગ્યા. આવી કાચી ઉંમરે તારાસ્નાનનું વ્રત લેનાર બાળક ભગત પરોઢિયે પથારીનો ત્યાગ કરે. પ્રાતઃવિધિ પતાવીને આકાશમાંથી તારાઓ અલોપ થાય તે પહેલાં ગામના તળાવે જઈ ટાઢા પાણીએ સ્નાન કરે; પછી ભલે ઉનાળો હોય, રવરવતી ટાઢ્ય હોય કે અનરાધાર મેહ વરસતો હોય, પણ વ્રત એટલે વ્રત. એ વ્રતનું પાલન આ કઠોરવ્રતી આજે પણ કરે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



## વાજતેગાજતે નિશાળે ભણવા બેઠાં :

બાર વર્ષની ઉંમર સુધી નાનકડા ભગતે ગામની ધૂળી નિશાળના દર્શન જ કર્યા નહિ. પોતાના ભેરુ અને દોસ્તારોને દફ્તર લઈને નિશાળે જતાં જોઈ ભગતને થયું કે લાવ ને જીવ ! બે કાળા-ધોળા આંકડા ભણીએ. આ શુભ વિચાર મનમાં વાયુવેગે ફરી વળ્યો. ગામના વિદ્યાપ્રેમી માસ્તર નાનાલાલ કૃષ્ણારામ ભટ્ટ રવુભાને લેવા આવ્યા. જેઠીબાએ દીકરાના હાથમાં નાળિયેર આપ્યું. નિશાળિયા વાજતેગાજતે આવીને એમને નિશાળે લઈ ગયા. જોતજોતાંમાં એકડાથી માંડીને 'રામગડિયા' (અગિયારાથી ૧૦૦ સુધીના ગુણાકારનો ગડિયો-અગિયારી અગિયારી રામ એકવીસા સો) સુધી આંક મોઢે કરી નાખ્યા. આંક ઉપરાંત સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, અપૂર્ણાંક, વ્યાજ, જમીનના માપ - બધું જોતજોતાંમાં યાદ કરી લીધું. તેજસ્વી વિદ્યાર્થીની શક્તિ જોઈને તેમના શિક્ષક શ્રીનાનાલાલ ભટ્ટ અત્યંત પ્રભાવિત થયા. એમને થયું કે આ છોકરો મોટો થઈને જરૂર નામ કાઢશે. એમણે હોશિયાર રવુભાને બે વર્ષમાં ચાર ગુજરાતી ચોપડીનો અભ્યાસ કરાવી નાખ્યો. પણ ભક્તિના ગૂઢા રંગે રંગાઈ ગયેલા રવુભાને ભણતર કરતાં ભક્તિ વધુ વહાલી લાગી. ચૌદ વર્ષની કાચી ઉંમરે નિશાળને રામે રામ કરી દીધા.

## બ્રહ્મચર્યનું વ્રત લેતાં કુટુમ્બમાં ખળભળાટ :

એ વખતે રવુભાના કુટુમ્બમાં તખુભા કરીને એક રામાયણપ્રેમી સજ્જન. રામાયણની કથા રજૂ કરવાની તેમની અદ્ભુત આવડત ! આ રામકથાએ કિશોર રવુભાના અંતરમાં અવનવાં સ્પન્દનો જગાડ્યાં. એમણે રામાયણ વાંચવાના શ્રીગણેશ માંડ્યાં. ત્યારે જેઠીબાને લાગ્યું કે આ એકનો એક દીકરો ભક્તિનાં ઊંડા પાણીમાં ઊતરતો જાય છે. અત્યારે તો એની પરણવાની અને સંસાર ભોગવવાની ઉંમર છે. ક્યાંક સાધુ-બાવો બનીને ઘર છોડી ચાલી નીકળશે તો આ ગરાસ ને વભો (વૈભવ) કોણ ભોગવશે ? પંડના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



દીકરાને પરણાવીને સંસારી બનાવવા માટે માતાએ આકાશપાતાળ એક કરવા માંડ્યું. માસ્તર નાનાલાલ ભટ્ટે શિષ્યને સીધે રસ્તે લાવવા ઘણી મથામણ કરી. ત્યારે રવુભાએ ૧૪ વર્ષની ઉંમરે આજીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લીધી. કુટુમ્બમાં અને ગામ આખામાં ખળભળાટ વ્યાપી ગયો. પણ એમણે માતાને વચન આપ્યું કે હું ઘર નહિ છોડું. ખેતીપાંતી સંભાળીશ ને હસતે મોઢે દુનિયાનો વ્યવહાર કરીશ. એ વચન એમણે પાળી બતાવ્યું.

**૧૪ વર્ષની ઉંમરે ધ્યાનનો આરંભ :**

રામાયણપ્રેમી રવુભાને એ વખતે ધ્યાનની લગની લાગી ગઈ. કલાકો સુધી અહર્નિશ રામનામનું સ્મરણ કરતા રવુભા રોજ ધ્યાનમાં બેસે. આંખો બંધ કરીને ભગવાન રામચન્દ્રજીની મૂર્તિ, તેનાં અંગઉપાંગો અને વસ્ત્રાલંકારો પર ચિત્તને એકાગ્ર કરે. દિવસના લોકો સખ(સુખ)ના લેવા દે એટલે ધ્યાન માટે રાતના બે થી ચાર વાગ્યાના ગાળાનો સમય પસંદ કરતા. આ કાર્યક્રમ ભગવાન રામચન્દ્રજીએ જેટલા વર્ષ વનવાસ કર્યો એટલા વર્ષની ઉંમરથી લઈ ચાર દાયકા સુધી ચાલ્યો.

**એમાં શું મોટા મોર (ધાડ) મારવાના છે ! :**

એક દિવસ રવુભાના મિત્ર નવી વાત લાવ્યા. એમણે આવીને રવુભાને કહ્યું કે ભાઈ ! તમે કંઈ સાંભળ્યું ? એક બંગાળી સજ્જન કાગળ ઉપર નજર ટેકવીને ૬૦ આંકડાની રકમને બીજા સાંઈઠ આંકડાની રકમ વડે ગુણીને એનો સાચો જવાબ આપે છે. વિશ્વ-પરિષદમાં એમનો પહેલો નંબર આવ્યો.

ત્યારે રવુભાથી ન રહેવાયું. એ બોલ્યા : ‘‘એમાં તો શું મોટા મોર મારવાના છે ! એ તો એકાગ્રતા ને ધ્યાનનો વિષય છે ! ધ્યાન વડે ધ્યેયસિદ્ધિ સાંપડી શકે.’’

‘‘તો ભાઈ ! તમેય ધ્યાન ધરીને એવું કરી બતાવો ને ! વાત કરવી સહેલી છે પણ અમલ કરવો અઘરો છે.’’ – મિત્રએ કહ્યું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



એ પછી રવુભાને રઢ લાગી કે હું ધ્યાન ધરીને ગમે તેટલા મોટા આંકડાનો ગુણાકાર ગણી બતાડું તો જ હા, ન'કર ના. એમણે ભગવાનના ધ્યાનનો વિષય બદલીને આંકડાની ઈન્દ્રજાળને ધ્યાનનો વિષય બનાવ્યો. જોતજોતાંમાં તો એમણે સો આંકડાની રકમંને બીજા સો આંકડા વડે ગુણવાની સિદ્ધિનું સામર્થ્ય પ્રાપ્ત કરી લીધું.

**રામરામ કરતો હું પહોંચી ગયો :**

રવુભાબાપુનો મુકામ વિમલ મિલના મેનેજર શ્રીસુનીલભાઈ કોઠારીને ત્યાં એકવાર. સમાચાર મળતાં જ હું રામરામ કરતો કરતો બાપુ પાસે પહોંચી ગયો. આ પ્રસંગે ઉપસ્થિત રહેલાં પ્રભુદાસભાઈ કોઠારી સાથે ઔપચારિક વાતચીત કરીને રવુભાભાઈની સિદ્ધિઓનું રહસ્ય પામવાની મથામણ આદરી. પછી તો રવુભાભાઈએ એમના જ શબ્દોમાં આત્મકથનનો આરંભ કરતાં કહેવાની શરૂઆત કરી.

**સુવર્ણ ઝળકી ઊઠ્યું :**

અમારું સાણંદ જૂના જમાનાનું ખોબા જેવડું રૂડું રજવાડું. સંગીતસમ્રાટ સ્વ. ઠાકોર શ્રીજશવન્તસિંહજી અને પોરબંદર મહારાણા સ્વ. શ્રીનટવરસિંહજી બંને મિત્રો. એકવાર નટવરસિંહજીએ સાણંદ ઠાકોરને ગંજીફાનું જાદૂ બતાવ્યું. એ જોઈને એમણે કહ્યું, ''અમારા રવુભાની સિદ્ધિ આગળ બાપુ! આનો કંઈ હિસાબ નૈં.''

ત્યારે નટવરસિંહજીને ભારે નવાઈ ઊપજી. એ કહે : ''માણસને તેડવા મોકલું.'' સાણંદ ઠાકોરસાહેબની ચિઠ્ઠી લઈને પોરબંદરથી તેડવા આવેલા રાજના માણસને રવુભા કહે : ''ઈ રાજ કહેવાય. હું ઘરધણી માણહ. દરબારની કચારીમાં દેશી માણહ નો શોભે.'' એમ મનવાર (રકઝક) કરતાં કરતાં છેવટ પોરબંદરનો પંથ લીધો. ૧લી જાન્યુઆરી, ૧૯૪૬નો એ દિવસ. ઓબડધોબડ આદમીને રાજમાં એકદમ કેવી રીતે રજૂ કરાય ? એમ વિચારીને યુવરાજ શ્રીઉદયભાણ-સિંહજીએ કંચનને કસોટીએ ચડાવ્યું. સુવર્ણ ઝળકી ઊઠ્યું !

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



### મારું આસન નહિ ફરે :

મહારાણા નટવરસિંહજીએ બાવન પત્તા ગોઠવીને ગંજીફાના પાનાં કહી બતાવવાનું જાદૂ કર્યું. ત્યારે રવુભાએ ચાર જોડી ગંજીફા મંગાવી તેના ૨૦૮ પાનાં આડાં-અવળાં પાથરીને ઉપર નજર કરી લીધી. બધાં પત્તાં ઊંધા મૂક્યાં. એ પછી અદ્ભુત યાદશક્તિનો પરચો કરાવી સઘળાં પાનાં કહી બતાવ્યાં. સૌના અંતર હરખાઈ ઊઠ્યાં. એ પછી લાંબી રકમના ૩ ગુણાકાર અને ૧ ભાગાકાર ચારેય દાખલા એક સાથે આપ્યા. ત્યારે 'હે રામ, હે કૃષ્ણ, હે મુરારિ,' કહીને ૩૭ મિનિટનું ધ્યાન ધરીને સાચા જવાબો આપ્યા. એ વખતે દીવાનસાહેબે સરભરા અધિકારી ગગુભાને પૂછ્યું : "બાપુને ઉતારો ક્યાં આપ્યો છે ?"

ગગુભા કહે : "બાપુ સેકન્ડ ક્લાસમાં મહેમાન છે."

દીવાનસાહેબ : "બાપુને ફર્સ્ટક્લાસમાં ઉતારો આલો." ત્યારે બાપુ બે હાથ જોડીને કહે : "હું ભગત માણહ છું. હવે મારું આસન નહીં ફરે."

પછી મહારાણા સાહેબે સેકન્ડક્લાસના ઉતારે ફર્સ્ટક્લાસની બધી સરભરાની વ્યવસ્થા કરાવી દીધી.

### બકરાણા બધી રીતે ઉત્તમ છે :

હાથમાં માળાનો બેરખો ફેરવતાં ને વચ્ચે 'હે રામ ! હે રામ !' એમ રામનું રટણ કરતાં શ્રીરવુભાએ બીજો મજાનો પ્રસંગ કથાકારની કરામતથી વર્ણવ્યો.

૧૯૫૦ની સાલમાં અમેરિકામાંથી બે દંપતીઓ ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કરવા માટે અંબાલાલ સારાભાઈને ત્યાં આવ્યા. શ્રીગૌતમભાઈએ મારી મુલાકાત કરાવી આપી. એ વખતે અમેરિકનોએ પાંચ પ્રશ્નો કર્યા : પ્રથમ પ્રશ્ન હતો કે અમારે લોકસંસ્કૃતિનો અભ્યાસ કરવો છે એટલે જે ગામ પુરાતની હોય ત્યાં જ રહેવું છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



ત્યારે મેં કહ્યું : "અમારું બકરાણા ગામ મહાભારત કાળ જેટલું જ જૂનું છે. પૌરાણિક કથા અનુસાર આ ગામમાં પહેલાં બ્રાહ્મણોનું રાજ્ય હતું. પાંડવો વનવાસ વખતે કુંતામાતા સાથે આ ગામમાં એક બ્રાહ્મણને ઘેર રહેલાં. બક નામનો રાક્ષસ રોજ ગામમાંથી જીવતા માનવીનો ખોરાક મંગાવીને ખાતો. ભીમસેને જઈને આ બક રાક્ષસને માર્યો. રાક્ષસની વિનંતીથી આ ગામનું નામ બકરાણા પાડ્યું.

બીજો પ્રશ્ન કર્યો : "આ ગામમાં કોઈ અંગ્રેજી ભણેલો માણસ ન હોવો જોઈએ."

ત્યારે મેં કીધું કે ભઈલા ! આ દરબારી ગામ છે. આંય તો ગુજરાતી ભણેલાનોય ટુટો (તોટો) છે ! ઈમાં અંગ્રેજીવાળાને ક્યાં ગોતવો ?

ત્રીજો પ્રશ્ન કર્યો : "ગામમાં કોઈ ખાદી નથી પહેરતું ને ?"

મેં કીધું કે તાલુકદારી ગામમાં ખાદીધારી ટકતા હશે ! ગામમાં ખાદીધારી ખોળ્યાય નો જડે.

ચોથો પ્રશ્ન કર્યો : "ચારણો ને બારોટોની બિરદાવળી સાંભળીને શૂરાતન ચડે એવા રાજપૂતો ગામમાં રહે છે ખરા ?"

ત્યારે મારાથી ન રહેવાયું. મેં કીધું કે એવા તો ઘરોઘર છે. ચારણોને બોલાવીને બિરદાવળી લલકારો તો દરમાંથી જ્યમ ઉંદરડા નીકળે ઈમ સબોસબ હાથમાં હથિયારપતિયાર લઈને હડી કાઢે !

પાંચમા પ્રશ્નનો પાસો નાખતાં અમેરિકનો બોલ્યા : "ઇતિહાસમાં લખ્યું છે કે રજપૂતો યુદ્ધમાં જતાં ત્યારે માથાં પડતાં ને ધડ લડતાં. એવા રજપૂતો ગામમાં જોવા મળે ?"

ત્યારે મારો જવાબ હતો કે એક શું લેવા ? અઢાર નીકળે !

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



બરકો (બોલાવો) અમારા ભોજિયા ભંગીને. ઈ ઢોલ માથે 'રણીબામ્ ! રણીબામ્ !' બૂંગિયો જાવા દે. પછી અમે એકાદ જુવાનડાનું માથું હેઠું પાડી બતાવી. પછી નજરે નિહાળો કે ધડ લડે છે કે નહીં ?

**અમેરિકનોને આશ્ચર્યની અવધિ ન રહી :**

આ સાંભળીને એમને સંતોષ થયો. એ બંને દંપતી ત્યાં રોકાઈ પડ્યા. અમે એમનું નામ બોબભાઈ અને ગીતાબેન પાડ્યું. એક વર્ષની મહેમાનગતિ અને આતિથ્ય માણીને બંને કુટુમ્બો અમેરિકા ગયા. ત્યાં જઈને પ્રથમ કાર્ય એમણે મારા વિશે લેખ લખવાનું કર્યું. સો આંકડાની રકમને બીજા સો આંકડાથી ગુણવાની સિદ્ધિ ત્યાંને માટે ભારે નવાઈ ભરેલી હતી. એ લોકો કહે : ''આવી શક્તિ અગાઉ યુરોપના પાદરીઓ પાસે હતી. આજે કોઈની પાસે નથી.'' અમેરિકનોને આ વાત ઝટ ગળે ઊતરી નહિ. તેમણે મારી પરીક્ષા કરવા સો આંકડાની રકમ લખીને પોરબંદર મહારાણાને મોકલી. મહારાણાએ મને તેડાવીને પરીક્ષા કરવાનું નક્કી કરી સાત જણની કમિટિ નીમી. ચાર દિવસે તૈયાર થઈને જવાબ આપ્યો. ત્યારે મહારાણી સાહેબે સવાલ કર્યો કે ૮૧મી આડી લાઈનનો ૩૧મો આંકડો કયો ? એમ કહીને આંકડા માથે આંગળી દબાવી.

સાંત્યવારમાં (તરત જ) જવાબ શોધીને મેં કીધું કે સાતડો છે.

મહારાણી કહે : ''બરાબર નથી. ફરી જુઓ.''

''સાતડો જ છે.''

''ના, હજી ફરી જુઓ.''

ત્યારે મેં કીધું કે કાં તો તમે લાઈન ભૂલ્યા છો અથવા આંકડો ભૂલ્યા છો. હવે મારે ફરી નથી જોવું. ઈ સાતડો જ સાચો છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



ત્યારે મહારાણી ખડખડાટ હસી પડ્યા. આંગળી નીચે સાતડો જ છુપાયેલો હતો.

**આલમની એક વધુ અજાયબી જાહેર થયા :**

પરીક્ષાનો જવાબ અમેરિકા મોકલાયો. એ પછી શ્રીરીપ્લે નામના ઉત્સાહી લેખકે ''બિલીવ ઇટ ઓર નોટ'' (માનો યા ન માનો) નામની પુસ્તિકા લખીને પ્રગટ કરી. એના મુખપૃષ્ઠ પર મારો ફોટો પ્રગટ થયો. એમાં પાઘડીમાંથી આંકડાનો ફુવારો ઊડે છે. બાજુમાં લખ્યું છે - ''આંકડાના મશીન જેવું મગજ.'' એ પછી આલમની એક વધુ અજાયબી તરીકે મને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી ગઈ. એના રામઢોલ થોડા જ વગાડવાના હોય !

કેટલાક મિત્રોએ સૂચન કર્યું કે તમે અમેરિકા જઈને પ્રયોગો કરો તો ડોલરનો ઢગલો થઈ જાય. ત્યારે મેં બે હાથ જોડીને કહ્યું : ધ્યાન એ બતાવવાનો તાસીરો થોડો જ છે ? ઈના કંઈ રામઢોલ વગાડવાના નો હોય. આ તો ઈશ્વરને મેળવવાનો એક માર્ગ છે. ઈનાં પ્રદર્શન રૂડાં નો લાગે ! એમ કરવાથી તો ભારતીય સંસ્કૃતિને લાંછન લાગે ! અમે રાજપૂતો અજાચક કહેવાઈએ.

એ વખતે શેઠ નાનજી કાલિદાસ 'રાજરત્ન' કહેવાતા. એમણે ગુરુકુળમાં કાર્યક્રમ આપવા માટે રવુભાને બોલાવ્યા. કાર્યક્રમને અંતે શેઠે સુવર્ણચંદ્રક અને રૂપિયા ૨૫ હજારનો ચેક સન્માનપૂર્વક અર્પણ કર્યો ત્યારે બે હાથ જોડીને વિવેકપૂર્વક શ્રીરવુભાભાઈ બોલ્યા : ''મારો અવિનય માફ કરજો. હું રાજપૂત છું. રાજપૂત કદી હાથ નીચે હાથ ધરે નહિ. અમારી કુળની પરંપરા છે. મારાથી એ નહિ લેવાય.''

''અરે બાપુ ! મારો હાથ કદી કોઈએ ઠેલ્યો નથી. તમને નો ખપે તો તમે એનો સદ્ઉપયોગ કરી નાખજો.''

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



''શેઠ ! મારા કરતાં તમે સદ્‌ઉપયોગ કોને કહેવાય તે સારી રીતે જાણો છો. તમારે હાથે જ એ થાય તો મારો રામ રાજી રહેશે.'' છેવટે એ રકમ રવુભાના નામે સંસ્થામાં જમા લઈ એમાંથી ગણિતમાં પ્રથમ આવનાર રાજપૂત બાળાને ઈનામ આપવાની યોજના સાકાર થઈ. સુવર્ણચંદ્રક પણ તેજસ્વી રાજપૂત બાળાને પ્રોત્સાહનરૂપે અપાયો. આ પરંપરા આજેય ચાલુ છે.

**જરિયાન પોષાક મને નો જોઈએ :**

રવુભા પોરબંદરમાં જ હતા એ વખતનો બીજો પ્રસંગ છે. રાજકવિ રામદાનજીભાઈએ આવીને રવુભાને વાત કરી કે તમારા પર ખુશ થયેલા મહારાણાએ આજ ખૂબ મહેનત કરીને સ્વહસ્તે જરિયાન પોષાક શોધી કાઢ્યો છે.

ત્યારે રવુભા કહે : ''ભૂંડી કરી. હું અજાચક છું. કદી કોઈની આગળ હાથ લાંબો ન કરી શકું. મહારાણાનો હાથ મારાથી પાછો નહિ ઠેલાય. એટલે મહેરબાની કરીને એમને વિનવો કે મને આવું કંઈ આપે નહિ.'' એમ કહી બાંપુએ બકરાણાના મારગે ખબકાવી મૂક્યા.

**તો તમારું કૉમ્પ્યુટર ન કરે તેવું કરી બતાવું :**

બકરાણામાં રહીને અમેરિકા ગયેલા બંને દંપતી ૨૦ વર્ષે વળી પાછા લોકસંસ્કૃતિમાં થયેલું પરિવર્તન નિહાળવા બકરાણા આવ્યા ત્યારે એમણે વાત કરી કે તમારા અંગે અમેરિકામાં લોકોને જાણ થઈ છે પણ તમે જે રકમના ગુણાકાર કરો છો એ તો હવે કૉમ્પ્યુટર જેવાં મશીનો સહજ રીતે ક્ષણવારમાં કરી દે છે. આથી તમારી સિદ્ધિઓ ત્યાં બહુ પ્રચારમાં આવી શકી નહિ. તમારી જોઈએ એવી પ્રશંસા થઈ નહિ.

આ સાંભળીને બાપુ બોલ્યા : ''પ્રશંસાની મને કોઈ પરવા નથી. નામ કમાવા કે આબરૂ વધારવા હું આ નથી કરતો. આ તો મનની શાંતિ માટે છે. પણ જો મશીન વડે તમે માનવની સિદ્ધિને પડકારવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



જ માંગતા હો તો તમારું કૉમ્પ્યુટર જે ન કરી શકે તે કરી બતાવવા હું તૈયાર છું.''

**ધ્યાન ચતુર્ઘાત ગણિત શોધ્યું :**

આ વાત વર્ષો લગી રવુભાના મનમાં રમવા લાગી. ચાર ગુજરાતી ભણેલા ભગતે કૉમ્પ્યુટરને જોયું જ નહોતું. અરે ! એનું પૂરું નામ બોલતાં પણ મુશ્કેલી પડતી. વિચારનું ઘમસાણ ચાલતું જ રહ્યું. એ પછી રવુભાએ ''ધ્યાન ચતુર્ઘાત'' નામનું ગણિત તૈયાર કર્યું. એના ૧૬૦૦ દાખલા તૈયાર કર્યા. આ ગણિતની પદ્ધતિ એવી છે કે કોઈ પણ ૨૦ આંકડાની રકમ લઈ એને બીજી ૨૦ આંકડાની રકમથી ગુણો. આથી વર્ગ આવે. આ વર્ગમાં ૪૦ આંકડાનો જવાબ આવે. એને બીજા ચાલીસ આંકડાથી ગુણો પછી જે જવાબ આવે તેને ચતુર્ઘાત કહે છે. ચતુર્ઘાત જવાબ ૮૦ આંકડામાં આવે. આ જવાબનો પ્રથમ અને છેલ્લો આંકડો તમે બોલો. એ સાંભળીને રવુભા ધ્યાનમાં બેસી જાય. થોડીવારમાં બાકીના ૭૮ આંકડા શોધી આપે. મૂળ ૪૦ આંકડા અને તેનો વર્ગ પણ કહી દે. ઊભી-આડી લાઈનોના કોઈ પણ આંકડા કહી દે. આ કામ કૉમ્પ્યુટર આજે પણ કરી શકતું નથી. ગુજરાતના ખેડૂત પુત્રની આ સિદ્ધિ કાંઈ ઓછું ગૌરવ લેવા જેવી નથી. છતાં કમનસીબી એ છે કે અમેરિકા જેને ઓળખે છે તેને ગુજરાત જ ઓળખતું નથી.

**બ્રહ્મચર્યનો પ્રતાપ :**

શ્રીરવુભાભાઈએ આ સિદ્ધિ મેળવ્યા પછી એમને થયું કે મારું ગણિત મૌલિક છે, કેમ ? એ બતાવવા સને ૧૯૪૬માં ગણિતશાસ્ત્રીઓની હાજરીમાં પ્રેમાભાઈ હૉલમાં કાર્યક્રમ રાખ્યો. એ વખતે સાક્ષરવર્ય શ્રીરામનારાયણ પાઠક અને હીરાબેન પાઠક હાજર હતા. સફળતાપૂર્વક 'મૂક ધ્યાન' અને 'ચતુર્ઘાત ગણિત'ના દાખલા ગણી બતાવ્યા પછી રવુભાની સિદ્ધિથી પ્રભાવિત થયેલા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



રામનારાયણભાઈ પાઠક પૂછી બેઠા : ''બાપુ ! બીજું તો ઠીક પણ આ સિદ્ધિ તમે કેવી રીતે મેળવી ? આની પાછળ કઈ શક્તિ કામ કરે છે ?''

ત્યારે બાપુ ઠાવકાઈથી બોલ્યા : ''એની પાછળ સાધના અને બ્રહ્મચર્યની શક્તિ કામ કરે છે. બ્રહ્મચર્યની ૧૬ કળા છે. એ મેળવે તે પૂર્ણ પુરુષોત્તમ કહેવાય છે.''

આ સાંભળીને સૌ રામનારાયણભાઈ સામે જોઈને ખડખડાટ હસી પડ્યા. (કારણ કે રામનારાયણભાઈ પાઠકે તેમની શિષ્યા હીરાબહેન સાથે જ, તાજા જ લગ્ન કર્યા હતા.)

**એ સાધક ફરી દેખાયા જ નહિ :**

સને ૧૯૫૬માં વિનોબાજી ગુજરાતની મુલાકાતે આવ્યા તે પ્રસંગે પૂજ્ય રવિશંકરદાદાએ રવુભાની મુલાકાત વિનોબાજી સાથે ગોઠવી. એમની સિદ્ધિથી પ્રભાવિત થયેલા વિનોબાજી બોલ્યા : ''તમારી સિદ્ધિ અવર્ણનીય છે પણ આ વિદ્યા–સાધના કેટલાને શીખવી ?''

ત્યારે બાપુ બોલ્યા : ''આ ધ્યાન ને સાધનાનો વિષય છે. સાધકો ક્યાં મળે છે ?''

વિનોબાજી કહે : ''મારી પાસે એક કાર્યકર છે. ધીર, ગંભીર અને ઠરેલ છે. એમને સાધનામાં રસ છે. તમે એમને તૈયાર ન કરો ?''

રવુભા : ''જરૂર કરું.''

એ પછી સાધક થવા આવેલા ભાઈને રવુભાએ ચિત્તશાંતિના પગથિયાં બતાવ્યાં. રોજ રાત્રે બે થી ચારમાં ધ્યાનમાં બેસવાની રીત બતાવી અને દિવ્ય પ્રકાશ દેખાય ત્યારે આવવા કહ્યું; પણ પેલા સાધક ગયા તે ગયા, ફરી દેખાયા જ નથી. સીધા મારગે સૌ ચાલ્યા જાય. કપરાં ચડાણ કોણ ચડે ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



**ધ્યાન મુશ્કેલીમાંથી માર્ગ બતાવે છે :**

'ગુજરાત લોકકલા કેન્દ્ર'ના ઉપક્રમે અમે જ્યારે કાર્યક્રમ ગોઠવ્યો ત્યારે રવુભાભાઈએ વિદ્વાન સાધકની અદાથી સાધના અને ધ્યાન ઉપર મનનીય પ્રવચન આપ્યું. હાથમાં કેલક્યુલેટર મશીન લઈને બેઠેલા એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજના ગણિતના ભૂતપૂર્વ પ્રૉફેસર પી. એન. વર્ટીકરે આપેલા દાખલા ચાર ગુજરાતી ભણેલા રવુભાએ ઉકેલી આપ્યા ત્યારે અમારા આશ્ચર્યની કોઈ સીમા ન રહી !

મેં પ્રશ્ન કર્યો કે બાપુ ! ધ્યાન ધરનારા કેમ મૂંઝાઈ જાય છે ?

ત્યારે બાપુ બોલ્યા : "ધ્યાન ધરનારામાં ધીરજ નથી રહેતી, બાકી ધ્યાન તો તમને મુશ્કેલીમાંથી માર્ગ બતાવે છે. તમે જ્યારે પારાવાર કૌટુમ્બિક, નોકરી-ધંધાની કે અન્ય મુશ્કેલી અનુભવો અને કોઈ માર્ગ ન દેખાય ત્યારે કાનની વચ્ચે આગળના ભાગે આંગળી મૂકીને બેસો. પાંચ-દસ મિનિટમાં તમારી ચેતનાનાડી તમને મૂંઝવણમાંથી માર્ગ સૂચવશે."

મેં કહ્યું : બાપુ, નાડી તો બંને કાન આગળ હોય, એમાં ડાબો કાન લેવાનો કે જમણો ?

બાપુ : "તમે ગમે તે કાન આગળ આંગળી મૂકીને અનુભવ કરી શકો છો."

મેં ઉમેર્યું : હેં બાપુ ! કોઈ બેવડી મુશ્કેલીમાં હોય ને બેય કાન આગળ બે હાથની આંગળીઓ મૂકે તો ?

બાપુ હસતાં હસતાં કહે - "તો બેવડી ઝડપે જલ્દી જવાબ મળે. તમારે શહેરવાળાને બધું જલ્દી જોવી (જોઈએ). ખાવાનું જલ્દી, નોકરીએ જવાનું જલ્દી, પછી જીવનમાં શાંતિ કેવી રીતે આવે ? એ શાંતિ માટે તો ધ્યાન અને સાધના કરવાની છે. એના વડે અનેક રોગોને પણ દૂર કરી શકાય છે."

સને ૧૯૭૮માં રવુભાભાઈએ અમદાવાદમાં એચ. કે. હૉલમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



છેલ્લો જાહેર કાર્યક્રમ આપ્યો ત્યારે ગુજરાતના દૈનિકોએ એમના વિષે સારી નોંધ લીધી. ગુજરાત સરકારના માહિતી ખાતાએ ન્યૂઝરીલમાં પણ રવુભાની સિદ્ધિ ઉતારી છે. શ્રીબાબુભાઈ વ્યાસે ''આંકડાનો જાદૂગર'' નામે પુસ્તિકા પણ પ્રગટ કરી છે.

૭૬ વર્ષની જૈફ વયે પહોંચેલા આંકડાના આ જાદૂગર બકરાણામાં પોતાની નાનકડી ખેતીવાડી સંભાળે છે ને પ્રભુપરાયણ જીવન જીવે છે. ગુજરાતના નાનકડા ગામડામાં બેઠેલા તીર્થસમા આ સાધકનાં દર્શન કરીએ તો પણ ધન્ય થઈ જવાય એવી એમની ઉદારતા અને નમ્રતા છે. આપણે સદ્ભાગી છીએ કે આપણી વચ્ચે આ વિરલ વિભૂતિ વસે છે.

[''નૂતન ગુજરાત'' -.દૈનિક, ૩૧ ઑગષ્ટ, ૧૯૮૦. (કોલમ) – 'ભાતીગળ લોકજીવન'. (લેખક : શ્રીજોરાવરસિંહ જાદવ) લેખકશ્રીના સૌજન્યથી.] – સાભાર.

❖ ❖ ❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેટલાક મિત્રોએ સૂચન કર્યું કે તમે અમેરિકા જઈને પ્રયોગો કરો તો ડોલરનો ઢગલો થઈ જાય. ત્યારે મેં બે હાથ જોડીને કહ્યું : ધ્યાન એ બતાવવાનો તાસીરો થોડો જ છે ? ઈનાં કંઈ રામઢોલ વગાડવાનાં નો હોય ! આ તો ઈશ્વરને મેળવવાનો એક માર્ગ છે. ઈનાં પ્રદર્શન રૂડાં નો લાગે ! એમ કરવાથી તો ભારતીય સંસ્કૃતિને લાંછન લાગે.

— શ્રીરવુભાબાપુ

Dr. Urmila Sharma Collection, Varanasi